




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. વ્યક્તિ નિર્માણની આધ્યાત્મિક પદ્ધતિ | ૧ | ૭. સંસ્કાર પરિશિષ્ટ | ૨૦ |
| ૨. ગુરુદેવના વિચારોનો ચમત્કાર | ૨ | ૮. આપણા પ્રેરણાદાયી સંસ્કારોની પરંપરા | ૨૧ |
| ૩. સદ્‌ગુરુનો મહિમા અનંત | ૪ | ૯. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ભગવાનની કૃપા કઈ શરતોએ મળે છે | ૩૮ |
| ૪. યજ્ઞોમાં શ્રેષ્ઠતમ-જ્ઞાનયજ્ઞ | ૭ | ૧૦. આત્મીય અનુરોધં | ૪૫ |
| ૫. ચેતનાની શિખર યાત્રા | ૧૧ | | |
| ૬. હવે વાતો નહિ કામ કરીએ | ૧૫ | | |


# દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો શુભારંભ

*હવે અમારા પોતાના ગાયત્રી પરિવારના સ્વામીત્વવાળી દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ ગઈ. આ દરેક ગાયત્રી પરિજનનું છે, દરેક ભાવનાશીલનું છે, જેને સાંસ્કૃતિક મૂલ્યોના આધારે એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્યના, તે પણ શીઘ્ર જ એક દશકના આગમનમાં જરા પણ સંદેહ નથી. સ્વદેશી, સ્વાવલંબન, સુસંસ્કારિતા પર આધારિત આ તંત્ર નિશ્ચિત તેના સંસ્થાપક સૂક્ષ્મ કારણ રૂપમાં હંમેશા પ્રેરણા-માર્ગદર્શન પ્રદાન કરનાર અમારા પૂ. ગુરૂદેવ પં૦ શ્રીરામ શર્મા આચાર્યજીના સ્વપ્નોને સાકાર કરી શકશે.*

*ઉદ્દેશ્ય ગુરુસત્તા સમક્ષ સ્પષ્ટ હતો. તેઓ ઈચ્છતા હતા કે જીવન જીવવાની કળા અને સમાજના સમગ્ર પુનરુત્થાનની પ્રક્રિયા આ પ્રશિક્ષણની આધાર શિલા બને. તેના માટે શરૂઆત તેમણે 'યુગ નિર્માણ વિદ્યાલય' રૂપે ગાયત્રી તપોભૂમિમાં ૧૯૬૭માં કરી હતી.*

*દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો મૂળભૂત આધાર કેટલો સશક્ત છે તથા તે ૧૯૨૬માં પ્રજ્વલિત અખંડ દીપકની ઊર્જાથી જ તપીને બનેલ છે, એને સ્પષ્ટ જોઈ અને સમજી શકાય છે. વિધિવત ઘોષિત આ તંત્ર ભલે હવે આ વર્ષે સામે આવ્યું હોય. દોઢસો કરોડ રૂપિયાનાં આ તંત્રનો શુભારંભ પૂજ્યવરના તે આશ્વાસનના આધારે કરવામાં આવ્યો છે, જેમાં તેમણે કહ્યું છે કે શ્રેષ્ઠ કાર્યોની પ્રામાણિકતા જોઈ સ્વયં દેવતા વ્યક્તિની અંદર અવતરિત થઈ જાય છે.*

*વધુ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક કરો.*

## સંપર્ક-સૂત્ર


**કુલપતિ**
દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય
ગાયત્રીકુંજ ( હરિપુર કલાં )
જિ.-દેહરાદૂન ( ઉત્તરાંચલ )

**પ્રમુખ**
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
શાંતિકુંજ, હરિદ્વાર
( ઉત્તરાંચલ )

*Phone : 0133 - 460602, 460309, 461485*
*Fax : 0133 - 460866, Email : Shail @ de12. vsnl. net. In*
*Internet : www. gayatripariwar. org*




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૫
પ્રકાશન તિથિ ૨૫-૪-૨૦૦૨
મે - ૨૦૦૨
એક અંક : રૂા. ૫-૦૦

## વ્યક્તિનિર્માણની આધ્યાત્મિક પદ્ધતિ

આયુર્વેદિક રસાયન બનાવતી વખતે ઔષધિઓ પર કેટલાય સંસ્કાર પાડવામાં આવે છે. કેટલીય વાર કેટલાય પ્રકારના રસોમાં તેમને ઘૂંટવામાં આવે છે અને કેટલીય વાર તેમને (ગજપુટ દ્વારા) અગ્નિમાં બાળવામાં - તપાવવામાં આવે છે, ત્યારે તે રસાયન યોગ્ય રીતે તૈયાર થાય છે અને સામાન્ય સીસું, જસત, તાંબુ, લોખંડ અને અભ્રક જેવી ઓછા મહત્ત્વની ધાતુ ચમત્કારિક શક્તિયુક્ત બની જાય છે. એવી જ રીતે ભારતીય તત્ત્વવેત્તાઓએ મનુષ્યને પણ સમયે સમયે વિભિન્ન આધ્યાત્મિક ઉપચારો દ્વારા સુસંસ્કારી બનાવવાની મહત્ત્વપૂર્ણ પદ્ધતિ વિકસાવી હતી. દેશવાસીઓએ હજારો વર્ષોથી તેનો પરિપૂર્ણ લાભ ઉઠાવ્યો છે. સામાન્ય રીતે કોઈ વ્યક્તિને સુસંસ્કારી બનાવવા માટે શિક્ષણ, સત્સંગ, વાતાવરણ, પરિસ્થિતિ, સૂઝ વગેરે અનેક બાબતોની જરૂર હોય છે. સામાન્ય રીતે આવા જ માધ્યમોથી લોકોની મનોભૂમિ વિકસિત થાય છે. આ સિવાય ભારતીય તત્ત્વદર્શીઓએ મનુષ્યની અંતઃભૂમિને શ્રેષ્ઠતાની દિશામાં વિકસિત કરવા માટે કેટલાક એવા સૂક્ષ્મ ઉપચારોની પણ શોધ કરી છે, જેનો પ્રભાવ શરીર તથા મન પર જ નહિ, સૂક્ષ્મ અંતઃકરણ પર પણ પડે છે અને તેના પ્રભાવથી મનુષ્યને ગુણ, કર્મ તથા સ્વભાવની દૃષ્ટિએ સમુન્નત સ્તરે ઊંચે ઉઠવામાં મદદ મળે છે. આ આધ્યાત્મિક ઉપચારનું નામ 'સંસ્કાર' છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવના વિચારોનો ચમત્કાર

હું ઉત્કૃષ્ટ જીવન જીવવા માગતો હતો, પરંતુ અમને હંમેશાં ઈન્દ્રિયવિકાર સતાવતા રહેતા હતા. ખાસ કરીને કામવાસનાના ભાવ અને વિચારો હંમેશાં મન અને મગજ પર છવાયેલા રહેતા હતા. અમે વિચાર્યું કે ખરાબ લોકોની સંગતને કારણે આવું થયું છે, કેમ કે જીવન પર સંગતનો ઘણો પ્રભાવ પડે છે. અમે સારા લોકોની સોબત કરવાનું શરૂ કરી દીધું, પરંતુ અમે જોયું કે મનમાં જેવી સ્થાપના હોય છે તેનો પ્રભાવ સંગત કરતા અનેકગણો પડે છે. કોઈ વિદ્વાન લોકોની સાથે રહે, પરંતુ જો તેના મનમાં વેશ્યાઓની છવિ, ભાવભંગિમા, કુચેષ્ટાઓ નાચતી રહે અને વિકારપૂર્ણ અંગોની ચેષ્ટાઓનું ચિંતન કરતો રહે તો ચોક્કસપણે જેટલો પ્રભાવ એ માનસિક કામવિકારોનો થશે તેટલો વિદ્વાનોની સંગતનો નહિ થાય. મનમાં જે ભાવદશ્યો તથા આદર્શ હરઘડી છવાયેલા રહે છે અને જે તરફ આંતરિક ઈચ્છા, અભિલાષા તથા અભિરૂચિનો ઝોક રહે છે તે તરફ મગજની બધી શક્તિઓ ઝુકી જાય છે. પરિણામે તેનું જીવન ઝડપથી તે જ માર્ગે ચાલવા લાગે છે. માનસિક ચિંતનના આધારે મનુષ્યના ગુણ, કર્મ અને સ્વભાવ બને છે. તે અનુસાર તે પોતાને અનુકૂળ વાતાવરણમાં પહોંચી જાય છે. તેવી જ પરિસ્થિતિઓ તેની સામે ઉપસ્થિત થાય છે. જે પ્રભાવ બાહ્ય સંગતને કારણે લાંબા સમયે પડે છે તે માનસિક સંગતને કારણે અલ્પકાળમાં જ ઉપસ્થિત થવા લાગે છે.

વિદ્વાનોની સોબતથી પણ મારા મનને સંતોષ ન થયો, કારણ કે તેમની કથની અને કરણીમાં એકરૂપતા ઓછી જ જોવા મળી. અમે જોયું કે બહારથી નૈતિકતા પર ભાર મૂકનારાઓ, લખનારાઓ-બોલનારાઓ અને ધાર્મિક બનતા લોકો પણ કામુકતા-કુવિચારોથી ઘેરાયેલા રહે છે. ઉંમરલાયક નારીઓ પ્રત્યે તેમની દષ્ટિ દૂષિત અને ભાવના કલુષિત રહે છે. ચારે તરફ વાસના, વિલાસિતા અને ભોગવાદનો આતંક ફેલાયેલા આજના દૂષિત વાતાવરણમાં તેના પ્રભાવથી બચવા માટે પ્રયત્ન કરનારાઓનું પણ પતન થાય છે. કેટલાય લોકો, જેમણે આ દિશામાં થોડીઘણી પ્રગતિ કરી છે એમ અમે માનતા હતા તેમને પૂછ્યું તો જણાવ્યું કે આજકાલ આવા પતનના રસ્તામાંથી પાછા વળવું અશક્ય છે. આ બધું જોઈ સમજીને સન્માર્ગે વધવાની મારી ઈચ્છા કમજોર થતી ગઈ. મને ભારે નિરાશા થવા લાગી. હું પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય હંમેશાં વાંચતો હતો. ગુરુદેવ હંમેશાં 'માતૃવત્ પરદારેષુ'ની વાત લખતા અને કહેતા હતા. મેં વિચાર્યું કે પૂજ્ય ગુરુદેવના વિચારો જ સાચું માર્ગદર્શન આપી શકે છે. હું અખંડ જ્યોતિ સંસ્થાનમાં આવ્યો. આ ઘટના ૧૯૫૧ની છે. ગુરુદેવને મારી સમસ્યા કહી. તેમણે કહ્યું, ગાયત્રી ઉપાસના દ્વારા ચોક્કસપણે માતૃભાવનો વિકાસ થાય છે અને આ માર્ગ સ્વીકારીને કોઈ પણ વ્યક્તિ પોતાના દષ્ટિકોણને પવિત્ર કરી શકે છે. ગુરુદેવના વિચારોને મેં ગંભીરતાથી સમજી લીધા. પૂજ્ય ગુરુદેવે સ્પષ્ટ કર્યું કે નારી શાશ્વત માતા છે. નર શાશ્વત શિશુ છે. નરનારીના અન્ય સંબંધો તો લૌકિક પ્રયોજનોને ઉત્કૃષ્ટ રીતે પૂર્ણ કરવા માટે છે. અન્યથા નારી સદૈવ માતૃરૂપે નર માટે પૂજ્ય છે. નર સદૈવ નારીનો પવિત્ર પ્રેમ પામવાનો હકદાર છે. અમે કહ્યું ગુરુદેવ ! નારી પ્રત્યેની પ્રેમની ભાવના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નરને તેનાથી બાંધી રાખે છે. તે નારીને રમણી પત્ની ન માને તો પણ તેનો પ્રેમ મેળવવા માટે પ્રેમિકા અને મિત્ર જેવો સંબંધ રાખવા ઈચ્છે છે. પૂજય ગુરુદેવે કહ્યું, આ પણ મનનો એક દૂષિત પ્રપંચ છે. પોતાની પત્ની સિવાય દરેક નારી માતા છે, બહેન છે, પુત્રી છે, દેવી છે, બ્રહ્મવાદિની છે, ઋષિકા છે. પોતાની પત્ની પણ દાંપત્ય વિશેના સંબંધ સુધી ઘનિષ્ઠ સહયોગી છે, પરંતુ તે સિવાય તે પણ માતૃતુલ્ય છે. નરના હૃદયમાં સન્માન કરવાની જેટલી વધારે અને ઉત્કૃષ્ટ ભાવના હોય, નારી પ્રત્યે તેની અભિવ્યક્તિ દિવ્ય આસ્થાના રૂપમાં ચરિતાર્થ કરવા માટે જ ગાયત્રી માતાની સુંદર પ્રતિમાની પૂજા કરવામાં આવે છે, તેનો આશય એ જ છે કે ઉત્તમતા ઈચ્છનારે અને માનનારે, ભગવાનની પૂજા કરનારે નારીમાં, ગાયત્રીમાં ભગવાન જોવાં જોઈએ.

અમે પૂજય ગુરુદેવના વિચારોને ધારણ કરવા માટે રોજ અભ્યાસ શરૂ કર્યો. સફળતા મળવાની શરૂઆત થઈ. નારી જાતિ પ્રત્યે અમારી ભાવના શ્રદ્ધામય તથા પવિત્ર રહેવા લાગી. નારીની સુંદર છવિ ગાયત્રી માતાની સુંદર સજીવ પ્રતિમા ભાસવા લાગી. આકર્ષણની ભાવનાને સ્થાને માતૃભાવના સ્થાયી થવા લાગી. પૂજય ગુરુદેવના વિચારોને આચરણમાં લાવવાનો ચમત્કાર થયો કે કુદૃષ્ટિનું સંતોષકારક શમન થઈ ગયું. નારીમાત્ર પ્રત્યે બહેન, દીકરી, માતાની દૃષ્ટિ રહેવા લાગી. બહેનોને પણ અમારી વિનંતી છે કે તેઓ નર પ્રત્યે પવિત્ર સ્નેહભાવ રાખે, તેમનું જીવન પણ બધી રીતે પવિત્ર, નિષ્કલંક તથા દિવ્ય રહેશે. એમનામાં ભગવાનની જે દિવ્ય વિશેષતાઓ સમાયેલી છે, તેની ઉત્કૃષ્ટ રૂપે અભિવ્યક્તિ થઈ શકશે. પરિજનોને અમારો વિશેષ આગ્રહ છે કે તેઓ ગુરુદેવના વિચારોને અપનાવે, તેમને પણ અમારી જેમ જ તેનું દિવ્ય પરિણામ અવશ્ય પ્રાપ્ત થશે.

**''બેટા લે મીઠાઈના બે ટુકડા. મોટો ટુકડો તું ખાજે અને નાનો તારા ભાઈબંધને આપજે.'' ''સારું મા'' એમ કહીને એ બાળક બંને ટુકડા લઈને મિત્ર પાસે પહોંચ્યો. મિત્રને મોટો ટુકડો આપીને પોતે નાનો ટુકડો ખાવા લાગ્યો. મા બારીમાંથી બધું જોઈ રહી હતી. એણે બૂમ મારીને બાળકને બોલાવ્યો અને કહ્યું, ''મેં તને કહ્યું હતું કે મોટો ટુકડો તું ખાજે અને નાનો તારા મિત્રને આપજે, છતાંય તેં એને મોટો ટુકડો કેમ આપી દીધો ?'' તે બાળક સહજભાવે બોલ્યો-''મા, બીજાઓને વધારે આપીને પોતે ઓછામાં ઓછું લેવામાં મને આનંદ આવે છે. આ બાળક હતો બાળ ગંગાધર ટિળક. માતા ગંભીર બની ગઈ. તે બાળકની ઉદારતા વિશે ઘણીવાર સુધી વિચાર કરતી રહી.**

**ખરેખર આ જ માનવીય આદર્શ છે અને એમાં જ વિશ્વશાંતિની તથા એકતાની સંભાવનાઓ સમાયેલી છે. માણસ પોતે ઓછું લઈને બીજાને વધારે આપવાનો પ્રયત્ન કરે તો બધા સંઘર્ષો ટળી જાય અને સ્નેહ સૌજન્યની સ્વર્ગીય પરિસ્થિતિ સ્વાભાવિક રીતે જ સર્જાઈ શકે**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભવિષ્ય વિજ્ઞાન

# સદ્‌ગુરુનો મહિમા અનંત

શિયાળાની ઠંડી હવા બપોરના તાપમાં ભળીને થોડી હૂંફાળી થઈ ગઈ હતી. એ હવાનો સ્પર્શ ખૂબ સુખદ લાગી રહ્યો હતો. તે દિવસે તાપનો સ્પર્શ ખૂબ નરમ, મુલાયમ અને મખમલી લાગી રહ્યો હતો. પરમપૂજ્ય ગુરુદેવ તેમના ઉપરના ઓરડાની બાજુના આંગણામાં આટા મારી રહ્યા હતા. આ આંગણાની વચોવચ તેમનો ખાટલો બિછાવેલો હતો. આ ખાટલાનો એક ભાગ તડકામાં હતો તો અમુક ભાગ છાંયડામાં. આંગણાના બીજા ખૂણે ટાટનો ટુકડો બિછાવેલો હતો અને તેના પર બે નાના બાજઠ મૂકેલા હતા અને તેના પર કેટલાક કાગળ અને પુસ્તકો વિખરાયેલાં હતાં. બે જણ ત્યાં બેસીને કંઈક લખવા-વાંચવાનું કાર્ય કરી રહ્યા હતા. કદાચ કોઈ નવાં પુસ્તકોના પ્રકાશનની તૈયારી ચાલી રહી હતી.

ટહેલતા ટહેલતા ગુરુદેવ આ કામ કરી રહેલા લોકોને વચ્ચે વચ્ચે કોઈ નિર્દેશ આપી દેતા. તેમની ભાવમુદ્રામાં એક ઉતાવળ હતી, તીવ્રતા હતી. કદાચ તેઓ ઈચ્છતા હતા કે જે દૈવી વિચારોનો પ્રવાહ તેમની અંતર્ચેતનામાં અવિરત ભાવે અવતીર્ણ થાય છે, તે જેમ બને તેમ જલદી વધુ ને વધુ લોકો સુધી પહોંચવા લાગે અને પહોંચતા રહે. તેઓ પોતાના વિચારોને તીવ્રતમ વેગ આપવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. આ વિચારચક્ર પ્રવર્તનને તીવ્રથી તીવ્રતર તથા તીવ્રતમ બનાવવા માટે જ તેઓ સતત પ્રયત્નમગ્ન રહેતા હતા. નવા લોકોને લેખનનું પ્રશિક્ષણ, સંપાદનની વ્યવસ્થા અને સ્વયં નિત્ય, વણથંભ્યું અને અવિરત લેખન ચાલતું હતું. જોકે આ બધાની વચ્ચે તેમનું દિવ્ય સ્મિત, મુક્ત હાસ્ય સમગ્ર વાતાવરણમાં અમૃત પ્રસરાવતું રહેતું અને કામ કરનારાઓનો થાક દૂર થતો હતો.

તે દિવસે ગુરુદેવ ટહેલતા ટહેલતા થોડી ક્ષણો માટે થોભ્યા અને પછી ખાટલા પર જઈને બેઠા. હવે તેમના હાથમાં સમાચારપત્ર હતું, જેને તેઓ ઉથલાવતા રહ્યા. આમ કરતાં તેમની ભાવમુદ્રામાં થોડુંક પરિવર્તન થયું. તેમનો ગૌરવર્ણો ચહેરો તાપના કારણે થોડો લાલ થઈ રહ્યો હતો. તેમની ગંભીર ભાવમુદ્રા આ લાલાશને લીધે વધુ તેજસ્વી બની ગઈ. તે ક્ષણોમાં એવું લાગતું હતું જાણે સ્વયં સૂર્યદેવ દુનિયાને એક નવી સવારનો સંદેશ આપવા માટે શરીર ધારણ કરીને ધરતી પર ઊતરી આવ્યા હોય. એક ક્ષણ માટે ખાટલા પર બેઠેલા ગુરુદેવ ફરી ઊભા થઈ ગયા અને ધીમા પગલે ચાલતા તેઓ આંગણામાં એ ખૂણે ગયા, જયાં ટાટ પર બેસીને બે જણા કામ કરી રહ્યા હતા.

એમાંથી એકને સંબોધીને બોલ્યા, છોકરા! જો બેટા આજના સમાચારપત્રમાં છપાયું છે કે ઓઝોનનું પડ ફાટી રહ્યું છે, એનાથી ગ્લેશિયર પીગળી જશે અને દુનિયા ડૂબી જશે, ખતમ થઈ જશે એમાં પર્યાવરણના સંકટથી ચિંતિત વૈજ્ઞાનિકોની વાતો છપાયેલી છે કે દુનિયાને હવે કોઈ બચાવી શકે તેમ નથી. કેટલાક જયોતિષીઓ પણ વિશ્વયુદ્ધની સંભાવનાઓ બતાવીને તથા ગ્રહોના મિલન-યુતિનું ગણિત જોડીને કહી રહ્યા છે કે દુનિયા હવે બચવાની નથી. તે દિવસના સમાચારપત્રમાં છપાયેલા વૈજ્ઞાનિકો અને જયોતિષીઓના ભવિષ્યકથનનો સાર બતાવીને ગુરુદેવે નિર્દેશ આપતાં કહ્યું, એમ કર તું એક લેખ લખી નાખ કે તમામ સંકટો છતાં આવું કશું થવાનું નથી. દુનિયા બચશે અને રહેશે. આજે છવાયેલો અંધકાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મટશે અને દુનિયા ખૂબ જ શાનદાર રીતે ઉજ્જવળ ભવિષ્યનો સૂર્યોદય જોશે.

જેને એ નિર્દેશ આપવામાં આવી રહ્યો હતો તે તેમની વાતો ખૂબ જ મૌન ભાવે સાંભળતો રહ્યો. જ્યારે તેઓએ પોતાની વાત પૂરી કરી લીધી ત્યારે તેણે પોતાની અજ્ઞાનમિશ્રિત આશંકાઓને સામે રાખતાં કહ્યું, ગુરુજી આ વાતો તો વૈજ્ઞાનિક અને જ્યોતિષી કરી રહ્યા છે, તો શું તેઓ સાવ ખોટા છે. પૂછનારના અજ્ઞાન પર તેઓ હસી પડ્યા. ખૂબ જ મુક્ત અને નિર્દોષ હાસ્યનું ઝરણું ફૂટી નીકળ્યું. તેના નિર્મળ પ્રવાહમાં તેમની ગંભીરતા કોણ જાણે ક્યાં અને ક્યારે વહી ગઈ. તેઓ હસવાના મૂડમાં હતા. આ વખતે તેઓએ મજાક કરતાં કહ્યું, શું તું એમ કહેવા માગે છે કે હું વૈજ્ઞાનિક અને જ્યોતિષી નથી. તો મને એમની વાતો કેવી રીતે સમજાય ? પછી બીજી જ ક્ષણે તેમના હાસ્યમાં હળવો વિરામ આવ્યો અને કહેવા લાગ્યા, ચાલ તને આજે સાચી વાત બતાવી જ દઉં છું.

તેઓ કંઈક વિશેષ કહેવાના છે, એમ વિચારીને સાંભળનારે પોતાની ડાયરી ખોલી. લખવાની સાથેસાથે તે કાનોથી નહીં પ્રાણોથી પણ સાંભળવાનો પ્રયાસ કરવા લાગ્યો. તેઓ કહી રહ્યા હતા, બેટા ! આ વૈજ્ઞાનિકો પણ સાચા છે અને જ્યોતિષી પણ યોગ્ય જ કહી રહ્યા છે. બન્ને પોતપોતાના વિજ્ઞાન અને વિદ્યા અનુસાર સચ્ચાઈ બતાવવાની કોશિશ કરી રહ્યા છે, પરંતુ આ બન્નેથી ઉપર પણ કોઈ છે અને તે એટલો સમર્થ અને સક્ષમ છે, જે સંભવિત ઘટનાક્રમોને તોડવા-મરોડવાની તાકાત ધરાવે છે.

વાતને આગળ વધારતાં તેઓએ કહ્યું, હિમાલયનાં ગુપ્ત અને દિવ્ય ક્ષેત્રોમાં કેટલાક વિશેષ લોકો રહે છે. તેઓ મહાન તપસ્વી અને અદ્ભુત શક્તિશાળી છે. તમે એમની શક્તિનો અંદાજ પણ લગાવી ન શકો. એમનો ભગવાન સાથે સીધો સંપર્ક છે. તેમની જ ઈચ્છા અનુસાર આ લોકો તેમના વિશ્વ-ઉદ્યાનને સજાવતા-શણગારતા રહે છે. સંભવિત વિપત્તિઓને દૂર કરે છે તથા સારી પરિસ્થિતિઓનું નિર્માણ કરે છે. બેટા, ભગવાનનો અને આ મહાન આત્માઓનો નિર્ણય છે કે દુનિયા અત્યારે નષ્ટ નહિ થાય. આજનાં સંભવિત સંકટો ગમે તેટલાં સાચાં કેમ ન હોય, પરંતુ તે મટશે. અંધકાર ઉજાસમાં ફેરવાઈ જશે.

ધીમા પગલે ચાલતા ગુરુદેવ થોડા રોકાયા, પરંતુ તેમના આ રીતે રોકાઈ જવાથી તેમની વાણીનો પ્રવાહ રોકાયો નહિ. તેઓ કહી રહ્યા હતા, તમે બધા જુઓ છો કે બે દેશ લડવા માટે સામસામે આવી જાય છે. એવું લાગે છે કે હવે બધું સમાપ્ત થઈ જશે, પરંતુ અચાનક યોગ્ય સમયે પરિસ્થિતિઓ વળાંક લે છે અને બધું બદલાઈ જાય છે. હિમાલયવાસી આ મહાન આત્માઓ જ આવું કરે છે. તેમના તપથી જ પરિસ્થિતિઓમાં આવા આશ્ચર્યજનક અને અદ્ભુત વળાંક આવે છે. પછી ખૂબ જ સહજપણે છતાં ધીમા સ્વરે પોતાની વાતોમાં એક નવું વાક્ય ઉમેરતાં કહ્યું, હું તેમના સતત સંપર્કમાં રહું છું, તેમનું જ કાર્ય કરું છું અને એમનામાંનો જ એક છું. તેથી મને બધી ખબર છે.

સાંભળનારનું હૃદય શ્રદ્ધા અને ભક્તિથી ઊભરાઈ આવ્યું. તે વિચારવા લાગ્યો, સદ્ગુરુનો મહિમા કેટલો અનંત અને અસીમ છે. તે કેવો સૌભાગ્યશાળી છે કે આ રીતે તેમનું દર્શન મેળવી રહ્યો છે, તેમની વાણી સાંભળી રહ્યો છે. તે પોતાના સૌભાગ્યની પ્રશંસા કરવામાં મનમાં ને મનમાં લીન હતો અને તેનું સૌભાગ્ય આજે તેના પર પોતાની અજસ્ર કૃપાવૃષ્ટિ કરી રહ્યું હતું. ગુરુદેવ તેના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનના કોઈ ખૂણે ગૂંચવાયેલા ધાગાઓને ઉકેલતા કહી રહ્યા હતા, તું એ જ વિચારી રહ્યો છે ને કે આટલા સમર્થ ઋષિગણ દુનિયાને તાત્કાલિક સુંદર કેમ બનાવી દેતા નથી ?

સાચે જ તેનો એ જ પ્રશ્ન હતો, જેનો તેઓ ઉત્તર આપી રહ્યા હતા, સમગ્ર સૃષ્ટિ એક વિધિ-વ્યવસ્થા પર ચાલે છે, જેને કર્મફળ નિયમ કહેવાય છે. મનુષ્યે એવાં કર્મ કરી રાખ્યાં છે કે દુનિયામાં અસંખ્ય વખત પ્રલય થાય. વૈજ્ઞાનિક અને જ્યોતિષી કંઈક એવા જ સંકેત પણ આપી રહ્યા છે. પરંતુ ના, ભગવાનની કૃપા, આપણા સૌનું તપ આવું નહિ થવા દે. બસ વિપત્તિઓની ચિહ્નપૂજા થશે. માત્ર આટલાથી જ કામ ચાલી જશે. હા, એટલું જરૂર છે કે દુનિયામાં સુખશાંતિ સ્થાયી રહે અને આગામી ભવિષ્ય ઉજ્જવળ રહે તે માટે મનુષ્યે, સમાજે, દેશે અને સમગ્ર દુનિયાએ પોતાની જીવનશૈલી બદલવી પડશે.

ગુરુદેવ ગંભીર થઈ ગયા અને થોડા ચિંતામગ્ન પણ. તેઓ કહી રહ્યા હતા, ''આ જ કહેવા અને બધું શીખવાડવા માટે તો હું સંસારમાં આવ્યો છું. નહિ તો મારે અહીં આવવાની જરૂર જ ક્યાં હતી ?'' માણસ જેટલો વહેલો આ સચ્ચાઈને સમજે તેટલું જ સારું છે. તેમની આ ગંભીરતામાં તેમની કરુણા અખંડભાવે ઝરી રહી હતી. તેમની વાતો સાંભળનારને એવું લાગી રહ્યું હતું જાણે કરુણામય પરમેશ્વર જ તેના સદ્‌ગુરુનું સ્વરૂપ ધારણ કરીને સમગ્ર વિશ્વને ઉજ્જવળ ભવિષ્યનું વરદાન આપવા માટે આવ્યા છે. જ્ઞાનીઓનું સત્ય જે પણ હોય, પરંતુ તેમના હૃદયનું સત્ય એટલું જ હતું, સદ્‌ગુરુનો મહિમા અનંત અને તેનો અનંત વિસ્તાર.

❋❋❋

***વિશ્વામિત્ર એક રાજા હતા. એકવાર તેઓ ફરતા ફરતા વશિષ્ઠ મુનિના આશ્રમ પર સેના સહિત પહોંચી ગયા. પોતાની કામધેનુની શક્તિથી મહર્ષિએ તેમનું યોગ્ય સન્માન કર્યું. એ ગાયનો પ્રભાવ જોઈને તેને પોતાની સાથે લઈ જવાની ઈચ્છા રાજાને થઈ. સ્વેચ્છાથી એને લઈ જવાની ના પાડવાથી તેને બળજબરીથી લઈ જવા લાગ્યાં. કામધેનુએ મહર્ષિની આજ્ઞા મેળવીને પોતાના શરીરમાંથી લાખો સૈનિકો પ્રગટ કરીને રાજાની સેનાને હરાવી. બ્રહ્મતેજનું બળ જોઈને રાજાએ ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરી બ્રાહ્મણત્વ મેળવવાનો નિશ્ચય કર્યો. જીવનની દિશાધારા જ બદલાઈ ગઈ.***

***રાજાએ કઠોર તપ આદર્યું. વારંવાર તપનો ભંગ થવા છતાં તે નિરાશ ન થયા. તપના પ્રભાવથી તેઓ એટલા બધા બળવાન બન્યા કે બીજી સૃષ્ટિની રચના કરવા લાગ્યા. બ્રહ્માએ એમને સૃષ્ટિની રચના કરતા અટકાવ્યા તથા બ્રાહ્મણત્વ આપ્યું અને વશિષ્ઠજીએ એમનો બ્રહ્મર્ષિ તરીકે સ્વીકાર કર્યો.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ-વિજ્ઞાન

યુગગીતા-૩૧

# યજ્ઞોમાં શ્રેષ્ઠતમ - જ્ઞાનયજ્ઞ

(ગીતાના ચોથા અધ્યાયની યુગાનુકૂળ વ્યાખ્યા-તેરમી કડી)

'યજ્ઞ વિના આ લોક નથી તો પરલોક કેવો ?' શીર્ષકથી વિગત અંકની વ્યાખ્યામાં ''નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ''ની વ્યાખ્યા કરવામાં આવી હતી, જે ચોથા અધ્યાયના એકત્રીસમા શ્લોકમાં વર્ણવવામાં આવ્યું છે. આ જ કડીમાં યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એક નોળિયાની કથા દ્વારા 'મહાયજ્ઞ'ની ચર્ચા પણ કરવામાં આવી હતી. ભગવાન કહે છે કે યજ્ઞાવશિષ્ટ પરમપુણ્યફળદાયી છે, આ 'પ્રસાદ' તૃપ્તિ આપે છે, તુષ્ટિ આપે છે, વાસનાઓનો ક્ષય કરીને જીવન શાંતિથી ભરી દે છે. અંતિમ પરિણતિ આવા નિષ્કામ યજ્ઞની ચૈતન્ય સત્તા સાથે એકાકાર થવાના રૂપમાં થાય છે. બધા પ્રકારના યજ્ઞોની વ્યાખ્યા બાદ પરાકાષ્ઠા પર પહોંચતાં જ શ્રીકૃષ્ણ કહી ઊઠે છે કે આ યજ્ઞોને કર્મથી જાણવા જોઈએ. (કર્મજાન્વિદ્ધિ). કર્મથી એટલે કે મન, ઈન્દ્રિય અને શરીરની ક્રિયા દ્વારા ઉત્પન્ન થયેલ. તેઓ આગળ એ પણ કહે છે કે પરમાત્મા કર્મ વગેરેથી પર છે. આવુ જાણી લેવાથી કોઈપણ દિવ્યકર્મી સાંસારિક બંધનોથી મુક્ત થઈ જાય છે. (શ્લોક ૩૨, અધ્યાય ૪) ભગવાન યજ્ઞના દર્શનનો સાર અહીં બતાવે છે. તે પછીના તેત્રીસમા શ્લોકની વ્યાખ્યા સાથે જ્ઞાનના માહાત્મ્યને આ અંકમાં વાંચશો.

## દ્રવ્યયજ્ઞથી શ્રેષ્ઠ જ્ઞાનયજ્ઞ

શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ પરંતપ ।
સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥ ૪/૩૩

''હે પરંતપ અર્જુન ! દ્રવ્યમયયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ અતિ શ્રેષ્ઠ છે તથા સંપૂર્ણ કર્મો જ્ઞાનમાં સમાપ્ત થઈ જાય છે.''

ભગવાનનું કહેવું છે કે બધા યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. ભગવાનનો સ્પષ્ટ મત છે કે બધાં કર્મો આ જ જ્ઞાનમાં સમાપ્ત થઈ જાય છે. જ્ઞાનથી મુક્તિ જ સૌથી મોટો પુરુષાર્થ છે, બધાં કર્મોનો મર્મ છે. જીવનભર અજ્ઞાનથી લપટાયેલા રહ્યા, બંધનમુક્ત ન થઈ શક્યા, તો આ જીવન નિષ્પ્રયોજન જ કહેવાય. દેવયજ્ઞ, નૃયજ્ઞ, દાનયજ્ઞ વગેરેથી માત્ર સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ આત્મજ્ઞાન વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. તેથી દેવયજ્ઞ-દ્રવ્યમયયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ બતાવવામાં આવ્યો છે.

જ્ઞાન જ એવી મૂડી છે જે આત્માની સાથે જન્મજન્માંતરો સુધી યાત્રા કરે છે. પરમપૂજ્ય ગુરુદેવે કલમ અને વાણી બન્ને દ્વારા જ્ઞાનયજ્ઞ કર્યો તથા લાખો નિષ્ઠાવાન પ્રજ્ઞા પરિજનો પાસે કરાવ્યો. તેમના જ્ઞાનયજ્ઞનું લક્ષ્ય વિચારક્રાંતિ હતું જેની પરિણતિ યુગ પરિવર્તનમાં થવાની છે. શાંતિકુંજ હરિદ્વાર, ગાયત્રી તપોભૂમિ મથુરાથી માંડી સમગ્ર ભારત અને વિશ્વમાં ફેલાયેલા લગભગ ચાર હજારથી વધારે પ્રજ્ઞાસંસ્થાનો - પ્રજ્ઞામંડળો, સ્વાધ્યાય મંડળો, સાધના પ્રશિક્ષણ કેન્દ્રો સુધી આ જ જ્ઞાનયજ્ઞ સંપન્ન થતો દેખાય છે. સ્વામી વિવેકાનંદ દ્વારા તેમના એક શિષ્યને લખવામાં આવેલ એક પત્ર દ્વારા સ્પષ્ટ થાય છે કે જ્ઞાનયજ્ઞ શું છે ? તેઓ પોતાના એક શિષ્ય કે જેને અધ્યાપક મહોદય તરીકે સંબોધતા હતા, લખે છે, ''હું વિચારચક્રનું પ્રવર્તન કરી રહ્યો છું, જેથી ઘેર ઘેર સારા વિચારો પહોંચે. મારા જીવનની આ જ મહત્ત્વાકાંક્ષા છે.'' આ એ જ જ્ઞાનયજ્ઞ છે, જે સ્વામીજીએ જીવનભર કર્યો. લાખો ગુલામ ભારતીયોના મનમાં વિધેયાત્મક ઉલ્લાસ જગાડીને તેમને અમૃતપુત્રનું સંબોધન આપી એ બધાને તેમની વાત સાંભળવા, વાંચવા અને સમજવા માટે પ્રેરિત કર્યા તથા આજે સો વર્ષ બાદ પણ તેઓ કરી રહ્યા છે.

પરમપૂજ્ય ગુરુદેવે પરિજનો પાસે ઝોલા પુસ્તકાલય ચલાવ્યું, જ્ઞાનરથને ગતિ આપી, વિદ્યામંદિરો બનાવ્યાં તથા વિદ્યાવિસ્તાર કેન્દ્રોની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થાપનાને ગતિ આપી. લગભગ ૩૨૦૦થી વધુ નાનાં-મોટાં પુસ્તકો લખી નાખ્યાં, જે એક મહાપુરુષનો એક જન્મમાં કરવામાં આવેલો સૌથી મોટો પુરુષાર્થ છે. આજ સુધી એની સમકક્ષ કોઈ ઉદાહરણ મળતું નથી. લક્ષ્ય એક જ રહ્યું, બધા જ્ઞાન મેળવે, વિચારોના પતનને રોકે, આત્મપર્યવેક્ષણ કરી આત્મિક પ્રગતિના સોપાનો સર કરે. 'અખંડ જ્યોતિ' માસિકને પણ તેઓ જ્ઞાનચેતનની, તેમની પ્રાણચેતનાની સંવાહિકા કહી ગયા છે. ફેબ્રુઆરી ૧૯૭૦ના અખંડજ્યોતિમાં તેઓ લખે છે -

"ચિંતનની દિશા બદલવી એ જ યુગપરિવર્તન છે. જો ચિંતનની ધારા ઉત્કૃષ્ટતા તરફ વળી જાય તો વ્યક્તિ સંત, સજ્જન, મહાન, વિચારવાન, વિદ્વાન તથા પરમાર્થપરાયણ બની દેવત્વની ભૂમિકા સંપાદિત કરી શકે છે. અમારો જ્ઞાનયજ્ઞ આ જ પ્રયોજન માટે છે." (પૃષ્ઠ ૬૫)

### જ્ઞાનના વિસ્તારથી વિચારક્રાંતિ

વ્યક્તિત્વનું શુદ્ધીકરણ તથા માનવમાં દેવત્વનો ઉદય જ્ઞાનયજ્ઞની જ પરિણતિ છે. આ જ્ઞાનયજ્ઞ કેવી રીતે થશે ? ઘેર ઘેર જ્ઞાનચેતનાના વિસ્તારથી અને શ્રેષ્ઠ સાહિત્ય જન જન સુધી પહોંચાડીને થશે. આ કાર્ય સમયદાન વિના થઈ ન શકે. જનસેવા માટે પરિજન સમય કાઢે તે માટે જીવનભર તેઓ લખતા રહ્યા અને લાખો સમયદાનીઓની ફોજ તૈયાર કરી રહ્યા. દ્રવ્યયજ્ઞની તુલનામાં જ્ઞાનયજ્ઞ સર્વોપરિ છે આવું જ્યારે ભગવાન કૃષ્ણ કહે છે, ત્યારે તેમનો આશય હોય છે, સાધનોની તુલનામાં સાધના, આત્મનિર્માણ, લોકનિર્માણ તથા સમયનું લોકસેવામાં નિયોજન જરૂરી છે. સાધનદાન-અંશદાન પણ જરૂરી છે, પરંતુ સૌથી મહાન છે સમયદાન, જે આજનો યુગધર્મ પણ છે. જ્ઞાનયજ્ઞ પતન નિવારણની સેવા છે તથા તેના માટે લોકહિતાર્થે સમયદાન, પરિવ્રજ્યા અને ધર્મના પાલનની જરૂર છે, જેથી જનમાનસનું શુદ્ધિકરણ થઈ શકે.

પરમપૂજ્ય ગુરુદેવ ક્રાંતિધર્મ સાહિત્ય અંતર્ગત લખેલ તેમના પુસ્તક 'સમયદાન જ યુગધર્મ'માં કહે છે. "મહાન મનીષીઓની સાધના" 'સમય'ની તપશિલા પર બેસીને જ શક્ય બની છે. તેમણે જે વિચાર્યું અને સર્જન કર્યું છે તેની પાછળ તેમની તન્મયતા ભરેલી સાધના જ રહી છે. વૈજ્ઞાનિકો અને શોધકર્તાઓએ પોતાનું માનસ અને સમય મુખ્યત્વે નિર્ધારિત લક્ષ્ય પર કેન્દ્રિત કર્યું હોત તો સફળતાની આશા ક્યાં નહોતી રાખી શકાતી ? લોકસેવીઓએ તેમના સમયદાનની મદદથી એક એકથી મોટાં કાર્યો પૂર્ણ કરી બતાવ્યાં છે. આ સમયનો ઉપયોગ જ્ઞાનના વિસ્તાર માટે થતો રહે એ જ જીવનભર તેમનું લક્ષ્ય રહ્યું. તેઓ સપ્ટેમ્બર ૧૯૬૯ના અખંડ જ્યોતિમાં લખે છે, "જપાત્મક અને હોમાત્મક યજ્ઞના સ્તરનું જ બીજું ધર્માનુષ્ઠાન આ બે પૈડાં પર જ આગળ ધપતું રહ્યું છે. ઉપાસના અને સાધના આ બે જ આત્મિક પ્રગતિના આધાર છે. ઉપાસનાનો પક્ષ ગાયત્રી જપ તથા યજ્ઞથી પૂર્ણ થતો રહ્યો છે. સાધનાનું પ્રકરણ જ્ઞાનયજ્ઞ સાથે સંબંધિત છે. એ સ્વાધ્યાયથી શરૂ થઈને સદ્જ્ઞાનના પ્રસાર માટે કરવામાં આવતા પ્રબળ પ્રયત્નો સુધી ફેલાય છે. જ્ઞાન જ પશુને મનુષ્ય, મનુષ્યને દેવતા અને દેવતાને ભગવાન બનાવવામાં સમર્થ થાય છે. જ્ઞાનથી જ પ્રસુપ્ત મનુષ્યતા જાગે છે અને એ જ આત્માને અજ્ઞાનના અંધકારમાં ભટકવામાંથી બહાર કાઢીને કલ્યાણકારી પ્રકાશ તરફ ગતિમાન કરે છે." (પૃષ્ઠ ૫૯)

### જ્ઞાન સંપાદન પર જ ભૌતિક ક્ષેત્રની સફળતાનો પણ આધાર

પ્રસ્તુત શ્લોક (૩૩)ના મર્મને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરીએ તો ગીતાકાર દ્વારા કહેવામાં આવેલ આ કથન સ્પષ્ટ રીતે સમજાય છે કે ભૌતિક અને લૌકિક ક્ષેત્રમાં સફળતા તથા સંપદા પ્રાપ્ત કરવા માટે જે સહકારી પ્રયાસ-પુરુષાર્થની જરૂર છે. (જેને આપણે દ્રવ્યયજ્ઞ પણ કહી શકીએ છીએ) તેની સફળતાની ચાવી એક જ છે અને તે છે સંપૂર્ણ મનોયોગથી એક લક્ષ્ય પર કેન્દ્રિત થઈને અંતઃપ્રેરણાથી કાર્ય કરવું તથા તેના પ્રત્યે સતત સમર્પણની તીવ્રતા વધારતા જવું. આને આપણે જ્ઞાનયજ્ઞ કહી શકીએ છીએ. આનો અર્થ એ થયો કે અંતઃકરણની ભાવનાત્મક સ્તરની તથા મનની ભૌતિક સ્તર પરની તૈયારી કોઈ પણ શારીરિક ક્રિયા કરતાં વધુ મહત્ત્વ ધરાવે છે અને આવું કાર્ય જ્યારે પણ કરવામાં આવે છે ત્યારે તેની પરિણતિ અતિ પાવન હોય છે. ભગવાન એ પણ કહે છે કે બધાં કર્મ (જે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિગત કામનાઓથી પ્રેરિત થઈને કરવામાં આવી રહ્યાં છે) અંતે જ્ઞાનમાં જ સમાપ્ત થાય છે. (સર્વ કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે) અર્થાત્ જ્ઞાનના ઉદ્ભવની સાથે જ વ્યક્તિગત સ્વાર્થ પણ સમાપ્ત થઈ જાય છે અને પારમાર્થિક કાર્ય થવા લાગે છે. આ જ્ઞાન કઈ વસ્તુનું, પરમસત્તાનું, પોતાના અસ્તિત્વનું કે જીવનના ઉદ્દેશનું.

જેની ચર્ચા કરવામાં આવી તે ગીતાનું આ જ્ઞાન માત્ર મનની બૌદ્ધિક ક્રિયા નથી. ગીતાનું જ્ઞાન સત્યસ્વરૂપ છે. શ્રી અરવિંદ આ તથ્યને સ્પષ્ટ કરતાં ઋગ્વેદનું ઉદાહરણ આપે છે. તેઓ કહે છે, આ સત્ય, આ સૂર્ય એ જ છે, જે આપણા અજ્ઞાન-અંધકારની અંદર છુપાયેલું છે અને તેના વિશે ઋગ્વેદ કહે છે, "તત્સત્યં સૂર્યં તમસિ ક્ષિયન્તમ્" જો કે આપણે પ્રાકૃતિક અજ્ઞાનને કારણે વિમૂઢ રહીએ છીએ અને આ અજ્ઞાન આપણી અંદર કૂટસ્થ બ્રહ્મના સનાતન આત્મજ્ઞાનને આપણાથી છુપાવી રાખે છે, તેથી આપણે આ સૂર્યની અલૌકિક આભાને, અક્ષરબ્રહ્મના શાશ્વત-સનાતન રૂપને તથા જ્ઞાનના પ્રકાશમય સ્વરૂપને સમજી શકતા નથી. પરંતુ જેઓ આ જ્ઞાનની સતત થાક્યા વિના શોધ કરતા રહે છે, તેમને તેની પ્રાપ્તિ થાય છે. જીવનનાં અધોગામી દ્વંદ્વોથી ઘેરાયેલા આત્મતત્ત્વને જ્ઞાનનો સૂર્ય પરમસત્તાના પ્રકાશથી પ્રકાશિત કરી (આદિત્યવત્ પ્રકાશયતિ તત્પરમ્) તેને લક્ષ્યનો બોધ કરાવી દે છે. તથા અહીં જ તેનાં બધાં કર્મો વ્યક્તિગત ન રહેતાં જ્ઞાનમાં સમાઈને સમષ્ટિના હિત માટે થવા લાગે છે. (ગીતા)

## શિક્ષણ અને વિદ્યામાં ફરક

આપણાં શાસ્ત્રો અને યોગગ્રંથોમાં જ્ઞાન શબ્દ આ જ પરમ આત્મજ્ઞાનના અર્થના રૂપમાં પ્રયોજાયો છે. જ્ઞાન એ જ્યોતિ છે જેના દ્વારા આપણે એ સત્યને જાણી શકીએ છીએ, એમાં સ્વયંને સ્થાપિત કરી શકીએ છીએ. આ જ્ઞાન એવી વસ્તુ નથી કે જેથી આપણી જાણકારી વધતી હોય કે આપણી બૌદ્ધિક સંપત્તિ પ્રાપ્ત થતી હોય. આ ભૌતિક વિજ્ઞાન, મનોવિજ્ઞાન કે જાગતિક જ્ઞાન નથી. આ બધું તો 'શિક્ષણ' અંતર્ગત આવે છે. આ જાણકારીઓથી મદદ અવશ્ય મળે છે, પરંતુ આપણી આંતરિક પ્રગતિ - અંતઃસત્તાના વિકાસ માટે તો વિદ્યાની, વિશુદ્ધ જ્ઞાનની આવશ્યકતા હોય છે. આ યૌગિક જ્ઞાન છે, જેથી આપણે પરમાત્મા, આત્મા અને ભગવાનને જાણી શકીએ છીએ. શિક્ષણની બધી પદ્ધતિઓ સાચા જ્ઞાનના પર્યાય રૂપે નહીં, પરંતુ માત્ર સહાયક હોય છે, વાસ્તવિક જ્ઞાન એ જ છે, જે મન માટે અગોચર છે, મન માત્ર તેનો આભાસ જ મેળવી શકે છે, તે તો એથી પણ ઊંડા આત્મામાં વિરાજમાન હોય છે.

વિદ્યાં ચાવિદ્યાં ચ યસ્તદ્વેદોભયં સહ ।
અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયામૃતમશ્નુતે ॥
-૧૧ ઈશાવાસ્યોપનિષદ્

'વિદ્યા અને અવિદ્યા (વિદ્યા અને શિક્ષણ) બન્ને એકસાથે જાણો. એમાંથી અવિદ્યા દ્વારા મૃત્યુને પાર કરીને વિદ્યા દ્વારા અમરત્વની પ્રાપ્તિ કરી શકાય છે.'

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, કેમકે પરમસત્તાનું, પરમસત્યનું, આ જ્ઞાન (જ્ઞાન) આપણામાંથી દરેક માટે અત્યંત મહત્ત્વનું છે. આ જ્ઞાન ફક્ત એ જ ગુરુ આપી શકે છે, જે આચાર્યની જેમ જીવન જીવી રહ્યો હોય, પોતે એ જ્ઞાનને આચરણમાં ઉતારી રહ્યો હોય. જો શિષ્ય ભાવે આ ગુરુ સાથે તાલમેળ સ્થાપી આપણે જ્ઞાનચક્ષુ જાગૃત કરી શકીએ અને જાણી શકીએ કે તે આ નિત્ય પરિવર્તનશીલ સંસારમાં કેવી રીતે રહે છે, અનુભવ કરે છે અને કર્મ કરે છે તો આપણને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ગીતાકાર કહે છે, આ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પહેલાં તત્ત્વદર્શી જ્ઞાનીઓ પાસેથી દીક્ષા લેવી પડશે. એવા પાસેથી નહીં જેઓ તત્ત્વજ્ઞાનને બુદ્ધિથી જાણે છે, પરંતુ એવા જ્ઞાનીઓ પાસેથી કે જેમણે મૂળ સત્યને પ્રત્યક્ષ જોયું છે, (જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ). આ વાત શ્રીકૃષ્ણ આગળના શ્લોક (૩૪)માં કહે છે.

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥
૪-૩૪

"તે જ્ઞાનને તત્ત્વદર્શી જ્ઞાનીઓ પાસે જઈને સમજ, તેમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, તેમની સેવા કરવાથી અને કપટ છોડીને સરળતાથી પ્રશ્ન કરવાથી પરમતત્ત્વને સારી રીતે જાણનાર જ્ઞાની-મહાત્મા તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુ બિન જ્ઞાન નહીં રે, નહીં રે

યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર આ જ્ઞાનપ્રાપ્તિનો રાજમાર્ગ છે. તેઓ અર્જુનને કહે છે કે જ્યાં જ્ઞાનાગ્નિ પ્રજ્જ્વલિત થઈ રહ્યો હશે ત્યાં આ જ્ઞાન મળશે. કબીરદાસજી કહી ગયા છે, ''પોથી પઢિ-પઢિ જગ મુઆ પંડિત ભયા ન કોય'. ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય ॥'' કબીરદાસજીની ભાષામાં જો આપણે સમજી શકીએ તો ભણેલા ગણેલા, શિક્ષિત અને વિદ્વાન પંડિત નથી, પરંતુ પંડિત એ છે એવું જીવન જીવ્યો છે, આત્મીયતા અને પ્રેમને જીવનમાં આત્મસાત કર્યા છે. પ્રત્યેક શ્વાસમાં જેણે પરમાત્મા જીવ્યો છે. કબીર અભણ હતા. રજ્જબ-રૈદાસ અભણ હતા, પરંતુ આ લોકોએ એવું જીવન જીવ્યું છે, જેની તરફ શ્રીકૃષ્ણ સંકેત કરી ગયા છે. અંતર્જ્ઞાન માટે અક્ષરજ્ઞાન જરૂરી નથી. જે જ્ઞાનના અગ્નિમાં બધાં કર્મો બળીને ભસ્મ થઈ જાય છે એવા જ્ઞાનને પ્રાપ્ત કરવું હોય તો એ પરમાત્માના ગુણોથી યુકત આચાર્યો અને ગુરુજનો પાસે જઈને તેમને તત્ત્વરૂપે સમજવું જોઈએ. પોતાનો અંહકાર ભૂલીને તેમને દંડવત્ પ્રણામ કરી. પોતાના કપટભાવને એક બાજુએ રાખી જિજ્ઞાસા પ્રકટ કરી જ્ઞાનની ઈચ્છા રાખવી જોઈએ. કેટલાક લોકો જ્ઞાનની પરીક્ષા લેવા માટે મહાત્માઓ પ્રત્યે આદરભાવ ન રાખતાં કપટભાવે પ્રશ્નો પૂછે છે. તેમની પાસે આ ભાવ ન રાખતાં નિષ્કપટભાવે , સેવાભાવે જવાથી જ્ઞાનની જિજ્ઞાસા પ્રગટ કરવાથી ચોકકસપણે એ જ્ઞાન ઉપલબ્ધ થશે. જે આત્મસત્તાને સૂર્યની જેમ પ્રકાશિત કરશે. સેવાનો અર્થ હાથપગ દબાવવાનો નથી, શરીરની માલિસ કરવાનો નથી, પરંતુ તેમણે બતાવેલાં કાર્યોને આગળ વધારી તેમના નિર્દેશ મુજબ જીવન સમર્પિત કરવું એવો થાય છે. આનાથી ઓછામાં મહાપુરુષો કે સદ્ગ્રંથો પાસેથી વિદ્વાનો દ્વારા પાત્રતાના વિકાસ અનુસાર જ આપણને પારખવામાં આવે છે. જયારે તેઓ આપણી જિજ્ઞાસાનો ઉત્તર આપે છે ત્યારે આપણી ભગવાનને પ્રાપ્ત કરવાની ઈચ્છા વધતી જવી જોઈએ. એ પ્રમાણમાં આપણી વિનમ્રતાપૂર્વક કરવામાં આવેલી સેવા-નિષ્ઠા વધવી જોઈએ.

શિષ્યોને જ્ઞાન આપતાં પહેલાં ગુરુજનોએ જાતજાતની પરીક્ષાઓ લીધી છે. સમર્થ રામદાસે શિવાજી પાસે સિંહણનું દૂધ મગાવીને પરીક્ષા લીધી હતી. સમર્થ રામદાસે પોતાની યોગમાયા વડે રચેલી સિંહણનું દૂધ મંગાવ્યું અને શિવાજી સુપાત્ર બની સેવાભાવથી તે લઈ આવ્યા ત્યારે જ તેઓ ભવાની તલવાર પ્રાપ્ત કરવાના, ગુરુની કૃપા મેળવવાના હકદાર બની શક્યા. ગુર્જિએફ તેમના શિષ્યોને ગાળો આપતા હતા. ખૂબ ફટકારતા હતા. એક શિષ્ય ઑન્સ્પેન્સ્કી એ શિષ્યોમાંથી એવો નીકળ્યો જે સહન કરતો રહી એમની પાસેથી સેવાભાવે બધું પ્રાપ્ત કરી શક્યો વિરજાનંદજી મહર્ષિ દયાનંદને ચીપિયા વડે મારતા હતા અને ખૂબ જ સખ્તાઈ વર્તતા હતા ત્યારે જ પાખંડ ખંડિની ધજા લહેરાવનાર એક પ્રખર યોદ્ધો આર્યસમાજનો સંસ્થાપક બન્યો. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુનો અતિશય સ્નેહ મેળવ્યો, પરંતુ બધી શક્તિને ધારણ કર્યા બાદ જે જીવન જીવ્યા તેણે આખું શરીર સૂકવી નાખ્યું. સન્ ૧૮૮૬-૮૭માં શક્તિપાત પ્રાપ્ત કરનાર એ યુવાન સંન્યાસી માત્ર પંદર વર્ષ વધુ જીવી શક્યો. ક્યારેય ચેનથી સૂઈ ન શક્યો, ગુરુનાં કાર્યોને સંપૂર્ણ વિશ્વમાં પહોંચાડીને ઓછી ઉંમરે કષ્ટો સહન કરતો રહી શરીર છોડીને જતો રહ્યો. પાત્રતા વિકસિત કરવા માટે સર્વસ્વનો ત્યાગ કરવો પડે છે. ત્યારે ગુરુ, વિદ્વાન, આચાર્ય અને પંડિત પણ પોતાનું બધું જ આપી દે છે.

ખૂબ આશ્ચર્યની વાત છે. ગીતાકાર અહીં તેત્રીસમાં શ્લોકમાં કહે છે કે જેમણે એ મૂળ સત્ય પ્રત્યક્ષ જોયું છે. તેમની પાસેથી જ આ જ્ઞાન મળશે (જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ) પરંતુ એ પછીના જ ચાર શ્લોકો બાદ આડત્રીસમા શ્લોકમાં કહે છે, ''યોગ દ્વારા સંસિદ્ધિને પ્રાપ્ત મનુષ્ય આપોઆપ જ યોગ્ય સમયે પોતાના આત્મામાં પ્રાપ્ત કરે છે (તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેન આત્મનિ વિન્દતિ)'' તો પછી સત્ય શું છે ? બન્ને. આ જ્ઞાન શિષ્ય ભાવે પ્રયાસ કરતા દરેક મનુષ્યમાં વિકસિત થતું રહે છે અને જેમ જેમ એ નિષ્કામ ભાવે સમતા અને ભગવદ્‌ભક્તિમાં ઊંડો ઊતરતો જાય છે, તેમ તેમ જ્ઞાન પણ વધે છે. આ જ જ્ઞાન વિશેની, પાપોનો નાશ કરનારી ચર્ચા વધુ વિસ્તાર સાથે તેની ભૂમિકા સહિત પાંત્રીસમા અને તે પછીના શ્લોકોની વ્યાખ્યા સાથે આવતા અંકમાં (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

श्रीरामलीलामृतम्-३

# ચેતનાની શિખર યાત્રા

(પરમપૂજ્ય ગુરુદેવ : એક અસમાપ્ત જીવનગાથા)

## યમુનાથી ગંગા સુધી

ઓક્ટોબર ૧૯૧૫માં બનારસ હિંદુ યુનિવર્સિટી એક્ટ પસાર થયા પછી ચાર મહિના બાદ મહા શુક્લ પ્રતિપદાએ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ. સંવત ૧૯૭૨ (સન્ ૧૯૧૬)ની એ તિથિને વાઈસરાય લાર્ડ હાર્ડિંગ્જે શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે બંગાળના ગર્વનર, ત્રણ રાજ્યોના ઉપરાજ્યપાલ, બાર મહારાજા અને કેટલાય વિદ્વાન, જમીનદાર, શાહુકાર વગેરે ઉપસ્થિત હતા. આ વિશ્વવિદ્યાલય એની બેસંટે સ્થાપેલ સેન્ટ્રલ હિંદુ કોલેજનું જ વિકસિત રૂપ હતું. લગભગ પાંચ વર્ષ પહેલાં સંકલ્પ લેવામાં આવ્યો હતો. એ માટે એની બેસંટ, મહામના મદનમોહન માલવીય અને દરભંગાના મહારાજા રામેશ્વર સિંહે મળીને કામ શરૂ કરી દીધું હતું. બેંકમાં પચાસ લાખ રૂપિયા જમા થઈ જાય અને એક કરોડ રૂપિયા એકઠા થઈ જાય તો વિશ્વવિદ્યાલયની વિધિવત્ સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સરકાર અને કેટલાક રાજા-મહારાજા મળીને પણ આટલું ભેગું કરી શકતા હતા, પરંતુ મહામના માલવીયજીએ સમર્થ લોકોના સહયોગ સાથે સામાન્ય જનતા પાસેથી દાન લેવાનો પણ પ્રસ્તાવ મૂક્યો. સામાન્ય આવક ધરાવતા લોકો પાસેથી ફાળો એકત્રિત કરવાનો ઉદ્દેશ્ય એ પણ હતો કે તેમની સાથે આત્મીયતાનો સંબંધ બાંધી શકાય. સમર્થ લોકોના વિપુલ સહયોગની સાથે નાના-નાના ફાળાથી માર્ચ ૧૯૧૩ સુધી એકવીસ લાખ રૂપિયા ભેગા થયા. પચાસ લાખની ઈચ્છિત રકમ ભેગી કરવામાં બીજાં બે વર્ષ લાગી ગયાં. આ રકમમાં બીકાનેર, જોધપુર અને કાશ્મીર રિયાસતો પાસેથી મળેલાં વાર્ષિક અનુદાન પણ સામેલ હતાં. જનસહયોગ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ દેશના વિદ્વાનો, નેતાઓ, સામાજિક કાર્યકરો, પુરોહિતો અને ઉપદેશકોને પણ અપીલ કરવામાં આવી હતી. બધા જ વર્ગના સેંકડો લોકો આ કાર્યમાં જોડાઈ ગયા અને દિવસ-રાત કામ કરતા રહ્યા. પાંચ વર્ષના સમયગાળામાં લક્ષ્યાંકના અડધા કરતાં વધુ ધન ભેગું થઈ ગયું. ફાળામાં મુઠ્ઠી અનાજથી માંડીને એક પૈસો, અડધો પૈસો અને આના - બે આના જેટલી નાની રકમ પણ હતી.

વ્રજ ક્ષેત્રમાં જે અમુક લોકો કાશી હિંદુ વિશ્વવિદ્યાલય માટે ફાળો એકઠો કરી રહ્યા હતા, એમાં પંડિત રૂપકિશોર શર્માનું નામ મુખ્ય છે. આગરા પાસે આંબલખેડા ગામમાં વસેલા પંડિત રૂપકિશોર શર્મા ભાગવત્ના પ્રખર વિદ્વાન હતા. તેઓ કથા અને ધર્મોપદેશ કરવા માટે દૂર-દૂર સુધી જતા હતા. મહામના મદનમોહન માલવીય તેમની વ્યાખ્યાન શૈલીથી ખૂબ પ્રભાવિત હતા. આ બન્ને જણા થોડોક વખત આમ તો એક જ ગુરુકુળમાં રહ્યા હતા, પરંતુ બન્નેના સ્નેહસંબંધોનો આધાર ભાગવત્પ્રેમ જ હતો. ભાગવત્ કથા વખતે શ્રોતાઓ પાસે સનાતન ધર્મ માટે સહકાર મેળવવાની શીખ માલવીયજીએ જ આપી હતી. લોકો પાસેથી નાની-નાની રકમ એકત્રિત કરવાનું નક્કી થયા બાદ માલવીયજીએ એમને ઓછામાં ઓછા અગિયાર હજાર રૂપિયા ભેગા કરવા માટે કહ્યું હતું. પંડિત રૂપકિશોરે જુદા-જુદા સમયે આ રકમ મોકલી હતી. જુદા-જુદા સમયે મોકલવામાં આવેલી આ રકમમાં ભાગવત્ કથા કરાવનારા યજમાનોનો ફાળો પણ સામેલ છે. કેટલી રકમ ક્યાંથી મોકલવામાં આવી તેનો પૂરો હિસાબ નથી. એક મોટો ભાગ ગુપ્તદાનના રૂપમાં મોકલવામાં આવ્યો હતો. પંડિતજીના વંશજો આ વિશે કહેતા હતા.

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના એક અગ્રણી હોવાના કારણે ઉદ્ઘાટન વખતે પંડિત રૂપકિશોર શર્મા પણ ત્યાં પહોંચ્યા. તેમની સાથે વ્રજ ક્ષેત્રના કેટલાક પુરોહિત વિદ્વાન પણ હતા. કેટલાંક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સગાંસંબંધી અને પરિવારના લોકો કાશીની યાત્રા કરવાના ઉદ્દેશ્યથી જોડાઈ ગયા હતા. પરિવારની સાથે જ લગભગ પાંચ વર્ષનું એક બાળક પણ હતું. શિલાન્યાસ અને સ્થાપના સમારોહમાં પંડિતજી તેમના બે સાથીઓને સાથે લઈને વ્યવસ્થાનું કામ સંભાળવા લાગ્યા. બીજા લોકો કાશીમાં દેવદર્શન અને ગંગાસ્નાન, અનુષ્ઠાન વગેરે કાર્યોમાં વ્યસ્ત બની ગયા.

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયનો સ્થાપના સમારોહ કેટલાય દિવસ સુધી ચાલ્યો. વિશ્વવિદ્યાલયનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આધુનિક વિષય ભણાવવાની સાથે સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વો સમજાવવાનો પણ હતો. બનારસ હિંદુ યુનિવર્સિટી અધિનિયમમાં જ વ્યવસ્થા હતી કે વિશ્વવિદ્યાલયમાં હિંદુ ધર્મવિજ્ઞાનના ઉચ્ચસ્તરીય શિક્ષણની જોગવાઈ હશે. અહીં બધી જ્ઞાતિ અને સંપ્રદાયના વિદ્યાર્થીઓ ભણી શકશે. વિશેષ બાબત એ હતી કે હિંદુ ધર્મ માનનારાઓને જ વિશ્વવિદ્યાલયની વ્યવસ્થા અને સંચાલનની જવાબદારી સોંપવાની વ્યવસ્થા રાખવામાં આવી. વ્યવસ્થાસમિતિમાં બિનસરકારી સભ્યોની અધિકતા હોવાની જોગવાઈ પણ અધિનિયમમાં કરવામાં આવી. વિશ્વવિદ્યાલયનું જે સ્વરૂપ વિકસિત થઈ રહ્યું હતું તે સંપૂર્ણપણે સનાતન ધર્મને અનુરૂપ હતું.

ટીકાકારોએ આને શરૂઆતથી જ પાખંડ, સાંપ્રદાયિક અને અનુદાર વગેરે કહેવાનું શરૂ કરી દીધું હતું. કેટલાક લોકોએ વિશ્વવિદ્યાલયના નામમાંથી 'હિંદુ' શબ્દ કાઢી નાખવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો. આંદોલનો તો ત્યારે પણ ચાલી જ રહ્યા છે. એ દબાણોની શરૂઆતથી જ પરવા કરવામાં ન આવી. તે પછી મહાત્મા ગાંધીએ પણ હિંદુ શબ્દ કાઢી નાખનારાઓની માંગને ખોટી બતાવી હતી. આજે જે નામથી તે પ્રસિદ્ધ છે, તેનું જ સમર્થન કર્યું હતું.

## દીક્ષાગુરુનું પોતાના શિષ્ય સાથે મિલન

હિંદુ ધર્મ-વિજ્ઞાનને ઉચ્ચસ્તરીય અભિવ્યક્તિ આપવા માટે વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ ઘડવામાં આવ્યું હતું. તેથી સ્થાપના સમારોહમાં યજ્ઞ-યાગ, પ્રવચન, કથા વગેરે કાર્યક્રમો રાખવાનું સ્વાભાવિક હતું. આંબલખેડાથી ગયેલા પંડિત રૂપકિશોરજીને પણ આ કાર્યક્રમોની આંશિક જવાબદારી સોંપવામાં આવી. તેઓ યજ્ઞ-યાગ અને અન્ય ધાર્મિક અનુષ્ઠાનો માટે આવેલા પુરોહિતોની રોકાણની વ્યવસ્થા કરવામાં, તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં અને નગરભ્રમણના કાર્યમાં રોકાયેલા હતા. એ સમય દરમિયાન તેમને પોતાનાં પરિજનોનું પણ ધ્યાન ન રહ્યું. કોણ ક્યાં રોકાયા છે, શું ખાઈ રહ્યા છે, ક્યાં આરામ કરી રહ્યા છે વગેરેની ચિંતા કરવી તો ઠીક, તેમને પોતાનું ધ્યાન પણ રહેતું નહોતું.

સમારોહ શરૂ થયે પાંચ દિવસ વીત્યા હશે. વસંતપંચમીનો દિવસ હતો. વિદ્યાની દેવી સરસ્વતીના અવતરણના દિવસે વ્યાખ્યાન, ગોષ્ઠિ, અધિકારીઓની બેઠક વગેરે કાર્યક્રમો નક્કી ક્રમ અનુસાર ચાલતા હતા. તે દિવસે સરસ્વતી પૂજનનું વિશેષ આયોજન હતું. આંબાનાં પાંદડાં અને મોરથી વેદી સમજાવવામાં આવી હતી. સાઈઠ-સિત્તેર વિદ્યાર્થી અને અધ્યાપક વેદી સામે બેઠા. વેદીની સામે જ યજ્ઞકુંડ સ્થાપવામાં આવ્યો. મંત્રોચ્ચાર સાથે યજ્ઞ શરૂ થયો. કર્મકાંડોનું સંચાલન માલવીયજી કરી રહ્યા હતા. સામે બેઠેલા વિદ્યાર્થીઓ પણ અનુકરણ કરતાં મંત્ર બોલી રહ્યા હતા. આ બાળકોમાં પંડિત રૂપકિશોરજીના પુત્ર શ્રીરામ પણ હતા. તેમની ઉંમર પાંચ-છ વર્ષની હશે. સામાન્ય રીતે આ બાળક માતા અને તેમના પરિવાર વચ્ચે રહેતું હતું, પરંતુ તે દિવસે પંડિતજી કંઈક વિચારીને ત્યાં લઈ આવ્યા હતા. સરસ્વતી પૂજામાં ભાગ લેવા ઉપરાંત કેટલોક સમય માલવીયજીનો સાંનિધ્ય-લાભ કરાવવાનો ઉદ્દેશ પણ કદાચ રહ્યો હોય.

પર્વ-ઉત્સવની પ્રક્રિયા તેની રીતે ચાલતી રહી. વિદ્યાર્થીઓ જ્યારે મંત્રોનું ઉચ્ચારણ કરતા કે દોહરાવતા ત્યારે વાતાવરણ વધુ રમણીય થઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઊઠતું હતું. બાળકો જ હતાં, તેથી ક્યાંક ક્યાંક ઉચ્ચારણમાં દોષ આવી જતો હતો, પરંતુ તે તરફ વધુ લોકોએ ધ્યાન આપ્યું નહીં. ઉપસ્થિત પંડિતો અને અધ્યાપકોએ તેમનો ઉત્સાહ વધારવાનું જ ઉચિત માન્યું. એ બાળકોમાં સૌથી નાની ઉંમરના બાળક શ્રીરામ હતા. તેઓ જ્યારે મંત્રપાઠ કરતા ત્યારે માલવીયજીની દૃષ્ટિ તેમના પર પડી જતી. આટલા નાના બાળકને મંત્રોચ્ચાર કરતો જોઈ તેઓ અપલક નિહાળતા રહી જતા. પર્વ-દેવતાનું પૂજન પૂરું થયા બાદ અને પ્રસાદ વિતરણ બાદ માલવીયજી એ બાળક પાસે આવ્યા અને તેમના માથે સ્નેહથી હાથ ફેરવ્યો.

માલવીયજી નિકટ આવતાં જ બાળક શ્રીરામે તેમનો ચરણસ્પર્શ કરી લીધો હતો. સ્નેહ કરતાં માલવીયજીએ પૂછયું,"બેટા, તારા પિતાજી ક્યાં છે ?" બાળક શ્રીરામ કશું બોલે તે પહેલાં જ પંડિત રૂપકિશોરજી સામે આવી ગયા. તેઓ માલવીયજી સામે વિનમ્ર ભાવે ઊભા રહી ગયા અને કહેવા લાગ્યા, "આ આપનો જ સ્નેહ અને વાત્સલ્ય છે મહામના." માલવીયજીએ બાળક વિશે બે-ચાર વાતો પૂછી. એ બાળકને ધ્યાનથી જોતા રહ્યા અને પૂછયું,"ઉપનયન થઈ ગયું છે?" પંડિતજીએ કહ્યું, "તૈયારી છે. આપના હાથે આ કાર્ય થાય તો અહોભાગ્ય !"

માલવીયજીના ચહેરા પર સ્મિતની રેખા ખેંચાઈ ગઈ. તેમની સફેદ મૂછો પાછળ ખીલેલા હોઠ સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. જાણે કહી રહ્યા હતા કે પંડિતજી આપે મારા મનની વાત પોતાના મોઢે કહી દીધી. માલવીયજીએ કહ્યું કે હું જ મંત્રદીક્ષા આપીશ. સંકલ્પ લઈ લીધો છે, તેથી દીક્ષાની શરૂઆત થઈ સમજો. યોગ્ય સમયે દીક્ષા પણ થઈ જશે. એ યોગ્ય સમય કેટલાક વર્ષ બાદ આવ્યો. તે દિવસે પરિસરમાં કાર્યક્રમો પણ હતા. એની બેસેન્ટનું વ્યાખ્યાન થવાનું હતું. મૈસૂર (હવે કર્ણાટક)ના મહારાજા કૃષ્ણરાજ વાદિયાર, ડૉ. સુંદરલાલ વગેરે ખાનદાની લોકો સાથે પણ માલવીયજીની અલગ અલગ મુલાકાત થવાની હતી.

સ્થાપના સમારોહ વિશ્વવિદ્યાલયની દૃષ્ટિએ તો મહત્ત્વપૂર્ણ હતો જ, બીજી પણ કેટલીક ઘટનાઓ હતી, જેમણે ઈતિહાસમાં નવો વળાંક લાવતું આયોજન બનાવી દીધું. સનાતન ધર્મ અને સંસ્કૃતિના નવા ઉમંગ સાથે વિદ્યા, ધન, કલા, શક્તિ, સાધના અને શૌર્યની સાત ધારાઓની જાણે ગંગા ત્યાં પ્રવાહિત થઈ ઊઠી હતી. મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય ભાવનાઓથી ઓતપ્રોત ભાષણ ત્યાં જ આપ્યું હતું, જેમાં પ્રતિભાઓને પડકારવામાં આવી હતી. તેમને પોતાનાં કર્તવ્યોથી વિમુખ થયેલા જણાવી ગાંધીજીએ રાજા-મહારાજાઓ અને શ્રીમંતોની કડક ટીકા કરી હતી.

વ્યાખ્યાનમાં રાજા-મહારાજાઓ પણ હાજર હતા. ગાંધીજીના ટિકાટિપ્પણથી તેઓ ઉત્તેજિત થઈ ઊઠયા. તેમણે કાર્યક્રમનો બહિષ્કાર કરી દીધો અને ઊઠીને જતા રહ્યા. વિરોધમાં ઊઠીને જનારાઓમાં એની બેસન્ટ પણ હતાં. મદનમોહન માલવીય એ આયોજનમાં શાંત બેસી રહ્યા. તેમણે ઊઠીને જતા લોકોની પરવા ન કરી. કોઈપણ જાતના દબાણ વિના, સત્યનો સ્વીકાર કરવાના અને તેની પડખે ઊભા રહેવાના બીજા કેટલાય પ્રસંગો છે, જે તે દિવસોમાં બન્યા અને તેના સંસ્કારો વાતાવરણમાં ભળી ગયા .તથા ત્યાં આવેલા લોકોના ચિત્તમાં જાણ્યે-અજાણ્યે છવાઈ ગયા.

## મહામનાના સહયોગી પંડિતજી

માલવીયજીના સહયોગીઓમાં આંબલખેડા (આગરા)ના પંડિત રૂપકિશોર આદર સહિત યાદ કરી શકાય એવું નામ હતું. રાજનીતિ, શિક્ષણ, સમાજસુધાર અને સેવાકાર્યોમાં રચ્યાપચ્યા રહી ભાગવત્ના કથાપ્રસંગો અને તત્ત્વદર્શનની વિવેચના માલવીયજીનું પ્રિય ધર્મ-અનુષ્ઠાન હતું. પંડિત રૂપકિશોરજીને તેમના ક્ષેત્રમાં લોકો ભાગવત્ વ્યાસના રૂપમાં શ્રદ્ધાની દૃષ્ટિથી જોતા હતા. પંડિત રૂપકિશોર પોતાને મહામનાનો વિનમ્ર શિષ્ય અને અનુયાયી જ કહેવડાવતા હતા. તેમનું ક્ષેત્ર પણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આમ તો નાનું હતું, પરંતુ વ્રજક્ષેત્રમાં તેઓ માલવીયજીની કથાશૈલીના પ્રતિનિધિ પ્રવક્તા કહેવાતા હતા. તે ક્ષેત્રનાં રાજા-રજવાડાંઓમાં પંડિતજીનું ખૂબ સન્માન હતું.

કથા-ઉપદેશ વાણીની કળા નથી. પોતાની વાત કહેવાની રીત આવડવી જોઈએ. તેનો પ્રભાવ પડે છે, પરંતુ જે કહેવામાં આવી રહ્યું છે, તેની પાછળ આસ્થાનું બળ પણ હોવું જોઈએ. ઉપદેશોને પહેલાં પોતાના જીવનમાં ઉતારવાથી આ બળ આવે છે, જે ભાગવત્ કરુણા અને ભક્તિનું શાસ્ત્ર છે, તે પ્રેત-પિશાચોને પણ દોષ-દુર્ગુણોથી મુક્ત કરે છે. ભાગવત્ કથાના માહાત્મ્યના પ્રસંગે દરેક વખતે ધુંધકારી પ્રેતની કથા સંભળાવવામાં આવે છે. પંડિતજીના જીવનમાં કરુણા અને ભક્તિનાં તત્ત્વો સંપૂર્ણ આભા સાથે પ્રગટ થયાં હતાં. તેમના સંપર્કમાં આવીને ઘણા લોકોએ તેમના દુર્ગુણો છોડયા. નાના-મોટા દોષ-વિકારોથી દૂર રહેવાની સેંકડો ઘટનાઓ છે. એક અવસર એવો પણ આવ્યો જ્યારે પંડિતજીના નિવાસથી થોડે દૂર જંગલમાં રહેતા ઘાંઘૂ નામના ડાકુએ લૂંટફાટ કરવાનું છોડી દીધું. એ વિસ્તારમાં તેનો આતંક હતો. તેની પોતાની કોઈ ટોળી ન હતી, પરંતુ તે ખુદ ખૂબ બળવાન હતો. તેનામાં ૨૫-૩૦ લોકો સાથે લડવાની તાકાત હતી.

પંડિતજી કથા કહેવા માટે જઈ રહ્યા હતા કે રસ્તામાં ઘાંઘૂ સાથે તેમનો ભેટો થઈ ગયો. તે કહેવા લાગ્યો - આપ બ્રાહ્મણ દેવતા છો, આપનો અનાદર તો નહિ કરું, પરંતુ હું લુંટારો છું. લૂંટવાનું છોડી દઉં તો મારો અને મારાં આશ્રિતોનો નિર્વાહ કેવી રીતે કરું ? તેથી આપની સાથે બળપ્રયોગ નહિ કરું. ફક્ત એ ઈચ્છું છું કે આપની પાસે જે કાંઈ છે તે ચૂપચાપ મૂકી દો.

ઘાંઘૂએ તેની પૂરી તાકાતથી કહ્યું હતું. સામાન્ય મનઃસ્થિતિનો માણસ ઘાંઘૂની દઢતા, બુલંદ અવાજ અને ધાકથી કાંપવા લાગી જાય. પંડિતજી પર તેના બિહામણા વ્યક્તિત્વની કોઈ અસર ન થઈ. જે નિશ્ચિંત ભાવે તેઓ જઈ રહ્યા હતા, તેવા જ નિર્દ્વંદ્વ ભાવે ઊભા રહી ગયા અને ઘાંઘૂને નિહાળવા લાગ્યા. પોતાની ધાકની કોઈ અસર ન થતી જોઈ ડાકુ આશ્ચર્યમાં પડી ગયો. તેણે કહ્યું, પંડિતજી, મેં જે કહ્યું તે આપે સાંભળ્યું છે ને. પંડિતજીએ કહ્યું, મેં સાંભળી લીધું છે, પરંતુ અત્યારે હું તને કાણી કોડી પણ નહિ આપું. જો કથા સાંભળવા આવતો હોય તો વચન આપું છું કે ત્યાં જે દાન-દક્ષિણા મળશે તે બધું તને સોંપી દઈશ. ઘાંઘૂની આંખો પહોળી થઈ ગઈ. પહેલા આશ્ચર્ય કરતાં પણ મોટું આશ્ચર્ય સામે આવી ગયું હતું.

થોડોક વખત બંનેનો સંવાદ ચાલ્યો. કોણ જાણે પંડિતજીની કઈ વાતની તેના પર અસર થઈ કે ઘાંઘૂ કથા સાંભળવા માટે રાજી થઈ ગયો. તે સાથે ચાલી નીકળ્યો. તેણે સંપૂર્ણ ભાગવત્ કથા ધ્યાનથી સાંભળી, જૂના સંસ્કારો વચ્ચે-વચ્ચે ઊભરાઈ જતા. તે લોકોને ડરાવવા-ધમકાવવા લાગી જતો, પરંતુ લાંબો વખત આવું ચાલ્યું નહિ. ભાગવત્ સપ્તાહ પૂરી થયા બાદ પંડિતજીએ દાન-દક્ષિણા સમેટીને ઘાંઘૂના હાથમાં સોંપી દીધી. રૂપિયા, પૈસા, આભૂષણો અને મેવા વગેરેથી પોટલું બંધાઈ ગયું હતું. ડાકુએ પોટલું ઉપાડ્યું, માથે મૂક્યું અને કહ્યું - આદેશ આપો પ્રભુજી ક્યાં જવાનું છે. પંડિતજીએ કહ્યું, જયાં તું લઈ જવા માગે છે ત્યાં લઈ જાવ, મેં મારું વચન પૂરું કરી બતાવ્યું. ઘાંઘૂએ પોટલું ઉઠાવીને એક બાજુ મૂક્યું અને પંડિતજીનાં ચરણોમાં આળોટી ગયો. જોરજોરથી રડતાં તે કહી રહ્યો હતો - મને માર્ગ મળી ગયો ભગવન્, ક્ષમા કરો. હું મહેનત અને ઈમાનદારીની કમાણી જ ખાઈશ. તેનાથી જ પરિવારનો નિર્વાહ ચલાવીશ. આગ્રહભરી વિનંતી કરીને તે પંડિતજીના ઘર સુધી પોટલું મૂકવા ગયો. જેણે પણ જોયું તેને વિશ્વાસ જ ન થયો કે આ ઘાંઘૂ ડાકુ જ છે. (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હવે વાતો નહિ કામ કરીએ

સભા, સંમેલન, સરઘસ, પ્રદર્શનોમાં ખૂબ ટોળું ભેગું થાય છે. કેટલાય એને સફળતાની નિશાની માને છે, પરંતુ અમારો દૃષ્ટિકોણ ભિન્ન છે. સંગઠનના અભાવે એ ટોળું વરસાદી માખી-મચ્છરોનું જ ઉદાહરણ બને છે. સંખ્યાબળથી કોઈ કામ થતું નથી, માટે એમ વિચારવામાં આવ્યું કે આવું જ ટોળું વધારતા જવાથી પ્રદર્શન તો વધશે, પરંતુ મિશનની પરિપક્વતામાં મદદ નહિ મળે. તેથી કામના લોકો વધારવામાં આવે. એમાંથી વિચારોની શક્તિ અને ઉપયોગિતા સમજી શકતા લોકોની શોધ કરવામાં આવે, કેમ કે જેમને માનવજીવનના વિકાસમાં પ્રૌઢ વિચારધારાની ઉપયોગિતા સમજાતી નથી એવા લોકો વિચારશક્તિનું, યુગપરિવર્તનનું પ્રયોજન પૂરું કરી નહિ શકે, તેઓ ભલા બીજા કોઈને શું કહી કે સાંભળી શકશે અને પોતાના જીવનમાં શું પ્રખરતા લાવી શકશે.

કોઈ યોજના કેટલીય ઉત્તમ કેમ ન હોય, તેને ચલાવનારા, કાર્યાન્વિત કરનારાઓ ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ અને આદર્શવાદી પ્રવૃત્તિઓ અપનાવનારા હોવાં જોઈએ. હલકાં અને નીચ લોકો જે પણ કાર્ય હાથમાં લેશે તેને પોતાના દુર્ગુણોને કારણે કલુષિત કરી દેશે અને તે લાભદાયકની જગ્યાએ હાનિકારક બની જશે. આનું પ્રત્યક્ષ પ્રમાણ આપણે દરેક ક્ષેત્રમાં જોઈએ છીએ. ઉચ્ચ આદર્શો માટે બનેલી સંસ્થાઓ આજે પદની લાલસા અને ધનના લોભને કારણે સંઘર્ષના અખાડા બની ગઈ છે.

### નેતા નહિ સ્વયંસેવક બનીએ :

સેવાભાવી અને ઉત્સાહી વ્યક્તિઓએ સ્વયંસેવકની જેમ પોતાને સામાન્ય જનતાના કાર્યોમાં સહકાર આપવા માટે આગળ આવવું જોઈએ અને પોતાનો સમય આપીને બીજા લોકો સાથે સંપર્ક બનાવવા તથા તેમને ઉપયોગી પ્રેરણા આપતા રહેવાનું કાર્ય કરવું જોઈએ. પદાધિકારી કે નેતા બનવાની આકાંક્ષા ખરાબ છે. આનાથી સંગઠનો બનતા નથી, નષ્ટ થાય છે. તેથી આપણે ફક્ત સ્વયંસેવક બનવાની આકાંક્ષા રાખવી જોઈએ. કોઈ પદ મળે, નેતા બનીએ ત્યારે કોઈ કામ કરીશું આવો વિચાર મનમાંથી સદંતર કાઢી નાખવો જોઈએ અને ભાવનાશીલ વ્યક્તિઓએ વિચારક્રાંતિનું ક્ષેત્ર વ્યાપક બનાવવા તથા તેને સંગઠિત કરવામાં સતત કાર્યરત રહેવા માટે તત્પર થવું જોઈએ.

આગામી દિવસોમાં આપણે મોટાં મોટાં કાર્યો કરવાના છે. યુગપરિવર્તનનું કાર્ય આપણા દેશ અને સમાજના નવનિર્માણથી શરૂ કરીને તેને વિશ્વવ્યાપી બનાવવાનું છે. આપણી સામે અસંખ્ય સમસ્યાઓ વણઉકલી પડી છે, અનેક જરૂરિયાતો તેની પૂર્તિ માટે પોકારી રહી છે, તેમનું ઉચિત સમાધાન કરવા માટે વિશાળકાય વ્યવસ્થા કરવાની છે. જે ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ નવનિર્માણના મહાન પ્રયોજનોની પૂર્તિ માટે અભીષ્ટ ક્ષમતાથી સંપન્ન હોય તેઓ જ અમારી મુખ્ય આવશ્યકતાઓ છે. આપણો સમાજ વાતોડિયા, કાયર, સ્વાર્થી, સંકુચિત અને હલકા લોકોથી ભરાયેલો છે. જેમની ભાવનાઓ ઉત્કૃષ્ટતાથી ભરાયેલી હોય અને જેમની પ્રવૃત્તિઓ આદર્શવાદ માટે તડપતી હોય આવા વ્યક્તિત્વો જ્યાં સુધી આગળ નહિ આવે ત્યાં સુધી બિલાડીના ગળામાં ઘંટ બાંધવા જેવી જ મુશ્કેલી રહેશે. આવા લોકો માટે આદર્શવાદ અને ઉત્કૃષ્ટતા કહેવા કે સાંભળવાની વસ્તુ છે, જેને વ્યવહારમાં લાવવાની કોઈ જરૂરિયાત તેઓ સમજતા નથી. આવા લોકો સ્વયં ધરતી માટે ભારરૂપ છે. તેઓ જીવતા રહીને સ્વયં પરેશાન રહે છે અને બીજાઓને પણ અપાર કષ્ટો આપે છે. આવા ક્ષુદ્ર પ્રાણીઓને દયનીય જ કહી શકાય, ભલે તેઓ મનુષ્ય શરીર ધારણ કરી શોખમોજની જિંદગી જીવતા હોય. આવા લોકો જે એક સમસ્યા બનીને રહે છે. તેઓ દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિના પુનરુત્થાનમાં તથા વિશ્વના ભાગ્યના નવનિર્માણમાં ભલા શું સહકાર આપી શકે.

### પ્રગટતા દીપક બૂઝતાંને પ્રગટાવે

યુગની રચના માટે હવે એવા વ્યક્તિત્વોની જ જરૂર છે, જેઓ વાચાળતા અને જાહેરાતથી દૂર રહીને પોતાના જીવનને પ્રખર તથા તેજસ્વી બનાવીને અનુકરણીય આદર્શ ઉપસ્થિત કરે. પ્રતિભાશાળી ચરિત્રવાન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિત્વ જ રાષ્ટ્રના એકમાત્ર ઉપકરણ હોય છે. અમને યુગનિર્માણ માટે આવા જ આત્માઓની જરૂર છે. એના અભાવમાં બીજી બધી સુવિધાઓ અને સાધનો હોવા છતાં અભીષ્ટ લક્ષ્યની પ્રાપ્તિમાં જરાય પ્રગતિ થઈ નહિ શકે.

જેટલા વિશાળકાય તથા બહુમુખી યુગપરિવર્તનની કલ્પના કરવામાં આવી છે, તે માટે સાધનોની તુલનામાં શ્રમ-સહકારની જરૂર પડશે. માત્ર સાધનોથી કામ ચાલ્યું હોત તો અબજો અરબો રૂપિયા ખર્ચતી સરકારો આ કાર્યને પણ હાથમાં લઈ શકી હોત. ધનવાન લોકો પણ કંઈક કરી શક્યા હોત, પરંતુ એટલાથી કામ ચાલતું નથી. ભાવનાઓ વિકસિત કરવી અને પોતાની પ્રામાણિકતા, અનુભવશીલતા, યોગ્યતા તથા ત્યાગભાવનાનો સામાન્ય જનતાને વિશ્વાસ આપવો, આ એ જરૂરિયાતો છે, જેની મદદથી લોકહિતના કાર્યોમાં બીજાઓને પ્રોત્સાહિત કરી શકાય અને લાવી શકાય છે. અન્યથા ભરપૂર વેતન અને સુવિધાઓ આપીને પણ પછાત જનતાને આદર્શવાદી પગલાં લેવા માટે તૈયાર કરી શકાય તેમ નથી. પ્રજ્જવલિત દીપક જ બીજા ઓલવાયેલાં દીપક પ્રજ્જવલિત કરી શકે છે. ભાવનાશીલોએ જ ભાવના વિકસાવવામાં સફળતા મેળવી છે. સર્જનાત્મક કાર્યોમાં હંમેશાં કર્મવીર અગ્રદૂતોની ભૂમિકા સફળ થાય છે. તેઓ જ હનુમાનની જેમ અનેક રીંછ-વાનર ભેગા કરીને સાથે લેવામાં સફળ થાય છે. એવા લોકોને શોધવાં એ જ પર્યાપ્ત નથી, પરંતુ તેમનું સમયદાન, શ્રમદાન અને શક્ય હોય તો સાધનદાન આવશ્યક હોય છે. આની પૂર્તિને યુગસર્જનના સંદર્ભમાં અગત્યની જરૂરિયાત સમજવી જોઈએ.

### પ્રતિભાઓ જવાબદારી સંભાળે :

સંઘશક્તિના અભાવે જે થઈ રહ્યું છે, તેને બીજાની દૃષ્ટિમાં ભલે ગમે તેટલું મહત્ત્વ મળી રહ્યું હોય, પરંતુ અમારી દૃષ્ટિમાં નગણ્ય છે. લાખો પરિજનોમાંથી માત્ર સેંકડો પરિજનો જ સક્રિય છે. જો સંપૂર્ણ પરિવાર પોતાનો એક એક બૂંદ સહકાર આપીને ઊભું થઈ જાય તો જે કાંઈ થઈ રહ્યું છે તેની પ્રગતિ હજારો ગણી તીવ્ર ગતિ પકડી શકે છે અને જેને માત્ર આશ્ચર્ય સમજવામાં આવે છે, તે આવતીકાલે ચમત્કાર બનીને સામે ઊભું રહી શકે છે. વિચારશીલો અને સદ્‌ભાવ સંપન્નોની ઊણપ નથી, અભાવ તો આગળ વધીને નેતૃત્વ કરવાનો છે. સત્પ્રયોજનો માટે આગળ વધવામાં વિચારશીલો જ ખચકાય છે. આગળ વધીને જે બીજાને ઢંઢોળી શકે, સૂતેલાંને જગાડી શકે, જાગેલાંને ઊભા કરી શકે, ઊભેલાંને ચલાવી શકે એવી પ્રખર તેજસ્વિતા અમુકમાં જ જોવા મળે છે. આજે આવશ્યકતા પ્રાણવાનોની છે.

આપણા વિશાળ પરિવારમાંથી આપણે એવાં પ્રાણવાન મોતી શોધવાના છે. તેમની પરીક્ષા માટે એવી કસોટી પ્રસ્તુત કરવામાં આવી છે કે અમારી સૌથી મોટી અને મહત્ત્વપૂર્ણ જરૂરિયાતને પૂર્ણ કરવા માટે પોતાનું કામ છોડીને બારણે-બારણે ધક્કા ખાવા માટે, વ્યંગ, ઉપહાસ, તિરસ્કાર અને આરોપ સહન કરવા માટે આગળ આવે તથા ઓછામાં ઓછો એટલો મનોયોગ અને સમય આ કાર્ય માટે સમર્પિત કરી દે કે જેથી સ્થાનીય પરિજનોનો સંગઠિત ઢાંચો તૈયાર થઈ શકે અને સાથે જ મહિલા જાગરણ અભિયાનની શરૂઆત શક્ય બને.

### હનુમાન સંજીવની લાવે - મૂર્છા હટાવે :

અમને ખબર છે કે આ પરિવારમાં પૂર્વજન્મોની સંગ્રહિત તેજસ્વિતા ધરાવતા આત્માઓ જ એકત્રિત કરવામાં આવ્યા છે. તેમની પાસે સંસ્કાર સંપદાની ઊણપ નથી. શક્તિ અને સામર્થ્યનો સંગ્રહિત ભંડાર પણ બહુ મોટો છે. એક જ વાતની ખોટ છે કે આત્મવિસ્મૃતિએ તેમને મૂર્છાથી ઘેરી લીધા છે. મેઘનાદના શસ્ત્રપ્રહારથી તેઓ લક્ષ્મણની જેમ મૂર્છિત થઈને પડ્યા છે. તેમના માટે જાગૃતિની સંજીવની બૂટી લઈ આવે અને તે પિવડાવવા માટે પર્વત ઉખાડવા જેવું કઠિન કાર્ય સ્વયં કરી શકે એવા હનુમાનોની આવશ્યકતા છે. સૂત્ર સંચાલક અને તેમના પરિવારને રામ-લક્ષ્મણની ઉપમા આપી શકાય છે. બન્નેના સહકારથી જ યુગદૈત્યનો પરાભવ કરવાનું શક્ય બનશે. લંકાવિજય અને રામરાજ્યની સ્થાપનાનું લક્ષ્ય પૂર્ણ કરવામાં હનુમાનોની અગ્રણી ભૂમિકા હોવી જોઈએ. દરેક જગ્યાએ બબ્બે, ત્રણ-ત્રણ સભ્યોની જે સંગઠન ટોળકીઓ આગળ વધીને આવશે, તેમને યુગદૃષ્ટા તત્ત્વદર્શી ચોક્કસપણે હનુમાનોની ઉપમા આપશે. તેમના જ ખભે મહાકાળે બન્ને સંગઠનો ઊભા કરવાની જવાબદારી સોંપી છે. જ્યાં ગુરુવાણીનો થોડો ઘણો પ્રકાશ પહોંચ્યો હશે ત્યાં એક બે હનુમાન પણ અવશ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાગૃત રહ્યા હશે અને તેઓ યુગના આમંત્રણનો સ્વીકાર કરીને સમુદ્ર ઓળંગતા અને પોતાની પૂછડી સળગાવીને લંકાદહન કરવામાં વ્યસ્ત દેખાશે.

**સંગઠનથી જ મોટા કાર્યો થશે :**

મિશન સાથે જોડાયેલા લગભગ બધા પરિજનો સમયની વિષમતાને સમજે છે અને માને છે કે તેમણે પોતાના જાગૃત આત્માને સંતોષ આપવા માટે કંઈક ને કંઈક કરવું જ જોઈએ. તેઓ એ પણ સમજે છે કે સંગઠનનો આધાર ઊભો કર્યા વિના યુગપરિવર્તન જેવા મહત્ત્વપૂર્ણ કાર્યો શક્ય બનતાં નથી. વિચારક્રાંતિ સિવાય યુગની અગણિત સમસ્યાઓના સ્થિર સમાધાનનો બીજો કોઈ વિકલ્પ નથી. આટલું બધું જાણ્યા પછી પણ આશ્ચર્ય એ વાતનું છે કે આ જાગૃત પરિવારમાંથી યુગની જવાબદારીના નિર્વાહમાં જોડાયેલા કર્મવીરોની સંખ્યા નહિવત્ છે. એ નગણ્ય સંખ્યાના આધારે જ આજના સમયનું અદ્ભુત કાર્ય સંપન્ન થઈ રહ્યું છે. હકીકતમાં આપણા પ્રખર પરિવારના બધા સભ્યો કર્મનિષ્ઠાના નિર્વાહ કરતા હોવાં જોઈએ. આ અભાવની પૂર્તિ માટે સંગઠિત ટોળકીઓએ આગળ આવવાનું છે. તેમણે પોતાના વ્યક્તિગત કાર્યો પડતા મૂકીને પણ રામકાજમાં જોડાવાનું છે. તેમણે જ સંજીવની બૂટી લાવવાની અને પિવડાવવાની છે, જેથી આપણો લક્ષ્મણ જેવો સમર્થ પરિવાર ફરી સક્ષમ, સક્રિય અને સજીવ થઈને ઊભો થઈ જાય.

આજનો સમય તો સાહસિક રીંછ-વાનરોને શોધીને એક સંગઠનમાં ભરતી કરવાનો છે. આ મંગલ પ્રભાતમાં ગાંધીએ સત્યાગ્રહી સ્વયંસેવકોને પોકાર્યા છે. બ્રહ્મમુહૂર્તના અરુણોદયની આ પુણ્યવેળામાં નવજાગરણનો સંદેશ દસે દિશાઓમાં વિતરીત કરવામાં આવી રહ્યો છે. જેઓ સાંભળી શકે, જેઓ ઊઠી શકે અને જેઓ કંઈક કરી શકે તેઓ પોતાનું સમગ્ર સાહસ ઊભું કરીને કેટલાક ડગલાં આગળ વધવા માટે પોતાની વરિષ્ઠતા સિદ્ધ કરે.

**જીવન-મરણના રસ્તા (દોરાહા) વચ્ચે ઊભા છીએ આપણે :**

જે રીતે વ્યક્તિ અને સમાજ વિષમ પરિસ્થિતિઓમાં ઘેરાતા જાય છે તે જોતાં ભવિષ્ય અંધકારમય બનતું જાય છે. સાચે જ આપણે જીવન-મરણના રસ્તાની વચ્ચે ઊભા છીએ. એક તરફ સર્વનાશ અખંડ અટ્ટહાસ કરી રહ્યો છે અને બીજી તરફ માનવતા ભયભીત ઊભી છે. મૃત્યુએ પૂરા ઠાઠમાઠથી પોતાનો સરંજામ ભેગો કરી લીધો છે અમારું શું થશે એવી દ્વિધામાં જીવન ઘેરાયેલું છે. આપણું અસ્તિત્વ આગામી દિવસોમાં રહેવાનું છે કે તેની ઇતિશ્રી થવાની ઘડી આવી ગઈ એવી સ્થિતિ પેદા થઈ છે. વ્યક્તિ અને સમાજે જે માર્ગે ચાલવાનું નક્કી કર્યું છે તે ખૂબ જ ભયાનક છે. દરેક ક્ષેત્રની દરેક સ્થિતિ ગૂંચવાતી જઇ રહી છે. અને આગળ વધવાનો રસ્તો અવરોધે બંધ કરી દીધો છે. વિવેક દિશાશૂન્ય બનીને હતપ્રભ થઈ ઊભો છે. એ સમજાતું નથી કે આગળ શું થવાનું છે? શું કરવાનું છે ?

**એક જન્મ યુગનિર્માણ માટે :**

આજના સમયની વિષમ વેળામાં જાગૃત આત્માઓનું વિશેષ કર્તવ્ય છે કે જે સર્વનાશની ખીણમાં પડવા માગતા ઘેટાઓ દોડતા જઈ રહ્યા છે તે કાદવમાં પોતાની પ્રતિભાને સડાવવી નથી. આપણે પોતાની વિશિષ્ટ સ્થિતિનો વારંવાર અનુભવ કરવો જોઈએ. ઉંચે ઊઠીને વિચારવું જોઈએ અને કંઈક એવું કરવું જોઈએ, જેથી ઉચ્ચ આદર્શોનોનિર્વાહ થઈ શકે. યુગની ગૂંચવાયેલી સમસ્યાઓને ઉકેલવા માટે આપણે કંઈક તો કરવું જ પડશે. પોતાની જાગૃતતાનો પરિચય આપ્યા વિના હવે કામ ચાલશે નહિ. પહેરેદાર સૂતા રહેશે તો ડાકુઓનો આતંક આ અંધકાર ભરેલી નિશામાં કાંઇ પણ કરી શકે છે અને તેની ભરપાઈ કરવાનો સમય ફરી ક્યારેય ન આવે એમ પણ બની શકે.

આપણે મિશનના પરિજનો જો એક જન્મ યુગ સંકટ સાથે લડવામાં લગાવી દઈએ અને એમાં વ્યક્તિગત સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેવાની બાબત થોડા સમય માટે પડતી મૂકી દઈએ તો પણ એ કોઈ બહુ મોટા નુકસાનની બાબત નથી. આજે દુઃખી માનવતાએ આપણને મદદની આશાએ પોકારી છે અને અશ્રુભર્યા નેત્રોએ નિહાળી છે. એ માટે આપણને પણ પ્રયોજનોથી પાછા હટવું પડે તો સંકોચ રાખવામાં ન આવે

જનમાનસની શુદ્ધિ આજના સમયની સૌથી મોટી માગણી છે. વિકૃત ચિંતનથી ખરાબ કર્મ થાય છે. અને ખરાબ પ્રવૃત્તિઓ જ અસંખ્ય સંકટોનું સર્જન કરે છે. આ તથ્યને જેટલું જલ્દી સમજવામા આવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેટલું જ ઉત્તમ છે. વ્યક્તિ અને સમાજની ગૂંચવાયેલી અસંખ્ય સમસ્યાઓનું એક સમાધાન છે - લોકમાનસમાં ઊંડિ સુધી ઘૂસી ગયેલા વિકૃત ચિંતનનું નિવારણ. આ એક જ શસ્ત્ર હાથમાં લઈને આપણે અસુરતાની ચતુરંગી સેનાનો પરાભવ કરી શકીએ છીએ. આ જ કેન્દ્ર પર આપણે કેન્દ્રિત થવાનું છે. આ જ મહાયજ્ઞ માટે પોતાની પ્રવૃત્તિઓ, પ્રતિભાઓ અને સાધનોને શક્ય તેટલા પ્રસ્તુત કરવાનું છે.

મિશનના પરિજનોને આ વિષમ સમયમાં વિશેષ રૂપે યુગ નિમંત્રણ મળ્યું છે. તેમણે પોતાનો સંપૂર્ણ સમય, શ્રમ, જ્ઞાન, પ્રભાવ અને ધન માત્ર લોભ અને મોહના પરિપોષણમાં ખર્ચવાનું નથી, પરંતુ એમાંથી એક મોટો અંશ યુગદેવતાના ચરણે ધરવાનો છે. જો આ વિષમ સમયમાં આટલું પણ ન થઈ શકે તો એમાં આપણા સૌનું જ નહિ, સમગ્ર માનવજાતિનું દુર્ભાગ્ય માનવમાં આવશે. જાગૃત આત્માઓ જ જો હથિયાર મૂકી દેશે અને તેઓ પણ સત્ ઉદ્દેશ્ય માટે કોઈ સાહસિક પગલું ભરવા માટે તૈયાર થશે નહિ તો પછી પશુપ્રવૃત્તિઓમાં વ્યસ્ત સામાન્ય લોકો પાસેથી કઈ આશા રાખી શકાય ? પ્રકાશના આમંત્રણને આપણે એ આધારે અસ્વીકૃત કરી દઈએ કે ''એનાથી ક્ષુદ્ર સ્વાર્થીપણામાં ઊણપ આવશે'' તો પછી એ જ કહેવું પડશે કે આદર્શોનો જમાનો વીતી ગયો. ધર્મ, અધ્યાત્મ, આસ્તિકવાદ અને તત્ત્વજ્ઞાન જેવી વાતો માત્ર કહેવા સાંભળવા અને પ્રપંચ રચવા માટે શેષ રહી ગઈ છે. હવે તેમનું અનુકરણ કરનારાઓની પેઢી ખતમ થઈ ગઈ છે.

### જીવનની સાર્થકતા :

યુગનિર્માણ પરિવારના પ્રત્યેક પરિજને હજાર વખત પોતાની સ્થિતિ પર વિચાર કરવો જોઈએ અને એવું સાહસ ભેગું કરવું જોઈએ જેને અપનાવવામાં જ *તેના વિશિષ્ટ જીવનની સાર્થકતા છે.* વર્તમાન સમયમાં સૌથી મોટી તપશ્ચર્યા યુગસાધના છે. આદર્શવાદને જીવિત રાખવા માટે આપણે પોતાની બધી શક્તિઓ ખર્ચી નાખીએ એનાથી વધીને બીજી કોઈ પૂજા, ભજન, જપ, તપ, જ્ઞાન કે ધ્યાન ન હોઈ શકે. આ આપત્તિકાળ છે. નાસ્તિકવાદી અનાસ્થા તેના પ્રત્યક્ષ અને પ્રચ્છન્ન રૂપમાં સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી આવી છે. જો તેની આક્રમક વ્યૂહરચના સફળ *થઈ ગઈ* તો સમજવું જોઈએ કે જેની મદદથી આત્મકલ્યાણની અને આત્મજ્ઞાનની વાત વિચારી શકાય છે તે બધા આધાર નષ્ટ થઈ જશે.

### લાભનો સોદો :

પૂજ્ય ગુરુદેવ હંમેશાં કહેતા રહ્યા છે કે ''જો પોતાની બધી સંપદા મહાકાળનો પોકાર સાંભળીને નવસર્જન માટે આપી દઈશું તો અમને નુકસાન થશે એવી ચિંતા કરવી વ્યર્થ છે. હકીકતમાં આ લાભનો સોદો છે. સંસારભરના મહામાનવોનો ઈતિહાસ એ તથ્યનો સાક્ષી છે કે પરમાર્થી દેવપુરુષોએ જે ગુમાવ્યું છે તેની તુલનામાં ક્યાંય વધુ પ્રાપ્ત કર્યું છે. માત્ર સંકુચિતતાના વશમાં જઈને જ લોકો યુગધર્મ નિભાવવા અને સમયનો પોકાર સાંભળવામાં આનાકાની કરે છે, પરંતુ જે કોઈએ આ પ્રયોજન માટે સાહસ કર્યું છે તેઓ ધન્ય થઈ ગયા છે. લોકહિત માટે જેટલું કરી શકીશું તે માટે તેને અનુકરણીય અને અભિનંદનીય દેવમાનવના રૂપમાં અનંતકાળ સુધી સ્મરણ કરી શકાય.''

આપણા અંગત પ્રયોજનો માટે આપણે ઘણીવાર ભગવાનનો દરવાજો ખખડાવીએ છીએ, પરંતુ હવે ભગવાને તેમનું પ્રયોજન પૂરું કરવા માટે સાથીઓને પોકાર્યા છે. જેઓ એ માટે સાહસ કરશે તેઓ લોક-પરલોકની સિદ્ધિઓ અને વિભૂતિઓથી અલંકૃત થઈ જશે. આ સમયે જાગૃત આત્માઓ પાસે પણ આવું જ અનુકરણ કરવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### સંગઠનનું મહત્ત્વ :

દૈત્યો સંગઠિત હોય છે તેથી તેઓ સફળ થતા હોય છે. દેવતાઓ અને સંત-સજ્જનોની એક જ ખામી છે કે તેઓ આત્મકેન્દ્રિત રહે છે અને સંગઠનને મહત્ત્વ આપતા નથી. હારેલા દેવતાઓએ જ્યારે પ્રજાપતિને પોતાના ઉદ્ધારનો ઉપાય પૂછ્યો ત્યારે તેમણે તેમના જ સામર્થ્યને સંગઠિત કરી મહાકાળીનું અવતરણ કર્યું. એણે જ દૈત્યોને હરાવ્યા અને દેવતાઓને દુર્ગતિમાંથી બહાર કાઢ્યા.

*નવસર્જનમાં* રુચિ રાખતા પ્રાણવાનોએ જ્યાં વિચારક્રાંતિના સંદર્ભમાં અનેક કામો કરાવનાં છે, સત્પ્રવૃત્તિ વધારવા અને દુષ્પ્રવૃત્તિ દૂર કરવાના અનેક નિર્ધારણો પૂર્ણ કરવાના છે, ત્યાં સૌ પ્રથમ જરૂર એ વાતની છે કે સર્જનશિલ્પી પરસપર સંગઠિત બને. જો *સંગઠનની ક્ષમતા હોય તથા* પ્રખરતા અને સક્રિયતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનાવી શકાતી હોય તો સેવા પ્રયોજન માટે મોટા ક્ષેત્રને પસંદ કરી શકાય છે. દસ-વીસ ગામોનું એક ક્ષેત્ર નક્કી કરીને તેમાં વસતા લોકો સાથે સઘન સંપર્ક જોડી શકાય છે.

**સમયને ઓળખીએ-આત્મગ્લાનિથી બચીએ :**

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, "જેમનામાં જીવન છે તેમણે જાણવું જોઈએ કે આ સમય સામાન્ય નથી. એમાં પ્રબુદ્ધ આત્માઓએ સામાન્ય પ્રકારનું જીવન જીવવાનું નથી. તેમના ખભે કેટલીક વિશેષ જવાબદારીઓ અને વધારાના કર્તવ્યો છે, જેની ઉપેક્ષા થતી રહી તો તેમના અંતરંગમાં આત્મ-તિરસ્કારની એવી અસહ્ય વેદના ઉઠતી રહેશે કે તેમને આત્મગ્લાનિનું કષ્ટ શારીરિક વિષમ વેદનાઓ કરતાં વધુ ભારે પડશે અને તેને સહન કરવાનું મુશ્કેલ બની જશે. શ્રમ, સ્વાસ્થ્ય, યશ, પદ વગેરેની ક્ષતિ સરળતાથી પૂર્ણ થઈ શકે છે. પરંતુ કર્તવ્યની ઉપેક્ષા કરતા રહી જ્યારે જીવનનો અમૂલ્ય અવસર ગુમાવી દેવાથી સમય નીકળી જાય છે ત્યારે પોતાની ભૂલ પર એવો પશ્ચાતાપ થાય છે કે જેની વ્યથા સહન કરવાનું કઠિન બની જાય છે."

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, "આપણા પરિવારમાં કોઈને વેદના સહન ન કરવી પડે, તે ઉત્તમ છે. આપણે જાગૃત સંસ્કારો અને વિશેષ લક્ષ્ય માટે મોકલવામાં આવેલા, અવતરિત થયેલા નવયુગના અગ્રદૂત છીએ. આપણે પોતાનું સ્વરૂપ સમજવું જોઈએ. માર્ગ સમજવો જોઈએ અને સમય રહેતાં જે કરવાનું ઉચિત અને આવશ્યક જ નહીં પણ અનિવાર્ય છે તે કરવું જોઈએ."

**આપણે નવયુગના અગ્રદૂત :**

પરમપૂજ્ય ગુરુદેવે વારંવાર લખ્યું છે "આપ અમને ક્યારેય વ્યક્તિ સમજશો નહિ. આપ અમને શક્તિ સમજો. બધા કાર્યો સમય પર થઈ જશે. બધી સમસ્યાઓનું સમાધાન ફક્ત મનુષ્યનું અંતઃકરણ અને મગજ બદલવાથી થશે. આગમી દિવસોમાં અમે અસંખ્ય લોકોના દિલ-દિમાગને બદલી નાંખીશું. અમે આપના કહેવા માગીએ છીએ કે આપ ભગવાનના રસ્તે ચાલો. ભગવાન આપના રસ્તે ચાલશે. ગુરતત્ત્વને અમે શ્રદ્ધાત્ત્વ કહીએ છીએ, એના દ્વારા ચમત્કાર થાય છે. જો આપની અંદર એ આવી જાત તો આપનું જીવન પણ અમારી જેમ મસ્તીભર્યું હોત. ચમત્કારો અને રિદ્ધિ-સિદ્ધિથી ભરેલું હોત. એના દ્વારા આપને આત્મશાંતિ અને આત્મગૌરવ પ્રાપ્ત થાત. જો આપ અમારો માર્ગ અપનાવી લેત તો આપના સમાન સૌભાગ્યશાળી બીજો કોઈ ન હોત."

**પ્રાણવાનોને શ્રેય :**

ભગવાન ઈચ્છિત પરિવર્તન માટે સંપૂર્ણ યોજના બનાવી ચૂક્યા છે. સાધન પણ ભેગા કર્યાં છે, પરંતુ તેઓ આ પ્રક્રિયાને પૂરી કરવાનો શ્રેય એવા લોકોને આપવા માગે છે, જેઓ આદર્શો પ્રત્યે નિષ્ઠાવાન હોવાની પ્રતિભા અને પ્રામાણિકતાનો પરિચય આપી શકે. બદલામાં શું મળશે તે સામાન્ય સ્તરથી ઊંચે ઊઠીને અસામાન્ય બનેલા મહામાનવોની જીવનગાથાઓનું સ્મરણ કરવાથી સહજ રીતે સમજી શકાય છે. સમયને ઓળખવો અને અવસર ન ચૂકવો એ જ જાગૃતો અને જીવંતો માટે અભીષ્ટ છે. આ સુયોગ હાથમાંથી ન જવા દેવામાં જ બુદ્ધિમાની છે.

પૂજ્ય ગુરુદેવના ઉપર્યુક્ત વિચારોનું ગંભીરતાથી ચિંતન-મનન કરતા રહી આપણા સૌનું કર્તવ્ય છે કે મિશનના બધા પ્રજ્ઞાપુત્ર, સમયદાની, વાનપ્રસ્થી અને પરિવ્રાજકો પોતપોતાના વિસ્તારોની શાખાઓમાં જઈને જાગૃત આત્માઓને સંગઠિત કરવાના પ્રયાસોમાં જોડાઈ જાય. જ્યાં સંગઠન બની ચૂક્યાં છે, ત્યાં વિચારગોષ્ઠિઓ કરીને આપસી મતભેદો ભુલાવીને, ટોળકીઓ બનાવીને નવા ક્ષેત્રોમાં જઈ સંગઠન બનાવવામાં જોડાઈ જાય. બધા સંગઠનોને અનુરોધ છે કે પોતપોતાના સંગઠનના સક્રિય કાર્યકર્તાઓની સંપૂર્ણ સૂચિ, પૂરું નામ અને સરનામા મોકલવાનો પ્રયાસ કરે. સંગઠન વર્ષ દરમિયાન શું શું કરવાના સંકલ્પ લીધા છે તે પણ લખી મોકલે. ગાયત્રી પરિવારના બધા વિચારો સમય સમય પર આપતા રહીશું. યુગશક્તિ ગાયત્રી માસિકના દરેક વાચકને અનુરોધ છે કે તેમનું માસિક ૧૦-૧૦ પરિજનોને વંચાવે તથા સભ્ય બનાવતા રહે. સામૂહિક રૂપે રકમ એકત્રિત કરી વધારે માસિક મંગાવીને એક એક માસિક વેચાતુ આપીને પણ વિચારધારા પહોંચાડી શકાય છે. પોતે કરેલા પ્રયાસોથી અમને માહિતગાર કરતા રહેશો. આગામી અંકો અવશ્ય વાંચતા અને વંચાવતા રહેશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંસ્કાર પરિશિષ્ટ

ઉચ્ચ ઉદ્દેશ્યો સાથે જોડાયેલા કર્તવ્યપાલનનું જ બીજું નામ કર્મયોગ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

संस्कार परिशिष्ट

# આપણા પ્રેરણાદાયી સંસ્કારોની પરંપરા

ઈશ્વરપ્રાપ્તિ એ મનુષ્ય જીવનનું મુખ્ય લક્ષ્ય છે. જ્યાં સુધી ઈશ્વર પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી તેની જીવનયાત્રા પૂરી થતી નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ છે અને તે છે શ્રેષ્ઠ અને દિવ્ય જીવન. જીવનમાં શ્રેષ્ઠતા અને દિવ્યતાનો સમાવેશ કરવા માટે જ ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોની વ્યવસ્થા કરવામાં આવી છે. એ વાત સો ટકા સાચી છે કે આપણા સદ્‌ગુણો વડે જ આપણું જીવન મહાન બને છે. સદ્‌ગુણો ન વિકસાવીએ તો મનુષ્ય મહાનતા પ્રાપ્ત કરી શકતો નથી. સંસારમાં જેટલા મહાનુભાવોએ જન્મ લીધો છે તેમના જીવનની સફળતાનો મુખ્ય આધાર તેમનામાં રહેલાં સદ્‌ગુણો જ છે. સદ્‌ગુણો વગર માનવી એ માનવી નથી બની શકતો, પશુ જેવું જીવન વિતાવીને મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકતો નથી.

માનવીની ગરિમા માટે સદ્‌ગુણ જરૂરી જ નહિ, પરંતુ અનિવાર્ય પણ છે. સંસ્કારોનું સિંચન એ જ સદ્‌ગુણોને જીવનમાં ઉતારવા માટેનો એક સશક્ત મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક પ્રયાસ છે. સદ્‌ગુણોનું વ્યક્તિત્વ સાથેનું મિલન એટલે જ સંસ્કાર. સદ્‌ગુણો બાબતે માત્ર વિચારો કરવા એને માત્ર સુચિંતન કહેવાય, પરંતુ સદ્‌ગુણોને સ્વભાવનું અંગ બનાવવા એને સંસ્કારી બનવું એમ કહેવાય. ફક્ત સંસ્કારીને જ સુસંસ્કૃત અને સંસ્કારવાન કહી શકાય અને સુસંસ્કારી બનવું એ જ માનવજીવનની મુખ્ય વિશેષતા છે. આ વિશેષતાના આધારે જ માનવીને એવી પાત્રતા પ્રાપ્ત થાય છે જે વડે એને શ્રેષ્ઠ પરિણામો મેળવવાનો અધિકાર મળે છે.

સુસંસ્કારી બનવું એ કંઈ એકાદ બે દિવસોના પ્રયત્નોથી શક્ય નથી. સજાગ કર્મો અને સતત પ્રયત્નો વડે જ એ શક્ય છે. ધાતુઓને શુદ્ધ કરવા માટે તેને ગરમ કરીને પીગાળવી પડે છે. ડાઘ લાગેલાં વસ્ત્રોને સારી રીતે ધોવાં પડે છે. પથ્થરમાં દિવ્ય કલાકૃતિ કોતરવાની કુશળતા સામાન્ય પ્રયાસોથી શક્ય નથી. મનુષ્ય સંસારનું સર્વોત્તમ પ્રાણી છે. એ ઈશ્વરની એક સર્વોત્તમ ભેટ છે, શ્રેષ્ઠ નિર્માણ છે, મનુષ્ય જીવનમાં દાખલ થયેલી વિકૃતિઓ, ગંદકી અને કલેશને દૂર કરવાનું કાર્ય કોઈ સામાન્ય વાત નથી. માનવ વ્યક્તિત્વ જેટલું મહાન છે, તેટલું જ જટિલ પણ છે. એમાં પરિવર્તન લાવીને તેને સંપૂર્ણ શુદ્ધ કરવું એ એક અસાધારણ અને કઠોર પરિશ્રમ છે. એ કંઈ સહેલું કાર્ય નથી મનુષ્યને તેની વિકૃતિઓથી મુક્ત કરીને ઈશ્વરમાં એકરૂપ કરવાનો પ્રયાસ તમામ પુરુષાર્થોમાં સૌથી મહાન છે. મનુષ્ય જન્મથી જ કાચી માટીના એક પિંડ જેવો છે. તે પોતાની જાતે દેવસ્વરૂપ પ્રાપ્ત નથી કરી શકતો. કલાકારના હાથે સજાવી-સુધારીને દિવ્ય સર્જનનું રૂપ ધારણ કરે છે. ઋષિ-મુનિઓએ મનુષ્યજીવન સુધારવાની ક્રિયાનું નામ સંસ્કાર રાખ્યું. સંસ્કાર જ એ મહાન કલાકારના હાથનું કામ કરે છે, જેના વડે પથ્થરને દિવ્ય મૂર્તિ બનાવી શકાય છે. સંસ્કાર મેળવ્યા વગર માનવી પેલા બાળવરુ જેવો બની જાય છે, જેનામાં માનવીના કોઈ ગુણોનો વિકાસ થયો નહિ. વરુઓની વચ્ચે ઉછરવાને કારણે બધા સંસ્કાર વરુના જ આવી ગયા, ભલે તેનો દેહ માનવીનો રહ્યો.

મનુષ્યનું જીવન એક ખેતર જેવું છે, જેમાં માનવી જેવું વાવશે તેવું જ લણશે. તે આપોઆપ વિકસિત થવું તો દૂર રહ્યું, સામાન્ય મનુષ્ય સ્વભાવ પણ મેળવી શકતો નથી. સંસ્કારરૂપે જે વાવણી કરવામાં આવશે તે વ્યક્તિત્વમાં લણી શકાશે. ઋષિ-મુનિઓએ એટલે જ મનુષ્યને સંસ્કારી બનાવવાના પ્રયાસમાં સમગ્ર વાતાવરણને સ્વચ્છ રાખવા પર ભાર આપ્યો છે કે જેથી મનુષ્યની આસપાસનું વાતાવરણ તેને કલંકિત ન કરી શકે. એમણે બતાવેલાં સૂચનો અને વ્યવસ્થા જ એવાં છે કે માનવી માત્રમાં જીવન વાતાવરણમાં સુસંસ્કારી તત્ત્વો એટલાં વણાઈ જાય કે કુસંસ્કારો રહી જ ન શકે, ઊગે તો પણ તેનાં મૂળ ન ટકે. વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનને યોગ્ય દિશા આપવાનું અને ઉત્કૃષ્ટતાથી ઓતપ્રોત બનાવી રાખવાની મહાન જવાબદારી નિભાવવા એ જ પૂજારીઓ, પુરોહિતો, બ્રાહ્મણો અને સંતોનું કાર્ય હતું. સમયના વહેણમાં બધા જીવનની મુખ્ય જવાબદારીને ભૂલતા ગયા. બિહામણાં હાડપિંજર, સડેલી લાશો વધી ગઈ અને જીવંત પ્રખર વ્યક્તિત્વ ઓછાં થતાં ગયાં. યુગનિર્માણ મિશને પ્રગતિશીલ વિચારોથી સંપન્ન, જનકલ્યાણના કાર્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે વાસ્તવિક રૂપે સમર્પિત પુરોહિતો, બ્રાહ્મણો અને પરિવ્રાજકોને તૈયાર કર્યા છે, જે સાચા અર્થમાં લોકોમાં સંસ્કાર સિંચન કરવાનો પ્રયત્ન કરી શકે.

સંસ્કાર પાડવા એ માનવીના પોતાના પ્રખર વ્યક્તિત્વથી જ બની શકે છે. દશરથનો પુત્રેષ્ટિ યજ્ઞ, ગર્ભાધાન સંસ્કારનું જ એક રૂપ હતો, જે સંપન્ન કરાવવા માટે શ્રૃંગી ઋષિ જેવા વિશિષ્ટ સાધક પુરોહિતનો સહયોગ લેવો પડ્યો હતો. ઋષિ વશિષ્ઠ જેવા પુરોહિત જ રઘુકુળને સંસ્કારોથી ઓત-પ્રોત કરી સમાજને દિવ્ય રત્ન આપતા રહ્યા. અવતારી ચેતનાને પણ તેમણે સંસ્કાર આપ્યા.

નાટક, પ્રહસન અને મનોરંજનના કાર્યમાં કુશળ અભિનય કરનાર સફળ વ્યક્તિ બની શકે છે. કથા, વાર્તા, પ્રવચન કોઈપણ અભ્યાસુ વ્યક્તિ કરી શકે છે, પરંતુ પુરોહિતનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર કેળવવાનું કાર્ય કઠોર પ્રયત્નનું અને તપશ્ચર્યાનું કામ છે. પુરોહિતમાં બ્રાહ્મણ અને સંતનો સમન્વય હોવો જોઈએ.

અનેક ધાર્મિક ગ્રંથો શિક્ષણથી ભરેલા છે. દરેક નાની-મોટી વ્યક્તિ શિક્ષણ આપતી રહે છે. સારી સારી સલાહ આપનાર આખો દિવસ મળતા રહે છે, પરંતુ હૃદયને સ્પર્શે અને હૃદય પરિવર્તન કરનાર ઉપદેશ તો પ્રામાણિક ચરિત્રવાન વ્યક્તિઓની વાણીમાંથી જ નિઃસ્ત્રૃત થઈ શકે છે. એટલા માટે સફળતાપૂર્વક સંસ્કાર સીંચવાનું કાર્ય મહદંશે સુયોગ્ય પુરોહિત ઉપર જ નિર્ભર હતું. જે સાચું જ છે.

કોઈ વ્યક્તિ પૂજાનું કાર્ય કરે કે કરાવે, વેદમંત્ર બોલે કે અન્ય આધ્યાત્મિક ક્રિયાકાંડ કરે પરંતુ તેના પોતાના ગુણ, કર્મ અને સ્વભાવમાં અન્ય લોકો માટે પ્રેરણાદાયી ઉત્કૃષ્ટતા નહિ હોય તો તેની વાત સંદિગ્ધ બની જાય છે. સંદિગ્ધતા હોય તો સફળતાની આશા પણ રાખી શકાશે નહિ. સંસ્કાર કોઈ કર્મકાંડમાં નથી, સંસ્કાર સિંચન કરનારના પ્રાણમાં સંસ્કાર સિંચનની ક્ષમતા હોય છે. જો પ્રાણ નિર્બળ હશે તો પ્રવાહ પણ નિર્બળ રહેશે. જે કાર્યને અધૂરાં છોડી દેશે. માનવને મહામાનવના રૂપમાં ઘડનારી દિવ્ય વિદ્યા સંસ્કાર પ્રક્રિયાને ઋષિઓએ ખૂબ ગંભીર ચિંતન તથા તેનાં દૂરોગામી સત્પરિણામોને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકી હતી. સંસ્કાર, પરિવારનું નિર્માણની વિશિષ્ટ ક્રિયા યોજના છે. પરિવાર નિર્માણ જ વ્યક્તિનિર્માણ અને સમાજનિર્માણનો મધ્યસ્થ આધાર છે.

## પુંસવન સંસ્કાર

વ્યક્તિના જન્મ પહેલાં જ, તેને જન્મ લેવાનો છે તે પરિવાર કેવો હોવો જોઈએ તે બાબતમાં વિચારવામાં આવે છે. તે ફક્ત પરિવારનો જ નહીં, સમાજનો પણ સભ્ય હશે. તેની શ્રેષ્ઠતા અથવા નીચતાની અસર પરિવાર અને સમાજ બંને ઉપર પડશે. આથી જન્મ આપતાં પહેલાં આપણી તે તૈયારી જોઈ લેવી જોઈએ, જે તૈયારી વ્યવસ્થામાં એક વ્યક્તિ જન્મ લઈને શ્રેષ્ઠ બની શકે છે. જન્મ પહેલાં જ સંસ્કારનો વિચાર કરી લેવો જોઈએ. સંસ્કાર વ્યવસ્થા પૂરી કર્યા વિના જન્મ જ ન આપવો જોઈએ. જન્મ આપવો એ મહાન જવાબદારી છે. તેથી તેને સારી રીતે નિભાવવી જોઈએ.

જન્મ આપવાને ખૂબ મહત્ત્વપૂર્ણ કાર્ય સમજીને તેને અનુરૂપ યોગ્યતા મેળવવાની, વાતાવરણનું નિર્માણ કરવાની સભાનતા એ સંસ્કારની સર્વપ્રથમ પ્રેરણા છે. જન્મ પહેલાં સંસ્કારની વાત વિચારવાના ઘણાં બધા લાભ હતા. લોકો, સારી રીતે પાલન પોષણ થઈ શકે અને તેમને સદ્‌ગુણી બનાવી શકે, તેટલાં જ બાળકો ઉત્પન્ન કરતા હતા. સમગ્ર વિશ્વના હિતમાં ઓછાં સંતાનો રાખવાં જોઈએ, જેથી વિશ્વની વ્યવસ્થા સુંદર રીતે ચાલે. જીવન નાના સરખા પરિવારમાં જ જીવીને મૃત્યુના મુખમાં જવા માટે નથી, તેથી ઓછાં બાળકો વડે ગૃહસ્થ જીવનનો ભાર હળવો રાખીને, તેમના પ્રત્યેની જવાબદારીઓ પૂર્ણ કરીને પરમાર્થ માટે જીવન અર્પણ કરવું જોઈએ. વ્યક્તિની ભલાઈ અને બુરાઈનો પ્રભાવ તેનાં કૃત્યો વડે સમગ્ર સમાજ પર પડે છે. તેથી સમાજના હિતને ધ્યાનમાં રાખીને લોકો અણઘડ બાળકો પેદા કરતાં અચકાતા હતા. સંસ્કારહીન બાળકો આપણાં યશ, ગૌરવ, વૈભવનો નાશ કરી નાંખશે. સમાજ માટે ભારરૂપ જ નહિ, પરંતુ પીડા-પતનનું કારણ બનશે, જેના પાપનું પ્રાયશ્ચિત્ત આપણે પણ ભોગવવું પડશે એવું વિચારીને સંતાન પેદા કરવામાં વિશેષ સાવધાની રાખતા હતા. આવી જાગૃતિને કારણે વાસનામય જીવનમાંથી પણ છુટકારો મળે છે અને સંયમ દ્વારા ઉદ્‌ભવતી વિશેષતાઓ વ્યક્તિત્વને સુશોભિત કરે છે.

જો બાળક શ્રેષ્ઠ પેદા કરવું હોય તો આપણે પણ શ્રેષ્ઠ જ બનવું જોઈએ. લોકોને આવું વિચારવાની તથા કરવાની પ્રબળ પ્રેરણા સંસ્કારથી મળતી હતી. આ કથન સંપૂર્ણ સત્ય છે. જેવું બી તેવું વૃક્ષ અને ફળ. જેવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યોગ્યતાઓ બાળકમાં ઉતારવા માંગતા હતા, તેના માટે માતા-પિતા પોતાને સારી રીતે સંસ્કારિત કરવામાં લાગી જઈને એ યોગ્યતા મેળવતા હતા. નવા બાળકના નિર્માણ પહેલાં, માતા-પિતાનું નિર્માણ નવા પ્રકારે થઈ જતું હતું. પોતાને શ્રેષ્ઠ માનવના રૂપમાં ઘડવાનો માતા-પિતાનો પ્રયત્ન કૌટુંબિક અને સામાજિક વાતાવરણને પણ પ્રભાવિત કરતો હતો, કુટુંબનો પણ પ્રત્યેક સભ્ય વિચારતો હતો કે ઘરમાં સુસંસ્કારી વાતાવરણ રહે, જેથી બાળકો પર સારી છાપ પડે. સમાજના લોકો પણ સંસ્કારની પ્રેરણા અંતર્ગત એમ વિચારતાં હતા કે નવી પેઢીને વિચારવા, કરવા અને અપનાવવા માટે જરૂરી સારપ જ આપણા ક્રિયાકલાપોમાં હોય, દુષ્પ્રવૃત્તિઓનો નાશ કરતા રહીએ.

## નામકરણ સંસ્કાર

બાળક જન્મે ત્યારે તેનું નામ પાડવામાં આવે છે. નામકરણને પણ સંસ્કાર વ્યવસ્થામાં સામેલ કરવામાં આવ્યું, જેથી નામ રાખવામાં કોઈ અસાવધાની ન રહી જાય. જન્મથી બાળકનું કોઈ નામ હોતું નથી. બાળક પોતાને માટે કોઈ નામ બતાવી પણ શકતું નથી. માતા-પિતા, પરિવારના લોકો જ પોતાની પસંદગી અનુસાર નામ રાખે છે. આપણે અર્થસભર નામ જ પાડીએ છીએ. જે નામનો કોઈ અર્થ ન હોય તેવું નામ પાડવામાં આવતું નથી. નામના અર્થમાં જે વિશેષતાઓ ઉત્કૃષ્ટ લાગે તેના આધારે બાળકનું સુંદર નામ પાડવું જોઈએ. કારણ કે નામનો સંબંધ વ્યક્તિ સાથે કાયમ જોડાયેલો રહે છે. આથી નામનો આધાર કોઈ ને કોઈ પ્રકારની વિશેષતા હોય ત્યારે જ તે સુંદર છે અન્યથા વ્યક્તિએ પોતાની બાબતમાં ઉચિત સંકેત મેળવતા રહેવાના લાભથી વંચિત રહેવું પડશે.

કોઈ પણ નવજાત શિશુને ગમે તે નામ આપી શકાય છે, તો શા માટે આદર્શ ગુણો, વિશેષતાઓ અભિવ્યક્ત કરે તેવા અર્થવાળું નામ ન આપવું જોઈએ ?

નામ સાથે કામને ગાઢ સંબંધ છે. જો આપણે કોઈ શ્રેષ્ઠ યોજનાને લક્ષ્ય બનાવીને કામ કરવું હોય તો તેનું યોગ્ય નામકરણ કરીએ છીએ. કોઈ વ્યક્તિ હોય કે દુકાન, સંસ્થા કે સંગઠન હોય, સુંદર નામની દરેક જગ્યાએ જરૂરિયાત હોય છે. શ્રેષ્ઠ વ્યક્તિઓ નામની ગરિમા જાળવવા માટે પ્રાણના ભોગે પણ વ્યસ્ત રહેતી જોવા મળી છે. ‘‘નામ તેવા ગુણ’’ની ઉક્તિ આવાં લોકો જ સિદ્ધ કરે છે, જેઓ નામને પ્રતિષ્ઠાનો પ્રશ્ન માનીને નિષ્ઠાપૂર્વક તેને સાર્થક કરવામાં પ્રયત્નશીલ રહે છે.

નવજાત બાળકોને સૌથી મોટી, પહેલી ભેટ ‘નામ’ જ છે. નામ વડે તે પોતાને જોડવાની શરૂઆત કરે છે. હંમેશને માટે તે તેની સાથે અભિન્ન થઈ જાય છે. મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક, પ્રેરણાદાયક, સદ્‌ગુણવાચક, દેવી-દેવતાઓ સંબંધિત તથા અન્ય અગણિત વિશેષતાઓથી ભરેલાં અસંખ્ય નામો જગતમાં છે, તે અથવા તેના આધારે નવાં નામ રાખીને બાળક માટે સુંદર સંબોધન શબ્દ આપવો જોઈએ. જે તેને જીવનભર પોતાની ભાવઊર્જા આપતો રહે. મકાન ગમે તેટલું સારું બનાવ્યું હોય, પરંતુ તેના પર ‘‘મદિરાલય’’ નામનું બોર્ડ લગાવી દેવાથી સજ્જન લોકો તેનાથી દૂર જ રહેશે. પરંતુ ભાંગીતૂટી ગૂફા જ હોય અને તેને ‘‘શિવાલય’’નું ગરિમામય નામ આપી દેવામાં આવે તો દરેક વ્યક્તિને ત્યાં જવાનું મન થશે અથવા દૂરથીય પ્રણામ કરી લેશે. ‘‘રસ ચોરનારનું નામ ચીનીપ્રસાદ નહીં.’’ એવી એક કહેવત છે. તે સાચી પડતી જોવા મળે છે, પરંતુ તેને કારણે સારાં નામ રાખવાનો નિર્ણય તો બદલી શકાય નહિ. ભગવાનની દુનિયા આમ તો સુંદર જ છે, તેને વધારે સુંદર બનાવવામાં, સમુન્નત કરવામાં જે જે ભાવો, વિચારો, આસ્થાઓ, આદર્શોની સ્થાપના જરૂરી લાગતી હોય, તેનો બોધ આપે તેવું નામ નવા શિશુને આપી શકાય છે. તેને શ્રેષ્ઠ, ઈચ્છિત ગુણોનું જીવંત રૂપ બનાવી શકાય છે.

સમાજમાં ઉત્કૃષ્ટતા સંવર્ધનનાં અનેક કાર્યો થાય છે. મનુષ્ય પોતાના સામર્થ્ય પ્રમાણે પસંદ કરેલાં કાર્ય કરે છે. જરૂરી નથી કે તેમાં પિતા જોડાયા તેથી પુત્ર ન જોડાય. પુત્ર પિતાનાં કાર્યોને પૂરાં કરી શકે છે. શ્રેષ્ઠ કાર્યો પુત્રએ કરવાં પણ જોઈએ. પિતા દ્વારા પસંદ કરાયેલી વિશેષતાઓ ઉપરાંત અન્ય શ્રેષ્ઠ વિશેષતાઓને પુત્ર ધારણ કરી શકે છે. આમ કરવા માટે તે સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. બાહ્ય જીવનમાં સંસારના હિતમાં કોઈ કાર્ય કેમ ન કરે. ડોક્ટર, વકીલ, ઈજનેર, રાજનેતા કેમ ન બને, પરંતુ આંતરિક જીવનમાં તેણે દૈવી ભાવનાઓનું પ્રતિનિધિત્વ કરવું જ જોઈએ. નામકરણનો મુખ્ય આધાર આ જ તથ્ય છે તે ભૂલવું ન જોઈએ.

## અન્નપ્રાશન સંસ્કાર

સંસ્કારોના ક્રમમાં આગળનો મહત્ત્વપૂર્ણ સંસ્કાર છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અન્નપ્રાશન. જીવન જીવવા માટે હવા, પાણી, અન્નની પ્રાથમિક જરૂરિયાત હોય છે હવા સૌથી વધુ સુલભ પણ છે. પાણી પણ વિશાળ પ્રમાણમાં છે અન્ન માટે શ્રમની જરૂરિયાત વિશેષ રહે છે. અન્નનો સંબંધ માત્ર પેટ ભરવા સાથે નથી હોતો, અન્નનો સંબંધ શરીર નિર્માણ કરતાં મનનિર્માણ સાથે વધારે છે. મનનિર્માણ સાથે અન્નનો સંબંધ છે. આજની કહેવાતી સમજદારી તે સ્વીકારતી નથી, તેની મજાક ઉડાવે છે એટલે સુધી કે મોટા-મોટા ધર્માચાર્યો, વિદ્વાનો, સંતો પણ આ તથ્યને પૂર્ણ વિશ્વસનીય માનતા નથી. આથી તેમની અને તેમના અનુયાયીઓની સાધનાત્મક પ્રગતિ જેવી થવી જોઇએ તેવી થતી નથી.

વિચાર કરવા ખાતર તો દરેક સારી-ખરાબ વસ્તુનો વિચાર કરવામાં આવે છે, પરંતુ જે અનિયંત્રિત, અચિંત્ય, નિષેધાત્મક વિચારણા છે તે માનસિક સ્વાસ્થ્ય, મનની સ્વચ્છતા માટે પ્રતિકૂળ જ હોય છે. જીવનને ઉપયોગી, ગરિમાપૂર્ણ વિચાર જ જીવનના નિર્માણ માટે કામમાં આવે છે. જાત-જાતના વ્યર્થ વિચારોનો કચરો દૂર કરવો અને ફેંકવો જ પડે છે. આ જ રીતે ખાવામાં આવતી બધી જ વસ્તુઓ ઉપયોગી જ હોય છે એવું જરૂરી નથી. ખાવામાં આવતી ઘણી બધી વસ્તુઓ શરીર, મન, મસ્તિષ્કને ખરાબ રીતે નુકસાન પહોંચાડે છે. કેફી પદાર્થો, માંસ, માછલી વગેરે અભક્ષ્ય આવા જ ખાદ્યપદાર્થો છે. જેને નિષિદ્ધ માનવામાં આવ્યા છે, તેને અપનાવી ન શકાય. આ વિશે મોટા ભાગના લોકો જાણે છે અથવા પ્રયત્ન કરીને જાણી શકે છે. સાત્ત્વિક ખોરાક જ મનુષ્યત્વનું મૂળ છે એ જાણવું પણ જોઈએ અખાદ્ય, અભક્ષ્ય ભોજન જ પશુતા અથવા રાક્ષસપણા તરફ ધકેલે છે, તેથી ભક્ષ્ય પદાર્થો જ ખાવા માટેની દરેકે ટેવ પાડવી જોઇએ.

બધા જ પતન-પરાજયનું કારણ ભોગવાદી પ્રવૃત્તિને માનવામાં આવે છે. બધી જ ભોગવાદી પ્રવૃત્તિઓનું મૂળ છે - ભોગ માટે ભોજન કરવું. જાત-જાતના સ્વાદો માટે, પૈસા, સમય, સ્વાસ્થ્ય, સભ્યતા બધાને બરબાદ કરીને સુખ ભોગવવાની પ્રવૃત્તિ અપનાવવી એ અસંયમી જીવનનું મૂળ કારણ છે. અસંયમિત જીવનની શરૂઆત જીભથી જ થાય છે. જો જીભ પર સંયમની લગામ બાંધવામાં આવતી હોત તો કોઇપણ ઈન્દ્રિયના ક્ષેત્રમાં અનુશાસનહીનતા ફેલાતી ન હોત.

વ્યક્તિ વિચારે છે કે આપણે પોતાનું ખાઈ રહ્યા છીએ, પોતાના પૈસાથી ખાઈ રહ્યા છીએ. દુનિયામાં ઘણી સારી વસ્તુઓ છે, સ્વાદિષ્ટ વસ્તુઓ છે તો ખાવા માટે જ. જયારે, જેટલું, જે કાંઇ, જેવું ઇચ્છીએ તે ખાઇએ તો એમાં વળી ક્યો અપરાધ, અનૈતિકતા કે અધર્મ ? વિવેકની કસોટી પર આ ચિંતન બરાબર નથી. મનુષ્યએ વિચારવું પડશે કે જે કાંઇ તેની ઈન્દ્રિયોને સારું લાગે છે તેનો શું તે અમર્યાદિત ઉપયોગ અને ઉપભોગ કરવા માટે સમર્થ છે ? ક્યારેય નહીં, મનમાન્યો ઉપયોગ, ઉપભોગ સંભવ નથી, તેની કોઈ સીમા નથી. કોઈ પણ આ પ્રકારની ઇચ્છાઓ ક્યારેય પૂરી કરી શક્યા નથી કે ક્યારેય પૂરી થવાની નથી તો શા માટે જીવનના દરેક ક્ષેત્રમાં મનુષ્ય મર્યાદાનો સ્વીકાર ન કરે ? પછી ભલે તે કામવાસનાનું ક્ષેત્ર હોય કે સ્વાદવાસનાનું. મર્યાદામાં તો બંધાવું જ પડશે. આ બરાબર પણ છે અને અનિવાર્ય પણ છે. બધી જ ઈન્દ્રિયોને મનમાની કરવા માટે છૂટી મૂકી દેવામાં આવે તો જીવનનું લક્ષ્ય ક્યારેય પૂર્ણ નહીં થાય. કાન પોતાની પસંદગીનું સંગીત આખો દિવસ સાંભળવા માંગે, આંખ પોતાની પસંદગીનું કરતી રહે, નાક પોતાની પસંદગી મેળવવામાં મગ્ન રહે. કામેન્દ્રિય-સ્વાદેન્દ્રિય પોતપોતાની પૂર્તિમાં મનુષ્યને પાગલ બનાવી રાખે તો મનુષ્ય સુખ તો ઠીક, લક્ષ્ય સુધી વધવાનુંય ઠીક, અશાંતિ, પીડા, પતનની ધારાઓનો તુચ્છ સંગમ બનવા સિવાય બીજું કાંઈ બની શકે નહિ.

ભોજનના ક્ષેત્રે મનમાની કરવી એ ભલે અનૈતિક ન લાગતું હોય પરંતુ હાનિકારક તો છે જ. ભોગવાદ જ આમાં ગડબડ કરતો હોય છે. આથી તંદુરસ્તી માટે ઉપયોગી વસ્તુઓ માત્ર જરૂરિયાત પૂરતી જ ગ્રહણ કરવી એ જ ભોજનનો ઉદ્દેશ હોવો જોઈએ સરળમાં સરળ ભોજનમાં જે સ્વાદ મળે તેને જ સર્વ સ્વાદોનો સાર માનીને પ્રસન્ન રહેવું જોઈએ. સ્વાદ મેળવવા માટે વિવિધ વાનગીઓ શોધતા ન રહેવું જોઈએ. જયારે સ્વાસ્થ્ય બગડે છે ત્યારે જીવનરક્ષણ માટે પ્રિયમાં પ્રિય, સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ વસ્તુઓ પણ છોડવી પડે છે. તે સમયે મજબૂરીને કારણે, પણ સાદામાં સાદા ખોરાક, રસ વગેરે ઉપર નિર્ભર રહેવું પડે છે. મનમાન્યા સ્વાદના ચક્કરમાં શારીરિક સ્વાસ્થ્યની બગડેલી અવસ્થા જોવા મળે છે આનાથી પણ વધારે ઘાતક હોય છે - આંતરિક મનોભૂમિ. જેમાં ચંચળતા, અસંયમતા, લાલચ, વાસના વગેરે અનેક વિજાતીય તત્ત્વો ભોજન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રત્યે ભોગ ઈચ્છાના કારણે પેદા થઈ ચૂક્યા હોય છે, જે મનને સાધના કરવાયોગ્ય થવા જ દેતાં નથી.

ભોજનની પ્રાકૃતિક ગુણ વિશેષતાઓ ઉપરાંત ભોજન સાથે જોડાયેલાં બીજા કેટલાય તત્ત્વ છે - ઈમાનદારી, પરિશ્રમ વડે મેળવેલું અન્ન, ભોજન બનાવવામાં, પીરસવામાં, ખાવામાં આદિ તમામમાં સત્વની પ્રધાનતા. બાળક માના દૂધ પર ઉછરે છે, જરૂર પડતાં તેને અન્ન આપવાનું જ છે તો અન્ન અર્થાત્ ભોજન સંબંધી શ્રેષ્ઠ ધારણાનું પરિપાલન પરિવારમાં પહેલેથી જ થતું રહેવું જોઈએ. અન્નપ્રાશનથી પ્રેરણા ભોજનના આદર્શ સ્વરૂપ માટે જ છે. જો પરિવારમાં ભોજન યોગ્ય રહેશે, તો બાળકોને પણ યોગ્ય મળશે. આથી બાળકોનો પણ સાચો વિકાસ થઈ શકશે.

સાચું ભોજન - સાચા જીવનનો આધાર છે, એ કહેવત સો ટકા સાચી છે આ તથ્યને ધ્યાનમાં રાખીને જ મનીષીઓએ ભોજન વિશેની વિવેકયુક્ત, ઔચિત્યપૂર્ણ માન્યતાઓ અપનાવવા અને તેનો લાભ બાળકોને આપવા માટે અન્નપ્રાશન સંસ્કારની વિધિ આપી હતી

## મુંડન સંસ્કાર

ખેતરમાં બી વાવતાં પહેલાં ખેતર ખેડવું પડે છે. કાંકરા-પથ્થર, ખડ, ઘાસ, સૂકાં પાંદડાં દૂર કરીને પછી જ બી વાવવાનું અથવા છોડ રોપવાનું કાર્ય થાય છે માનવ મસ્તિષ્કમાં નવા ઉપયોગી વિચાર સંસ્કાર પાડતાં પહેલાં તેને શુદ્ધ, પરિષ્કૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રયત્નનું આધ્યાત્મિક સ્વરૂપ મુંડન સંસ્કાર છે. મુંડન સંસ્કારનું જ અવિચ્છિન્ન અંગ શિખા સ્થાપન છે. શિખા સ્થાપનના માધ્યમથી બાળકના મસ્તિષ્કમાં ગાયત્રી તત્ત્વદર્શનને દાખલ કરવામાં આવે છે. પહેલાં સફાઈના રૂપમાં માથા પરના બધા જ વાળ કાઢી નાંખવામાં આવે છે. એવી ભાવના કરવામાં આવે છે કે જન્મ-જન્માંતરોના કુસંસ્કારો, દોષ-દુર્ગુણોનો નાશ થઈ રહ્યો છે. હવે નવી ચેતના, પ્રજ્ઞા ચેતનાની સ્થાપનાથી આ બાળક દૂરદર્શિતા, આદર્શવાદિતાનું જીવન જીવી શકશે. સદ્બુદ્ધિ દ્વારા ઉદ્ભવેલા સદ્વિચારો વડે જ તેના જીવનનું સંચાલન થશે. સદ્બુદ્ધિ આપનારી શક્તિ ગાયત્રીની પ્રતિકપ્રતિમા શિખાના રૂપમાં મસ્તિષ્કના સર્વોપરિ ભાગમાં સ્થાપિત કરવામાં આવે છે

મસ્તિષ્ક પર ભાવનાનું, ઉત્કૃષ્ટ વિચારણાઓનું આધિપત્ય રહે તો જ તે જીવનરથને સાચી દિશામાં ચલાવી શકે છે. આ તથ્ય જ મુંડન સંસ્કાર, શિખા સ્થાપનની ક્રિયામાં સમાયેલું છે. પ્રગતિશીલ જીવન માટે વિવેકયુક્ત વિચારો જરૂરી છે. જો જૂના વિચારોને દૂર કરવામાં ન આવે તો નવા વિચારોને ક્યાં જગ્યા મળશે ? આથી નવા વાળની જેમ નવા ઉપયોગી તથ્યો સિદ્ધાંતોને અપનાવવા માટે જૂનાનો મોહ છોડી દઈને તેની સફાઈ કરતા રહેવું જોઈએ જૂના વાળ નીકળી જાય છે તેની જગ્યાએ નવા આવે છે. અનુપયોગી વિચારો પણ દૂર થાય અને નવા ઉપયોગી વિચારો આવે. વાળમાં શિખાના વાળ વિશેષ હોય છે. ઉપયોગી વિચારોમાં પણ શ્રેષ્ઠતા, આસ્તિકતાના વિચારોને વિશેષ મહત્ત્વ આપીએ એ જ શિખાને વિશેષતા આપવાનો આધાર છે

ભારતીય ધર્મસંસ્કૃતિ દેવ સંસ્કૃતિ છે. પરમ વિકસિત, વૈજ્ઞાનિક માનવ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિને આપણે હંમેશાં મહત્ત્વ આપીશું. એના અનુશાસનોને સ્વીકારીશું. એના સાચા અનુયાયી બનવામાં જીવનનું ગૌરવ અનુભવીશું. સંસ્કૃતિના દિવ્ય પ્રતીક શિખાને માથા પર ધારણ કરવામાં આ જ તથ્ય સમાયેલું છે. બાળકને શિખાની યાદ રહેશે, તેને ધારણ કરવાનું મહત્ત્વ સમજશે, તો નિશ્ચિતપણે તેનો ઝોક, તેની દિશા ધર્મસંસ્કૃતિના ઉત્કૃષ્ટ માર્ગ પર આગળ વધવા તરફ જ રહેશે.

આજકાલ ભારતીય સંસ્કૃતિનાં ઘણાં બધાં ઉપયોગી અનિવાર્ય સૂત્રોને લોકો પછાતપણાનું પ્રતીક માનીને છોડી રહ્યાં છે. ભારતીયતા પ્રત્યે પરોક્ષરૂપે ઘૃણા કરે છે. દરેક વસ્તુમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ જ ઉપયોગી દેખાય છે. એમ લાગે છે કે સમગ્ર માનવીય વિકાસના પૂર્ણતમ સ્રોત એમાં જ સમાયેલાં છે. સારા સારા વિચારકો, વક્તા, ધર્મ અનુયાયી, દેશપ્રેમી બધા બહારથી જ નહિ. આંતરિક રીતે પણ ભોગવાદી સંસ્કૃતિ સામે માથું નમાવી ઊભા છે આ તો ચાસણી પર માખીનું બણબણવા જેવું છે. પશ્ચિમી સંસ્કૃતિનાં પણ ઉપયોગી તત્ત્વોને લેવાં જોઈએ, પરંતુ દેવસંસ્કૃતિ પ્રત્યે દુરાગ્રહ રાખીને તેનાં સોનેરી સૂત્રોને તિરસ્કારીને પોતાની જાતને અણઘડ રાખવામાંથી કે પ્રત્યક્ષવાદની દુર્દશામાં ફસાઈ જવામાંથી રોકવી જોઈએ શિખા ભારતીય ધર્મ સંસ્કૃતિની ધજા છે, જે બાળપણથી જ બાળકને સોંપી દેવામાં આવે છે. જે તથ્યોને ધારણ કરવા માટે શિખા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખવાનો ઉદ્દેશ્ય છે, એ તથ્યોની જો મોટા લોકો અવગણના કરે તો બાળક ક્યાંથી શિખા ધારણની પ્રેરણાઓને જીવનમાં ઉતારી શકશે ?

બાળકને આપણે મંત્રી, નેતા, કલેક્ટર, જજ પછી બનાવીશું, પરંતુ પહેલાં તેને દેવસંસ્કૃતિના અનુગામી બનાવવાના છે. આ સંકલ્પ મૂર્તરૂપે શિખા ધારણમાં વ્યક્ત થાય છે. માનવ બીજું કાંઈ બનતા પહેલાં સાચો માનવ બને, જીવનનાં આદર્શ સૂત્રોને, આચારોને અપનાવે, દેવમાનવ બનાવનારી સંસ્કૃતિને સમર્પિત થઈને જીવન જીવવાની કોશિશ કરે એવો સંકલ્પ કરવાની વૃત્તિ જ શિખાના રૂપમાં માથા પર સ્થાપિત કરવામાં આવે છે.

મુંડન સંસ્કાર બાળકને જીવનની દિશા બતાવનાર સંસ્કાર છે. સ્કૂલનું શિક્ષણ, યજ્ઞોપવીત, ગુરુમંત્ર, દીક્ષા વગેરે સંસ્કારથી ઘણાં વહેલાં તબક્કે જ તેને એ સંકેત મળી જાય છે કે તે ભારતીય ધર્મ અને દેવસંસ્કૃતિના સાચા સપૂતના રૂપમાં પોતાનું જીવન-નિર્માણ કરવાની શરૂઆત કરે. પોતાને આદર્શ ભારતીય બનાવીને વિશ્વસમુદાયનો શ્રેષ્ઠ નાગરિક સાબિત થાય.

## વિદ્યારંભ સંસ્કાર

વિદ્યા વગરના માનવને પશુ સમાન માનવામાં આવે છે. ખરેખર થાય છે પણ આવું જ. જેને વિદ્યા તત્ત્વથી વંચિત રહેવું પડે, તેનું જીવન પશુસ્તરનું જ બની રહે છે. બાળકને વિદ્યા-શિક્ષણ મળવું જોઈએ. જેથી તે સાચો જીવનવિકાસ કરી શકે. આ જવાબદારી પૂરી કરવા માટે માતા-પિતા તથા પરિવારે સક્રિય રહેવું જ જોઈએ. જે માતા-પિતા બાળકને વિદ્યાથી વંચિત રાખે છે તેમને તેના શત્રુ કહેવામાં આવે છે. ''માતા શત્રુ પિતા બૈરી યે ન બાલો પાઠિતઃ'' માનવની બધી જ સભ્યતા સંસ્કૃતિનો વિકાસ વિદ્યા-શિક્ષણના બળથી જ થયો છે. ભાષાનું જ્ઞાન અને વિકાસ માનવને મળેલું પોતાનું સર્વોચ્ચ અનુદાન છે. માનવે લખવા-વાંચવાનું શીખીને ફક્ત વિવિધ પ્રકારની જ્ઞાનધારાઓમાં વિશિષ્ટતા જ પ્રાપ્ત નથી કરી, પરંતુ વિજ્ઞાનની સર્વોચ્ચ પ્રગતિ પણ બૌદ્ધિક પ્રખરતા-કુશળતાથી સંભવી શકી છે.

''નહિ જ્ઞાનેન સદશ પવિત્રમિહ વિદ્યતે'' જ્ઞાનની જેમ પવિત્ર કરનારી કોઈ વસ્તુ નથી. ''વિદ્યાઽમૃતમશ્નુતે'' વિદ્યા વડે અમૃતની પ્રાપ્તિ થાય છે વગેરે કહીને જ્ઞાન અને વિદ્યાને અતિમહત્ત્વપૂર્ણ સિદ્ધ કરવામાં આવ્યાં છે. જો વ્યક્તિ સ્વાધ્યાય-જેને શ્રેષ્ઠ તપ કહેવામાં આવેલ છે - કરવા ઈચ્છતી હોય તો પણ તેને શિક્ષણ અને વિદ્યાનો આધાર લેવો અનિવાર્ય બનશે. જ્ઞાનને પ્રકાશ કહેવામાં આવે છે. જેવી રીતે પ્રકાશ વગરના રસ્તા પર વધવું કઠિન જ નહીં અતિ કષ્ટદાયક અને નુકસાનકર્તા છે, એવી જ રીતે જ્ઞાનરહિત જીવન અંધકારભર્યું છે. જેમાં ઠોકરો જ ઠોકરો છે. બાળકમાં જ્ઞાનપ્રાપ્તિનો સતત પ્રયાસ બચપણથી જ હોય એ વિદ્યારંભ સંસ્કારનો મૂળ ભાવ છે. જ્યારે બાળકની બૌદ્ધિક ક્ષમતા જ્ઞાન ધારણ કરવા લાયક બને છે, તે બાળ અવસ્થાથી જ તેને ઉપયોગી શિક્ષણ અને વિદ્યાધારાઓ સાથે જોડી દેવું એ ઘરના સભ્યોનું પુણ્ય કર્તવ્ય છે. બાળક તે સમયે દરેક પ્રકારે શીખવા-સમજવાની, જાણવા-માનવાની યાદ રાખવાની, ધ્યાન આપવાની સ્થિતિમાં હોય છે. તેની તે કુદરતી ક્ષમતાને વિદ્યા-શિક્ષણ જેવાં શ્રેષ્ઠ તત્ત્વો પામવામાં સુનિયોજિત કરી દેવી જોઈએ.

સંસ્કાર વગરનો નિરક્ષર માનવ જેને જીવનકળા, જીવનવિદ્યા પ્રાપ્ત કરાવવામાં ન આવી હોય તે માનવની ગરિમા કેવી રીતે ધારણ કરી શકશે. તેની માનસિક, આત્મિક બધી જ શક્તિઓ અવિકસિત જ રહેશે. સામાન્ય જીવનનિર્વાહ પણ કઠિન રહેશે. સભ્ય સમાજમાં અતિપછાત એવું તેનું સ્તર તેને તો દુઃખી કરશે જ, સમાજ પણ તેની અણઘડતાથી દુઃખી થશે.

દરેક મનુષ્ય માટે વિદ્યા મેળવવાની ઉચિત વ્યવસ્થા માનવ કલ્યાણનાં કાર્યોમાં પ્રથમ કાર્ય છે. વર્ણાશ્રમ ધર્મ અંતર્ગત આશ્રમ જીવનનો પહેલો ભાગ વિદ્યા પ્રાપ્તિનો જ ભાગ છે. બ્રહ્મચર્ય આશ્રમ અર્થાત્ પૂર્ણ સંયમશીલતાનું જીવન જીવતાં જીવતાં વિદ્યા મેળવવી. જ્યારે આ ક્રિયા પૂર્ણ થતી હતી ત્યારે બીજા આશ્રમની શરૂઆત થતી હતી. ગુરુકુળોની આદર્શ વ્યવસ્થા આ જ નિમિત્તે બનાવવામાં આવી છે.

આજે પણ શિક્ષણના ક્ષેત્રમાં અનેક લોકો, સરકાર તથા સંસ્થાઓ સક્રિય છે, પરંતુ ગુરુકુળોમાંથી નીકળતાં હતાં તેવા માનવરત્નો જેવું નિર્માણ જોવા મળતું નથી. એનું કારણ એ છે કે વ્યક્તિને બહુમુખી જાણકારીઓ તો ઉપલબ્ધ કરાવવામાં આવે છે, પરંતુ વ્યક્તિત્વને આદર્શ ચિંતન, ચરિત્ર, વ્યવહાર આપનારી વિદ્યાની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. શિષ્ટતા, શાલીનતા, સહૃદયતા, સેવા, પરોપકાર, આસ્તિકતા, કર્તવ્યપરાયણતા વગેરેની વાતો લોકોને ગંભીરતાપૂર્વક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હૃદયંગમ કરાવવામાં આવતી નથી. પરિણામે પિતા-પુત્રમાં વધુ પડતી જાણકારીને કારણે નોકર-અધિકારીનો સંબંધ છે, પરંતુ આત્મીયતાપૂર્ણ પિતા-પુત્રનો સંબંધ નથી.

શૈક્ષણિક યોગ્યતાઓ તથા ડિગ્રીઓ મેળવનારા લોકોનો પાર નથી. અત્યારે પણ બરાબર આ લાઈનમાં ઊભા રહેનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ શુલ્ક આધારિત જ્ઞાનવાળું શિક્ષણ માનવીય સંવેદનાઓ પર બૌદ્ધિક કર્કશતાનો ભાર વધાર્યા જ કરે છે. માનવની અંદરની દેવભાવનાઓને બહાર લાવવા અને સહયોગ આપવાને બદલે આજનું શિક્ષણ તેને ખતમ કરવામાં જ લાગેલું છે. માનવ વધારે પડતું ભણીને યંત્ર માનવ જેવો બની રહ્યો છે, જેમાં માનવીય સદ્ભાવો, સદ્ગુણોનો લોપ થઈ રહ્યો છે. ઋષિઓએ ચિંતન કરીને વિદ્યાને બે ધારાઓમાં વહેંચી હતી. એક વિદ્યા જે અંતરંગને શુદ્ધ, વિકસિત કરવાના સૂત્ર, સિદ્ધાંતો આપે અને બીજું શિક્ષણ જે સાંસારિક ઉપલબ્ધિઓનાં જ્ઞાનસૂત્રો મેળવી આપે. શિક્ષણથી બૌદ્ધિક યોગ્યતાનું નિર્માણ થાય છે, તો વિદ્યાથી આત્મિક વિભૂતિઓ મળે છે. બૌદ્ધિક યોગ્યતાના બળ પર વિદ્યાના આધારોને સમજવા-અપનાવવાની યોગ્યતા તો મળે છે, પરંતુ વિદ્યાનો ઘનિષ્ઠ સંબંધ સુસંસ્કારોની પ્રાપ્તિ સાથે વિશેષ છે. જે વ્યક્તિ દ્વારા સુસંસ્કારો મેળવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, તે શિક્ષણનાં પુસ્તકોને સાવ ન વાંચી શકે, ઓછાં વાંચી શકે તો પણ ચાલે, પરંતુ માનવીય ગુણોનો જેનામાં વિકાસ ન થયો હોય તે શિક્ષાર્થીને એકલપેટો જ કહી શકાય.

વિદ્યારંભ સંસ્કારમાં થાય છે તો શિક્ષણનો આરંભ જ. અક્ષર લેખનની શરૂઆત દ્વારા વાંચવા-લખવાની શરૂઆત કરાવવામાં આવે છે. પ્રારંભમાં ૐ ભૂર્ભુવઃ સ્વઃ લખાવવામાં આવે છે, અર્થાત્ અમારું શિક્ષણ, વિદ્યાનાં તત્ત્વોથી ૐ ભૂર્ભુવઃ સ્વઃની દિવ્ય પ્રેરણાઓથી ઓતપ્રોત હશે. શિક્ષણ વિદ્યાની સાથે ચાલશે, વિદ્યા માટે કામ કરશે. આપણી વિદ્યા શિક્ષણ, આત્મકલ્યાણ, લોકકલ્યાણ નિમિત્તે ઉપયોગમાં આવશે. શિક્ષણને નહીં, પરંતુ વિદ્યાને મુખ્ય માનીને આ સંસ્કારનું નામ શિક્ષારંભ નહીં, પરંતુ વિદ્યારંભ રાખવામાં આવ્યું છે.

બાળક અવિદ્યાની દુનિયામાં ન ભટકે, વિદ્યાવન બને. વિદ્યા અર્થાત્ શ્રેષ્ઠ સુસંસ્કારો આપનાર પ્રેરણાપ્રદ શિક્ષણ. તેને ભૌતિક વિષયોની ઉપયોગી જાણકારીની સાથે આત્મિક ક્ષેત્રને પણ સુધારવાની, સજાવવાની દિશાધારા મળે. આ પ્રયોજન વિદ્યારંભ સંસ્કાર દ્વારા મેળવવા યોગ્ય છે.

## યજ્ઞોપવીત સંસ્કાર

યજ્ઞોપવીત સંસ્કાર દ્વારા બ્રાહ્મણ જીવનની શરૂઆત થતી હતી. બાળક મોટું થતાં માતા-પિતા, પરિવાર, સમાજ તથા પોતાના પ્રત્યે પોતાની જવાબદારીઓને સમજવા તથા નિભાવવાની ક્ષમતા પ્રાપ્ત કરવા માંડે છે. આવા સમયમાં તેને વિશિષ્ટ વળાંક આપવો અતિ આવશ્યક છે. જન્મ પછીનું સૌથી મોટો વળાંક યજ્ઞોપવીત વખતે જ આવે છે, જ્યારે બાળકને દ્વિજ બનવાનો સંકલ્પ ધારણ કરાવવામાં આવે છે. દ્વિજ અર્થાત્ બીજો જન્મ મળ્યો હોય તેવી વ્યક્તિ. પહેલો જન્મ તો માતાપિતાએ આપ્યો હતો, તેમણે તેને સુસંસ્કારી બનાવવાનો પ્રયત્ન પણ કર્યો, પરંતુ બાળકના પોતે તીવ્રગતિએ આત્મનિર્માણના પથે ચાલે એ અતિ આવશ્યક હોય છે, તેથી યજ્ઞોપવીત સંસ્કાર દ્વારા શ્રેષ્ઠતાના વિશિષ્ટ પથના સૂત્રસિદ્ધાંત તેને સમજાવવા-બતાવવામાં આવે છે. દેવસંસ્કૃતિના સૂત્રોનું મૂર્તિમંત રૂપ યજ્ઞોપવીત હોય છે, જેને ગાયત્રીની પ્રતિમા પણ કહેવામાં આવે છે. ગાયત્રીમંત્ર, ભારતીય સંસ્કૃતિનું બીજ છે. તે દરેક દેવપથ અનુયાયીના વ્યક્તિત્વમાં ફળીભૂત થાય એ જ ઉદ્દેશ્ય યજ્ઞોપવીત ધારણ કરવાનો છે.

અનેક લોકો તર્ક કરે છે કે જો મનુષ્ય બાહ્ય પ્રતીકોને ધારણ ન કરે, તો શું તે શ્રેષ્ઠ માનવ રૂપે વિકસિત ન થઈ શકે ? હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ કે અન્ય ધર્માવલંબી જ્યારે ધર્મનાં બાહ્ય પ્રતીકોને ધારણ કરે, ત્યારે જ તેઓ અધ્યાત્મ માર્ગ પર આગળ વધી શકે છે, આધાર લીધા વગર નહિ. આ પ્રશ્ન વિવેકસભર અને ઉચિત છે. બહારના આડંબરોમાં ગૂંચવાયેલા જન-સમુદાયને સાચા માર્ગ પર લાવવાની દૃષ્ટિએ તેનું સમાધાન જરૂરી પણ છે. આ પ્રશ્નના ઉત્તર રૂપે એમ કહી શકાય કે ધારણાઓને, આસ્થાઓને વ્યક્તિત્વમાં ઉતારવા માટે કોઈપણ પ્રતીકના માધ્યમની જરૂર નથી. મનુષ્ય પોતાની ઈચ્છાશક્તિ, સમજદારી અને વિવેકશીલતાથી તે જે કાંઈ અપનાવવા માંગે છે તે બધું જ અપનાવી શકે છે. પરંતુ જનસમુદાયમાં બધાનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માનસિક સ્તર એકસરખું હોતું નથી. કોઈક વિરલાઓમાં જ જન્મજાત માનસિક પરિપક્વતા જોવા મળે છે, બાકી બધાને આ માટે પૂરેપૂરો પ્રયત્ન કરવો પડે છે. આવી સ્થિતિમાં પ્રતીક ચિહ્નો દ્વારા ઉચ્ચ વિચારણાઓનાં સૂત્રોને સમજવાં સરળ અને સહજ હોય છે. જ્યારે વ્યક્તિ એવી અવસ્થા પ્રાપ્ત કરી લે કે બાહ્ય સાધનોના આધાર વગર જ અંતઃપ્રેરણાથી જ ઉદ્દેશ્યોની પૂર્તિ માટે કાર્ય કરતી રહે, ત્યારે બાહ્યચિંતન છોડી દેવું જોઈએ.

ભારતીય ધર્મ સંસ્કૃતિ પ્રગતિશીલતાને પૂર્ણ મહત્ત્વ આપે છે. તે માનવનાં તમામ સ્તરોનો વિકાસ ઈચ્છે છે. જ્યારે યજ્ઞોપવીતની પ્રેરણાઓને વ્યક્તિ જીવનમાં આત્મસાત્ કરી આગળ વધવા ઈચ્છે છે તો તેને યજ્ઞોપવીત છોડવાની પણ વ્યવસ્થા સંસ્કૃતિનાં જ નિર્ધારિણોમાં કરવામાં આવી છે, જેને ''સંન્યાસ''ની સંજ્ઞા આપવામાં આવી છે.

નિષ્કર્ષરૂપે એમ કહી શકાય કે ધર્મના પ્રતીકો વ્યર્થ નથી. તેને ધારણ કરીને ઉચિત જીવનપ્રાપ્તિ કરતાં કરતાં તેનાથી આગળ પણ વધવું જોઈએ. આથી જે લોકો શિખા, યજ્ઞોપવીત વગેરેનું મહત્ત્વ સમજ્યા વગર તેનો વિરોધ કરે છે તેઓ જીવનવિકાસના વિજ્ઞાનને સાચા અર્થમાં સમજી શકતા નથી.

યજ્ઞોપવીત ધારણ કરનાર દરેક વ્યક્તિને તેના પ્રત્યે શ્રદ્ધા હોવી જ જોઈએ. જેઓ ધારણ નથી કરતા, પરંતુ શ્રેષ્ઠતાના હિમાયતી છે તેઓએ પણ તેને આદર આપવો જોઈએ. યજ્ઞોપવીત એ શ્રેષ્ઠતાને, દ્વિજત્વને, બ્રાહ્મણત્વને અપનાવવાનું જીવંત સંકલ્પ સૂત્ર છે. પોતાના હૃદયરૂપી દેવાલયની દેવપ્રતિમા છે, જેમાં માતા ગાયત્રીનાં દર્શન કરી તેમની પ્રેરણાઓને અપનાવી શકાય છે અને તેનાથી જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકાય છે.

## વિવાહ સંસ્કાર

અન્ય પશુ-પ્રાણીઓમાં લગ્ન વગેરેના કોઈ રીતિ-રિવાજ હોતા નથી. જ્યારે ઈચ્છા થાય ત્યારે જોડું પસંદ કરીને જિંદગી જીવવામાં અને બચ્ચાં પેદા કરવામાં લાગી જાય છે, પરંતુ માનવ સમજદાર પ્રાણી હોવાના કારણે જીવનનું દરેક મહત્ત્વપૂર્ણ પગલું ખૂબ સમજી-વિચારીને ઉઠાવે છે, ઉઠાવવું પણ જોઈએ. જીવનના મહત્ત્વપૂર્ણ પગલાંઓમાં લગ્નના બંધનમાં બંધાવું, તેની જવાબદારીઓને સ્વીકારવી સૌથી વધારે શ્રેષ્ઠ કાર્ય છે.

એકલો નર તથા એકલી નારી બંનેને અપૂર્ણ માનવામાં આવેલાં છે. નર-નારી બંને મનુષ્ય સત્તાનાં બે રૂપ છે. કોઈ નાનું-મોટું નથી. કોઈનાથી કોઈનું મહત્ત્વ ઓછું નથી, પરંતુ અંતઃકરણની વિશેષતાના આધારે મનુષ્યનું નારી રૂપ શ્રેષ્ઠ કહી શકાય છે. મનુષ્યને જન્મ આપવાથી માંડીને પાલનપોષણ કરવા સુધી તેણે જ વધારે જવાબદારી નિભાવવી પડે છે. મા, બહેન, પત્ની, પુત્રી, દેવી, સહયોગિનીના રૂપમાં તે અગણિત અનુદાન આપતી રહે છે. અંતરંગની દૈવી વિભૂતિઓ વડે નારી નરને ભીંજવે છે, તેને આગળ વધારે છે, વિકસિત કરતી રહે છે.

નર-નારીનું સાંનિધ્ય, સમન્વય બનવું જ જોઈએ, પરંતુ જેમાં વાસના, યૌવનનું આકર્ષણ અને ભોગ લિપ્સા જ છવાયેલી રહે છે એવા આધાર પર નહિ. આ ખોટી બાબતોને ભ્રમિત લોકો પ્રેમ માને છે. આ પ્રેમ દરેક રીતે નારીના શોષણને પ્રત્યક્ષ કરી બતાવે છે. આ પ્રેમથી પ્રભાવિત થઈને દેહસંબંધ બાંધવાનો, ઈંદ્રિયભોગો માટે મનમાની કરવાનો ક્રમ ચાલે છે. ક્યારેક-ક્યારેક આ ગેરકાયદેસર કાર્યને કાયદેસર કરવા માટે લગ્નની વિધિ પણ પૂરી કરી લેવામાં આવે છે, પરંતુ ફક્ત શારીરિક આકર્ષણ પર ટકેલા આવા સંબંધો બંને પક્ષો માટે પશ્ચાતાપ, પતન, પીડા જ છોડી જાય છે.

નર-નારીએ એકબીજાનું સાંનિધ્ય મેળવવું જરૂરી પણ છે અને અમુક હદ સુધી અનિવાર્ય પણ છે. પરિવાર વ્યવસ્થાની દૃષ્ટિએ પણ લગ્નનું મહત્ત્વ વિશેષ છે. ગુણવાન પતિ-પત્ની જ પોતાના આંતરિક સંસ્કારો અને બાહ્ય પ્રયત્નો વડે સમાજને નરરત્નો પ્રદાન કરે છે. વ્યક્તિની અંગત અવસ્થા અને પારિવારિક સામાજિક વ્યવસ્થા બંનેના હિસાબે લગ્નસંસ્કાર માનવજીવનનું વિશેષ કૃત્ય છે. તેને આદર્શરૂપે અપનાવીને વ્યક્તિ ફક્ત યૌન મર્યાદાઓને અપનાવીને, ભીષણ બુરાઈઓમાંથી બચીને પોતાનું પતન જ અટકાવતો નથી, પરંતુ ગૃહસ્થ સંચાલનમાં પોતાની અને પોતાના સાથીની ક્ષમતા, યોગ્યતા, પ્રતિભાને ઉત્કૃષ્ટ રૂપે નિયોજિત કરીને વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક વિકાસને ગતિ આપે છે. માનવની તમામ બુરાઈઓમાં મુખ્ય યૌનલિપ્સા જ છે. એમાં સ્વચ્છંદતા અપનાવવી એ આજના કહેવાતા પ્રગતિશીલોની દૃષ્ટિએ ખરાબ નથી. યૌનલિપ્સામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનઊર્જાને ખરાબ રીતે બરબાદ કરવી, વ્યભિચાર, બળાત્કાર તથા અન્ય બુરાઈઓને વધારવી, એ જ તત્ત્વ આજની જીવનશૈલીમાં ખરાબ રીતે ઘૂસી ગયું છે, જે ધર્મશાસ્ત્રનું પર્યાય બની ગયું છે. લગ્નના કેટલાય ઉદ્દેશ્યોમાં એક તો એ છે કે મનુષ્ય યૌન ક્ષેત્રમાં પૂર્ણ મર્યાદા અપનાવે. શારીરિક સંબંધ કાયદેસર જ રાખે, સંયમિત જીવન જીવે. લગ્ન એ કોઈ નારી સાથે નરના કે નર સાથે નારીના અનિયંત્રિત યૌન-સંબંધ બાંધવાનું માધ્યમ નથી. પરંતુ નર-નારીમાં સમાયેલી બધા પ્રકારની વિભૂતિઓ વિશેષતાઓને વિકસિત કરતાં સમન્વય સાંનિધ્યનું શ્રેષ્ઠતાભર્યું, સુંદરતાભર્યું જીવન જીવવું એટલે લગ્ન, પોતાનું અને પોતાના સાથીનું સ્વાસ્થ્ય સૌંદર્ય નષ્ટ કરે, જેના સંયોજન વડે મહાન પરાક્રમ, પુરુષાર્થ સફળ થતા હતા એવી જીવનની એ મહાન ઊર્જાને ધૂળમાં મેળવી દે એવા યૌનના 'અતિ' માટે કોઈ સ્થાન હોતું નથી.

લગ્ન પવિત્રતાભર્યું આત્મીય બંધન છે. પશુતાની લાલચોથી તેને બચાવવું જ જોઈએ. સંયમિત સંબંધ વિકસિત કરવા જોઈએ. લગ્ન સંસ્કારમાં બંધાયેલાં પતિ-પત્ની એકબીજા માટે સર્વસ્વ અર્પણ કરે છે. જીવનરથ બંને પૈડાં પર સારી રીતે આગળ વધવા માંડે છે. પતિના પુરુષાર્થ, જ્ઞાન, સમૃદ્ધિ, સફળતાઓ, યોગ્યતાઓનો લાભ પત્નીને મળે છે. પત્નીની ભાવના, પ્રતિભા, સેવા તથા અન્ય અગણિત આત્મિક વિભૂતિઓનો લાભ પતિને મળે છે. પતિ-પત્ની બંનેની સાથે સંપૂર્ણ પરિવાર પણ તેમના શ્રેષ્ઠ સંબંધોનો મહત્ત્વપૂર્ણ લાભ મેળવે છે. જીવનનાં આવશ્યક અનિવાર્ય કાર્યોને ઉકેલવા માટે જ્યાં સરળતાપૂર્વક સુવિધા પ્રાપ્ત થાય છે, ત્યાં પારિવારિક સુવ્યવસ્થા મજબૂત બને છે.

લગ્ન આત્મીયતા નિભાવવા માટેનો સર્વોચ્ચ સંબંધ છે. પારકાં ઘરોમાં જન્મેલાં બે નર-નારી પોતાપણાંનો મજબૂત સંબંધ બાંધે છે. મિત્ર સહયોગી બનીને જીવે છે. એકબીજાની ઊણપોને સમજતાં, સહન કરતાં, દૂર કરતાં રહીને સહકાર સદ્ભાવનો ઉચ્ચસ્તરીય વ્યવહાર અપનાવે છે. આત્મવિસ્તારનો આ ક્રમ પતિ-પત્ની સુધી જ નહિ, બાળકો સુધી ફેલાઈને એ સીમા સુધી પહોંચવા લાગે છે, જેમાં પોતાને સમાજનું અભિન્ન અંગ માનીને "અમે બધાનાં, બધા અમારાં"ની આત્મીયતાનો અનુભવ કરી શકાય છે. એકલાની જિંદગી કંઈક હદે સંકુચિત, સંકીર્ણ હોય છે. લગ્નવ્યવસ્થાને આદર્શ રૂપે સ્વીકારવાથી મનઃસ્થિતિ પારિવારિકતા, સામાજિકતા તરફ કામ કરવાનો સામાન એકઠો કરી આપે છે અને ઘણું બધું કરે પણ છે.

## વાનપ્રસ્થ સંસ્કાર

સાધુ, બ્રાહ્મણ, બંને વર્ગ દેવસંસ્કૃતિને જન-જન સુધી પહોંચાડવાનું, તેનાં સૂત્રોને પોતાના જીવનમાં ઉતારવાનું તથા બીજાઓને પણ તેમ કરવાની પ્રેરણા આપવાનું કાર્ય સતત કર્યા કરતા હતા. લોકહિતની મોટાભાગની કાર્યયોજના પૂરી કરવાનું આવાં જ વર્ગોએ સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલી જવાબદારી બની રહેતી હતી. ધીરે-ધીરે જ્યારે ભૌતિકતાના પૂરમાં પરમાર્થ પ્રવૃત્તિઓને મહત્ત્વ વગરની માનવામાં આવી, સ્વાર્થ-ભોગ જ સર્વસ્વ ગણાવા લાગ્યાં તો ત્યાગ, તપ, સંયમ પર આધારિત બ્રાહ્મણ સાધુ પરંપરા ક્ષીણ થવા માંડી. આ વર્ગ ખૂબ નાનો થતો ગયો. જે કોઈ રહ્યાં તેઓ ધર્મક્ષેત્રને લોકહિતને બદલે વ્યવસાય રૂપે પસંદ કરવા માંડ્યા. પંડા, પૂજારી, પંડિત, પુરોહિત વર્ગમાં આવા લોકોની વૃદ્ધિ થવા માંડી, જેઓ લોભ-લાલચ, સુખ ઉપભોગને લક્ષ્ય બનાવીને ધર્મક્ષેત્રમાં વિકૃતિઓ ભરવા લાગ્યા. ધર્મની સ્વસ્થ પરંપરાઓને કંઈકની કંઈક બનાવી દીધી. એમનું બધું જ કાર્ય લોકહિત માટે સમર્પિત ન રહેતાં, શ્રદ્ધા, ધર્મ, ધન વગેરેનું શોષણ કરવાનું થઈ ગયું. સમાજમાં વાનપ્રસ્થ પરંપરાની વ્યવસ્થા સાધુ-બ્રાહ્મણનું કર્તવ્ય નિભાવનાર લોકોને તૈયાર કરવા માટે દાખલ કરવામાં આવી હતી. અડધું આયુષ્ય જ અંગત અને પારિવારિક જીવન માટે માનવામાં આવતું હતું. બાકીનું જીવન લોકોની અમાનત માનીને તેના માટે અર્પિત કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો.

વાનપ્રસ્થનો લાભ વ્યક્તિને અંગત સ્તરે પણ મળતો હતો. આત્મકલ્યાણના ઉપાયોને અપનાવવા, તેનો સફળ પ્રયોગ કરવા માટે ક્ષેત્ર, સમય અને પરિસ્થિતિઓ મળતી હતી. એ જરૂરી હતું કે જન્મથી કુળ કે વેશ વિશેષ ધરાવનાર વ્યક્તિ જ જીવનની સાધુ-બ્રાહ્મણ શૈલી અપનાવે, પરંતુ પ્રત્યેક ભાવનાશીલ તપ, ત્યાગ, સંયમ, સેવામાં મગ્ન રહીને સાધુ-બ્રાહ્મણનું જીવન ચરિતાર્થ કરતા હતા.

વાનપ્રસ્થની પરંપરામાં ક્યારેક એવું હતું કે વનમાં જઈને વ્યક્તિ ત્યાં રહીને આત્મિક પ્રગતિ કરે તથા


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકહિતને સામયિક આધારો અને ક્રિયાઓ શીખે, સમજે, તેને જનહિતમાં પ્રસારિત, પ્રચારિત કરે. તન-મનથી લોકસેવા કરવાની ઈચ્છા ધરાવનાર વાનપ્રસ્થી સાચા સંત થતા હતા.

આજે પરિસ્થિતિ બહુ બદલાઈ ગઈ છે. છતાં પણ વાનપ્રસ્થીઓનું મહત્ત્વ, આવશ્યકતા ઓછાં થયાં નથી, વધ્યાં જ છે. સમાજને આજે આ વર્ગની જેટલી જરૂરિયાત છે, તેટલી કદાચ આથી પહેલાં ક્યારેય નહીં રહી હોય. આજે દરેક ધર્મપ્રેમી, લોકસેવકને વાનપ્રસ્થનું જીવન જીવવા માટે યુગ ધર્મ પોકારી રહ્યો છે. વાનપ્રસ્થ સંસ્કારની વ્યવસ્થા, યુગપ્રવાહને ઉચિત બનાવી રાખનાર વ્યક્તિઓની પૂર્તિ કરવા માટે રહેલી છે. જ્યારે જ્યારે દુષ્પ્રવૃત્તિ વધી છે, સત્પ્રવૃત્તિઓનો લોપ થયો છે, લોકજીવન અંધકારમય થયું છે, ત્યારે-ત્યારે ધર્માચરણના જીવંત સ્વરૂપ વાનપ્રસ્થ ભાવસંપન્ન સર્જનશિલ્પીઓએ એક એક જવાબદારી અદા કરી છે.

સામાજિક સ્વસ્થતા, સમુન્નતતા માટે વાનપ્રસ્થ પરંપરા આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે. આ ક્ષેત્રમાં પ્રાણવાનોએ હંમેશાં પોતાનાં કદમ આગળ વધારવા પડ્યાં છે. આજે તથા પછી પણ કદમ વધારવાં પડશે.

## અંત્યેષ્ટિ સંસ્કાર

મનુષ્યજીવન, જીવનનું સર્વોચ્ચ સ્વરૂપ છે. માનવ ભગવાનની ઉત્કૃષ્ટ રચના છે. આત્મિક, માનસિક દૃષ્ટિ ઉપરાંત શારીરિક દૃષ્ટિએ પણ મનુષ્ય વિશેષ રૂપે જ બનાવવામાં આવ્યો છે. આટલું સુંદર શરીર બીજાં કોઈ પ્રાણીનું નથી. શરીરના આટલા સુંદર ક્રિયાકલાપ બીજા કોઈ પ્રાણી શરીર દ્વારા સંભવ નથી. આત્માની મહાનતા ભલેને ગમે તેટલી કેમ ન હોય, પરંતુ શરીરના અભાવે તે અક્ષમ જ છે. શરીરની સાથે જ તેનું પણ હોવું પૂર્ણ રીતે સાર્થક થાય છે. શરીર ભલેને ભૌતિક તત્ત્વોનું સંમિશ્રણ, માટીનું પૂતળું માનવામાં આવતું હોય, પરંતુ તેના જેવું ઉપયોગી શ્રેષ્ઠ યંત્ર સૃષ્ટિમાં કોઈ છે નહિ. એ વાત જુદી છે કે લોકો તેનો દુરુપયોગ કરે છે, તો તેઓને માટે તે બંધનનું, પીડાનું ખૂબ જ ભયાનક કારાગૃહ પ્રતીત થાય છે. અણમોલ શરીર એક ને એક દિવસે નષ્ટ થવાનું જ છે તો તેના સારામાં સારા ઉપયોગની વાત વિચારવી જોઈએ અને કરવી જોઈએ. મનુષ્યનો આત્મા જ નહીં, શરીર પણ વિશેષ મહત્ત્વપૂર્ણ છે. આથી મૃત્યુ પછી પણ તેનું સન્માન થવું જ જોઈએ. આ જ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને અંત્યેષ્ટિ સંસ્કારની વ્યવસ્થા કરવામાં આવી છે.

શરીર કચરાપૂંજા જેવું નથી, જેને મૃત્યુ પછી ગમે ત્યાં ફેંકી દઈએ. તેનો અંત યજ્ઞના અગ્નિ દ્વારા થાય તે માટે તેને બાળવાની વિધિ કરવામાં આવે છે. પંચતત્ત્વોની બનેલી કાયા પાંચ તત્ત્વોમાં વિલીન થઈ જાય છે. પ્રકૃત્તિનાં તત્ત્વો વડે બનેલું, માંના ગર્ભમાંથી આવેલું શરીર અંતમાં પ્રકૃતિમાં હંમેશને માટે વિલીન થઈ જાય છે.

જે શરીરમાં રહીને આત્મા આત્મકલ્યાણ અને લોકકલ્યાણનાં મહત્ત્વપૂર્ણ કાર્યો કરે છે, તે બધા દ્વારા પૂજ્ય હોય છે, તેની ઉપર પુષ્પ અર્પિત કરાય છે. આ બાબત શરીર પ્રત્યે મોહગ્રસ્ત સ્થિતિ માટે નહીં, પરંતુ શરીર જેવા દિવ્ય યંત્ર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે છે. કેટલાક લોકો કહે છે કે મરી ગયા પછી શરીર માટી છે, તેના પ્રત્યે સન્માનભાવ શું કામ ? તેને ફચરો માનીને ગમે ત્યાં નાંખી દેવું જોઈએ. એ વિચાર બરાબર નથી. ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, હિંદુ ધર્મ, શીખ ધર્મ બધામાં શરીરને મૃત્યુ પછી ઉચિત રૂપે નાશ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શરીરનો જન્મ અને તેનું મૃત્યુ બંનેય મહત્ત્વપૂર્ણ છે.

અંત્યેષ્ટિ કર્મની અનેક મહત્ત્વપૂર્ણ પ્રેરણાઓ છે. જે શરીર પ્રાણરહિત થઈ ચૂક્યું છે તેને દૃષ્ટિકોણમાં રાખીને તત્ત્વચિંતન, તત્ત્વબોધ પ્રાપ્ત કરવો જોઈએ કે એક ને એક દિવસે આપણા બધાનું મોત થવાનું છે, મોતને કોઈ ટાળી શકતું નથી, તો શા માટે એવું બધું વિચારવા અને કરવામાં ન આવે જે ભગવાનના જયેષ્ઠ પુત્ર, શ્રેષ્ઠતમ પ્રાણી મનુષ્યએ કરવું જોઈએ? શા માટે દુનિયાભરનાં પાપ, અન્યાય, અધર્મનો બોજ માથા પર લાદવો ? જ્યારે શરીર છૂટવાનું જ છે, શરીર સાથે જોડાયેલું બધું જ છૂટવાનું છે તો લોભ, મોહ, અંધકારની હાથકડી-બેડીઓ શું કામ પહેરી રાખવી ? ભયાનક કષ્ટો, પીડાઓ, વિપત્તિઓને પોતાને માથે લેવાનું આમંત્રણ આપે એવી દુર્બુદ્ધિની ફસામણીને શા માટે અપનાવવી ?

કોઈ મૃત શરીરની દુર્દશા આપણે કરવા કે સહન કરવા માંગતા નથી, તો શા માટે જીવિત શરીરને નશા, દુર્વ્યસન, અસંયમ વગેરેથી ઓગાળતા, રડાવતા, તડપાવતા રહીએ છીએ ? ચંદનના વૃક્ષને શા માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોલસો બનાવતા રહીએ છીએ ? શરીર જેટલું સુંદર છે એટલો જ સુંદર તેનો ઉપયોગ કરવાનું કેમ ભૂલી જઈએ છીએ ? એમાં શા માટે પ્રમાદ અપનાવીએ છીએ ?

કોઈકનું મોત જોઈને જે વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક કેમ નથી હોતો ? શા માટે કર્તવ્યનિષ્ઠ માળીની માફક આપણે પોતાની સાથે જોડાયેલા પરિજનવર્તુળની સેવા સહાયતા કરતા રહીને મૃત્યુને હંમેશાં યાદ ન રાખીએ ? કોઈકનું મોત જોઈને જ ''રામનામ સત્ય છે'' કેમ યાદ આવે છે ? હંમેશાં આ સત્યને કેમ ન સમજીએ અને પાપરહિત શુદ્ધ પરમાર્થભર્યું જીવન કેમ ન જીવીએ ?

શરીર હોવા છતાં જીવનમુક્તની સ્થિતિ સિદ્ધ કરી લેવી યોગ્ય છે એ વાત કેમ ભૂલી જઈએ છીએ ? મરીને આપણે સ્વર્ગ, વૈકુંઠ જઈશું જ એવું કેમ માનીએ છીએ ? આ લોકમાં જ આ દેહ વડે જ આપણે પોતાની બધી જ ક્ષમતા-યોગ્યતાને શ્રેષ્ઠ કાર્યોમાં સુનિયોજિત કરી સ્વર્ગમુક્તિ, પરમપદની એ સ્થિતિ પ્રાપ્ત કરી લેવી જોઈએ જેની આશા આપણે કોઈ બીજા વિશેષ લોકમાં અને કોઈ બીજા સમય માટે કરીએ છીએ.

શરીરને પાણીનો પરપોટો કહેવામાં આવેલ છે. પરપોટો ક્યારે ફાટીને સમાપ્ત થઈ જાય તે કહી ન શકાય, તો પોતાને દીર્ઘાયુષી માનીને શું કામ આજે થઈ શકે તેવાં કાર્યોને વર્ષો પછી કરવા માટે છોડતા રહીએ છીએ ? શું કામ પાપ-પતનનાં કાર્યોમાં શરીરને ઘસડી જવામાં અપરાધ નથી માનતા ? ભગવાનની દિવ્ય સંપત્તિનું અપમાન શા માટે કરતા - કરાવતા રહીએ છીએ ?

''શરીર માધ્યમ ખલુ સાધનમ્'' શરીર વડે જ બધા ક્રિયાકલાપ થાય છે તો શા માટે તેને આત્મિક, માનસિક, દૈહિક રૂપે સ્વસ્થ રાખવાની પૂર્ણ કોશિશ કરવામાં ન આવે ? ન કરવા યોગ્ય ચિંતન, ભ્રષ્ટ આચરણ, અપનાવીને શું કામ આત્મા અને શરીર બંનેને નરકનો ઘોર ત્રાસ સહન કરવા માટે ફરજ પાડવામાં આવે છે ?

અંત્યેષ્ટિ સમયે આ જ બધી વાતો પર હૃદયના ઊંડાણમાંથી ચિંતન તો બહાર આવે છે, પરંતુ ક્ષણિક પ્રભાવ નાંખીને શાંત થઈ જાય છે. દાહ સંસ્કારની ક્રિયા પૂરી કરીને જીવન ફરીથી સામાન્ય ક્રમમાં ચાલતું, ફરતું જોવા મળે છે. ગૌતમ બુદ્ધને બીમારી, ઘડપણ, મોત જોઈને જ જીવનના વાસ્તવિક સ્વરૂપનું ભાન થયું. શરીરની શ્રેષ્ઠતા જીવનસાધ્ય કાર્યોમાં લગાવીને ભગવાનત્વ, બુદ્ધત્વની પ્રાપ્તિ તેમણે કરી હતી. કોઈકનું મોત જોઈને આપણે પણ ગૌતમની દ્દષ્ટિ અપનાવી વિચારવું જોઈએ કે શરીરે તો મરવાનું જ છે. તેને આત્મકલ્યાણ, લોકકલ્યાણમાં જેટલું લગાવી શકાય તેટલું લગાવીને જીવનલક્ષ્ય પ્રાપ્ત કરવાની દૃઢ સંકલ્પશીલતા, અટલ નિશ્ચિતતા કેમ ન અપનાવવી જોઈએ ?

મૃત શરીરને થોડા સમય માટે એટલા માટે રાખવામાં આવે છે તથા પરિજનો, હિતેચ્છુઓ વગેરે બધાને બોલાવવામાં આવે છે, જેથી લોકો સ્વર્ગસ્થ આત્માને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી શકે અને મૃત્યુને સમજે, તેને ભૂલે નહીં. મૃત્યુની સચ્ચાઈ દરેક સમયે યાદ રાખનારા, પરિજનોના શરીરોના બિનજરૂરી મોહ શું કામ કરશે ? પોતાના અથવા બીજાના શરીર પ્રત્યે શું કામ આસક્તિનો ભાવ રાખશે ? નશ્વર શરીરને જ સર્વસ્વ માનીને, અમર આત્માને તિરસ્કૃત કરીને તે મનમાન્યું આચરણ શા માટે કરશે, જેથી કરીને રોગી, ભોગી જીવન શરીરના ભાગે બાંધીને શરીરની સાથે આત્મા પણ દુર્ગતિગ્રસ્ત જ બની રહે.

આપણે મૃત શરીરને યજ્ઞ ભગવાનને સોંપી દઈએ છીએ. જીવિત શરીર પણ ભગવાનનાં કાર્યો માટે અર્પિત કરવું જોઈએ. જીવિત શરીર આપણા માટે અને મૃત શરીર ભગવાન માટે એ ઠીક નથી. જીવન, શરીર, આત્મા બધું જ ભગવાનનું છે. ભગવાનની દુનિયાને ઉન્નત, સુવિકસિત બનાવવામાં તેનો ઉપયોગ કરવો જ જોઈએ.

## મરણોત્તર સંસ્કાર

માનવનો જન્મ મહત્ત્વપૂર્ણ છે, તો તેનું મૃત્યુ પણ મહત્ત્વપૂર્ણ હોવું જોઈએ. જે લોકો દેશ, સમાજ, સંસ્કૃતિ માટે જીવન ન્યોછાવર કરી દે છે તેમના માટે દરેક દિશાઓમાંથી પ્રશંસા સન્માનની ભાવનાઓ દોડતી આવે છે. જયારે તેમનું મૃત્યુ થાય છે ત્યારે અગણિત લોકો તેમના માટે સાચી લાગણીભર્યાં હૃદયે આંસુ સારે છે અને તેમણે અધૂરાં છોડેલાં કાર્યો પૂરા કરવા માટે તત્પર થાય છે. તેમની યોજનાઓને પૂરી કરે છે. મહાપુરુષોના જીવનની વિશિષ્ટતાઓ હંમેશાં જવલંત બનાવી રાખવા માટે તેમના નામનાં કેટલાંય સ્મારક, પ્રતીક કે અન્ય વ્યવસ્થાઓ લોકો બનાવે છે. મહાપુરુષોની જીવંત પ્રતિમા લોકોનાં હૃદયોમાં યુગો-


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગો સુધી ટકી રહે છે અને સત્પ્રેરણાઓ આપતી રહે છે.

દરેક વ્યક્તિનું જીવન આવું જ હોવું જોઈએ, જેમાં પૂર્ણતાના લક્ષ્ય સુધી પહોંચવાનો સતત પ્રયાસ ભર્યો હોય. જો કોઈ કારણોસર વ્યક્તિ પોતાના જીવન અને તેની સાથે જોડાયેલી સમૃદ્ધિઓનો સદ્દુપયોગ ન કરી શકે, લોકોના હિતમાં કરવા માગતા હોય એવી યોજનાઓને તેઓ પૂરી ન કરી શક્યા હોય તો તેમના વંશજો, અનુયાયીઓનું કર્તવ્ય રહે છે કે તેમણે અધૂરાં છોડેલાં કાર્યો પૂરા કરે, જવાબદારીઓ નિભાવે બાપનું મૃત્યુ થવાથી દીકરા-દીકરીઓ તેની જવાબદારીઓ નિભાંવતાં વારસાને સુરક્ષિત રાખે છે. મરણોત્તર શ્રાદ્ધ સંસ્કારનો આ જ ઉદ્દેશ્ય છે કે આપણે આપણા પૂર્વજોના, દિવંગત માતા-પિતા વગેરે શ્રેષ્ઠ લોકોના એવા કામ કરવા જ જોઈએ, જેથી માનવીનો આત્મા તૃપ્ત થતો હોય તથા જનકલ્યાણ માટે કાંઈક સાર્થક કૃત્ય થઈ શકતા હોય. શ્રાદ્ધકર્મમાં પૂર્વજોના ધન પર પોતાનો અધિકાર ન માનીને સત્પ્રવૃત્તિઓના પોષણ પર ભાર આપવામાં આવે છે. પોતાની કમાણી તથા પોતાના પરિશ્રમ પર જ આપણે નિર્ભર રહેવું જોઈએ જો પિતાનું ધન આપણને અમીરી આપી રહ્યું હોય તો તે અમીરી આપણને સ્વીકાર્ય ન હોવી જોઈએ. તેમાંથી સમાજને જરૂરી કાર્યો માટે વધુ ને વધુ ધન વાપરવું જોઈએ

પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞ થવું આપણી શ્રદ્ધા, ભાવનાને સ્વીકાર્ય હોય છે. જેમણે પોતાને સમર્પિત કર્યા છે, તપ કર્યું છે, આપણાં માટે સાધન, વૈભવ, સદ્દ્ભાવ, સૌજન્યની અનેક ધારાઓ વહાવી, તેમને યાદ તો રાખવા જ જોઈએ. યાદ મનથી નહીં, પરંતુ કર્મથી, એવા સ્વરૂપે જેનાથી તેમના યશ, કીર્તિ અખંડ રહે.

દરેક મનુષ્ય જીવન દરમિયાન ઘણું બધું સારું પણ કરે છે અને થોડુંક ખરાબ પણ કરે છે. લોભ, મોહ, અહંકારમાં ઘેરાયેલા લોકો ઊંડા ખાડા-ખાઈઓ પણ ખોદે છે, જેને કારણે નિર્દોષ અન્ય લોકોને પીડાઓ સહન કરવાનો, પતનમાં ડૂબી જવાનો કુયોગ બને છે આવામાં જો વ્યક્તિ મૃત્યુ પામે છે, તો તેનો આત્મા જાતે જ તેને ખૂબ ધિક્કારે છે તથા દંડ આપે છે. તે પશ્ચાત્તાપ માટે આકુળ-વ્યાકુળ થઈ જાય છે. તે ઈચ્છે છે કે જે કૃત્ય ભૂલ સુધારણા, પ્રાયશ્ચિત્તનાં હોવાં જોઈએ તે તેની નજીકના પરિજન સંપન્ન કરે. શ્રાદ્ધ સંસ્કાર દ્વારા જ્યાં મૃતકની શાંતિ, સદ્દ્ગતિ, આત્મકલ્યાણ માટે શ્રદ્ધા અને ધાર્મિક કૃત્યોનો આધાર બને છે ત્યાં તેની બંધનોમાંથી મુક્તિ થઈ જાય છે. તેવી જ રીતે જ્યારે તેના કુટુંબીઓ પ્રાયશ્ચિત્ત પ્રક્રિયા રૂપે ધન વગેરે સમાજકલ્યાણની ગતિવિધિઓ પૂરી કરવામાં વાપરે છે ત્યારે તેની બંધનોમાંથી મુક્તિ પણ થઈ જાય છે. બંધન ખરાબ કામોના જ નહીં, સારાં કામો પણ પોતાની પૂરેપૂરી ક્ષમતા ન વાપરવાનાં પણ લાગે છે. જેટલું આપણે પોતાના માટે, બીજાઓ માટે કરી શકવા સક્ષમ છીએ તેટલુ ન કરીએ તે પણ એક અપરાધ છે, તેની પણ સજા ભોગવવી પડે છે. આથી પૂર્વજોએ ખૂબ સારું કર્યું હોય અથવા તેમનાથી કોઈ ખરાબ કામ પણ થઈ ગયાં હોય તો એમનું આપેલું બધું જ એમનું જ માનીને લોકહિતને સાકાર કરતી પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ માટે વાપરી નાંખવું જોઈએ

સૃષ્ટિનો નાનામાં નાનો ઘટક પણ સમસ્ત બ્રહ્માંડ સાથે જોડાયેલો છે. બધાની ઉપર બધાનો અધિકાર છે, બધાનું બધા પ્રત્યે કર્તવ્ય છે. જે નાની સરખી કુટુંબની વ્યવસ્થામાં મનુષ્ય રહે છે, તેની સેવા, પોષણ, સંરક્ષણ જરૂરી છે, પરંતુ તે એક પ્રકારની સરળ વ્યવસ્થા માટે જ છે. સાચા અર્થોમાં દરેક માનવનો પરિવાર વિશ્વ પરિવાર છે જેમાં મનુષ્ય જ નહીં, પશુ-પક્ષીઓ તથા બધાં જ પ્રાણીઓનો સમુદાય સામેલ છે. જડ માનવામાં આવતા બધા જ પદાર્થ તેનો જ ભાગ છે.

દરેક મનુષ્ય ઘર પરિવારનો સભ્ય તો છે જ, પરંતુ તે વિશ્વ પરિવારનો પણ એક પ્રિય પરિજન છે. તેના વિકાસમાં અગણિત પ્રાણીઓ અનેક રીતે સહયોગ, સત્કાર પ્રદાન કરે છે. આથી કોઈ મૃત્યુ પામે છે તો તેણે મેળવેલી સંપત્તિનો લાભ તે બધાને જ મળવો જોઈએ જેને તેની જરૂરિયાત છે. ફક્ત દીકરાઓ-પૌત્રો અથવા કહેવાતા પોતાના માણસો જ તેનો લાભ લઈ જાય તો તે સ્વાર્થની ધૃણાસ્પદ ચાલ હશે. આથી શ્રાદ્ધમાં મનુષ્યયજ્ઞ, દેવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, ભૂતયજ્ઞ વગરે દ્વારા બધા જ વર્ગોના નિમિત્તે શ્રદ્ધા, અર્પણ, સાધનખર્ચ તથા વિભૂતિઓના ઉપયોગનું વ્રત પૂરું કરવામાં આવે છે પરમાત્માનું અનુશાસન જળવાય, વિકસિત થાય, મનુષ્યને પ્રગતિનો આધાર મળે, પશુ-પક્ષી બધાનાં જ સુખનું ધ્યાન રહે એ બધું જ સાચાં શ્રાદ્ધ વિધાન અને પ્રયોગનું પ્રતિફળ છે. આનાથી ઓછી વૃત્તિમા શ્રાદ્ધ રમત માત્ર રહી જાય છે, જેમા પિંડ અને પાણીને ઉલટ-પુલટ કરવાનો ક્રમ તો પૂરો થાય છે, કહેવાતા બ્રાહ્મણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ પેટપૂજાનો સામાન મેળવી લે છે, પરંતુ વાસ્તવિકતા બહાર આવતી નથી, ઊલટું વિડંબના અને આંધળી પ્રવૃત્તિઓને વધારે ફેલાવાનું દૃઢ થઈ જાય છે. શ્રાદ્ધ ક્ષેત્રમાં જ્યારે તર્પણ કરવામાં આવે છે કે પિંડદાન કરવામાં આવે છે ત્યારે તે કૃત્ય મૃતક આત્મા પ્રત્યે જ નથી, પરંતુ આખા જગતનાં પ્રાણીઓ સાથે જ્ઞાત-અજ્ઞાત રૂપે સંબંધ જોડવો પડે છે. દેવતાઓ, ઋષિઓ, દિવ્ય માનવો, પશુ-પક્ષીઓ વગેરે બધા જ માટે શ્રાદ્ધ કરનાર જળ અર્પણ કરે છે, સ્નેહ, પ્રેમ, સહૃદયતા અભિવ્યક્ત કરે છે. ''બધા જ બધા માટે છે.''ની આદર્શ આત્મીયતા પ્રગટ થાય છે. આ આત્મીયતા જ ''વસુધૈવ કુટુંબકમ્''નો આત્મા છે. જ્યારે આપણે દિવંગત કે સ્વર્ગસ્થ લોકો પ્રત્યે શ્રદ્ધાપૂર્ણ કાર્ય કરીએ છીએ, તો પછી શા માટે જીવિત જાગૃત વિશ્વ સમુદાય માટે ઉચિત પ્રયત્ન ન કરીએ? શ્રાદ્ધ માટે મોટી મોટી વાતો કરતા હોય છે, પરંતુ જીવિત પરિજનોનું પૂરું ધ્યાન રાખતા નથી. તેઓને માટે વ્યંગમાં કહેવાય છે કે ''જીએ માંડ ને મુએ ખાંડ'' અર્થાત્ જીવતા હોય ત્યારે આપણે જરૂરી સેવા ભાવના ચરિતાર્થ નથી કરતા, પરંતુ મૃત્યુ પછી મૃતક ભોજન અને બ્રાહ્મણોને દાન રૂપે હજારો-લાખો રૂપિયા પાણીની માફક વહાવે છે, જે ગમે ત્યાં રોકાઈને સડો પેદા કરે છે, કુરીતિને જન્મ આપે છે. મૃત્યુ પામેલ વ્યક્તિ માટે જ્યારે આપણે ઘણું બધું કરી શકીએ છીએ તો જેઓ વર્તમાનમાં છે, ભલે ને આપણી નજીકના હોય કે દૂરનાં, બધા જ માટે સારામાં સારું વિચારવાનો અને કરવાનો પ્રયત્ન થવો જોઈએ, ત્યારે જ માનવ પ્રત્યે, માનવતા પ્રત્યે સાચી શ્રદ્ધા બને છે. નહીં તો એક દિવસ થોડાક ઉલટા-પુલટાં તંત્ર-મંત્રનો ઉપચાર પૂરો કરી લેવાથી શ્રાદ્ધ સંસ્કારથી જે હેતુ પાર પડવો જોઈએ તે હેતુ પાર પડતો નથી.

શ્રાદ્ધ કર્મમાં જીવનદર્શન છુપાયેલું છે. જીવન એવું જીવવું કે લોકો મૃત્યુ પછી પણ ખૂબ શ્રદ્ધા-સમ્માન આપતા રહે. વ્યક્તિને કોઈ પરિવારનું એક અંગ નહીં, પરંતુ વિશ્વ પરિવારની અભિન્ન જૈવિક સંપત્તિ માનીને તેની કમાણીનો આત્મહિત તથા લોકહિતમાં શ્રેષ્ઠતમ સદુપયોગ કરવામાં આવે. વિશ્વ જીવનનાં બધાં જ અંગો એકબીજા સાથે સંકળાયેલાં છે. બધાનો બધા સાથે ગાઢ સંબંધ છે. કોઈના પણ પ્રત્યે કરવામાં આવેલ શ્રાદ્ધ કર્મ વિશ્વહિત માટે સાધનસેવાની પુષ્પાંજલિથી જ પૂર્ણ થાય છે. વ્યક્તિ મરે છે, તો તેનું બધું જ સમાપ્ત થઈ જતું નથી. તેણે કરેલી, અપનાવેલી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓને શ્રમ-શ્રદ્ધા ભરેલાં સાધનોનો પિંડ અર્પણ કરવો જોઈએ. આસ્થાઓ, આકાંક્ષાઓ, ભાવનાઓ જ કોઈ વ્યક્તિની કેન્દ્રીય સત્તાની સંપત્તિ હોય છે. આ સત્તા નાશ પામતી નથી, ભલે દેહ બદલાતો રહે. જે શ્રેષ્ઠ કાર્યો આ પ્રેરણાથી થતાં હોય છે, તે હંમેશાં કરવા યોગ્ય છે. મૃત્યુની સાથે તેનો અંત આવતો નથી. તેના માટે જેટલું વધુમાં વધુ શ્રમ-જળનું તર્પણ કરવામાં આવે, સાધન-પિંડ અર્પણ થાય, એટલી વધારે આત્માને સંતુષ્ટિ, શાંતિ પ્રાપ્ત થાય છે. મનુષ્ય સુખ, શાંતિ, ભલાઈ મેળવવા માટે તડપતો રહે છે. મૃત્યુ પછી તે જન્મ લે કે અશરીરી રહે તેની માંગણીઓ પૂરી થતી નથી. આથી ક્યારેય એવા કુતર્ક ન કરવા જોઈએ કે મરેલી વ્યક્તિને આપવામાં આવતી વસ્તુઓથી તેને શું લાભ થશે ? તે આ બધું ક્યાંથી મેળવશે ? શ્રેષ્ઠ ભાવના કૃતજ્ઞતાથી જે કાંઈ અર્પિત થશે તે ચોક્કસ વિશ્વાત્મા માટે શાંતિદાયક હશે. તમામ આત્માઓ અલગ હોવા છતાં પણ વિશ્વાત્માથી અભિન્ન છે.

ભગવાન દેખાતો નથી, પરંતુ તેની પૂજા ઉપાસનાથી પોતાની અંદર સદ્ભાવોનો જન્મ થાય છે. એવી જ રીતે મૃતક આત્મા દેખાતો નથી, પરંતુ તેના નિમિત્તે કરવામાં આવતાં શ્રદ્ધાપ્રધાન કૃત્યોથી આપણને દિવ્ય સંસ્કાર અને સદ્ભાવ મળે છે. પરમાર્થી જીવન વિકસિત થાય છે. આપણે આપણા મૃતક પરિજન માટે કશું જ ન કરીએ, તેમની કમાણીનો એકલા જ લાભ લઈએ તો આપણને કોઈ રોકી શકતું નથી, પરંતુ આપણા આત્માને આ સ્વાર્થીપણું સ્વીકાર્ય નહીં હોય. દિવંગત આત્મા શ્રદ્ધાને પાત્ર છે એવી જ રીતે જીવિત પરિજન વર્તુળ જે સમાજ રૂપે આપણી ચોતરફ છે તે પણ શ્રદ્ધાને પાત્ર છે. મૃતક આત્માને શરીરમાં લાવીને આપણે સેવા સહાયતા કરી શકતા નથી. તો તેના નિમિત્તે શ્રદ્ધાથી ફાળવેલ અંશદાન, શ્રમદાન સમાજદેવતાને શું કામ અર્પિત ન કરી દઈએ ?

દરેક મનુષ્ય જાણ્યે-અજાણ્યે સમાજદેવતાનો સેવક, પૂજારી છે. સમાજ માટે દરેકની સતત પૂજા ચાલતી રહેવી જોઈએ. દરેકના જીવનમાં મોહ, માયાવશ, સમાજદેવતાની પૂજા પૂરી થઈ શકતી નથી, ત્યારે તેમના વંશજો આ ઊણપને શ્રાદ્ધ દ્વારા પૂરી કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહેવાય છે કે પુત્ર દ્વારા પિંડ આપ્યા વિના પિતાને મુક્તિ મળતી નથી, એનો માત્ર એ જ અર્થ છે કે પિતાનાં પરમાર્થ સંબંધી કાર્યો પુત્ર અવશ્ય કરે, જેથી તેમની ઈચ્છા અધૂરી ન રહે, શાંતિ મેળવી શકે. કહેવાય છે કે મનુષ્ય ઉપર કેટલાય પ્રકારનાં ઋણ હોય છે. ભગવાને શરીર આપ્યું, દેવતત્ત્વોએ તેનું પાલનપોષણ કરવા માટે હવા, પાણી, પ્રકાશ વગેરેની વ્યવસ્થા કરી રાખી, ઋષિઓએ જ્ઞાન આપ્યું, જેને અપનાવીને મનુષ્ય સુખી થવાના માર્ગ પર છે તથા મુક્તિ મેળવી શકે છે. સમાજે અગણિત પ્રકારની સુવિધાઓ તથા સાધનો આપ્યાં છે. માતા, પિતા, ભાઈ, બહેન બધાના અગણિત ઉપકાર મનુષ્ય પર છે. આ બધા લોકોના ઉપકારનો બોજ મનુષ્ય પર લદાયેલો રહે છે. આ ઋણ જીવિત અવસ્થામાં જ પૂરેપૂરું ચૂકવી દેવાનો પ્રયત્ન કરવો જોઈએ. નહીં તો મૃત્યુ પછી વંશજોએ આ કામ પૂરું કરવું જોઈએ. કરજદારની મુક્તિ નથી, એ સંસાર અને ભગવાન બંનેનો નિયમ છે. આથી પુત્ર પિતાને આ જ આધારે મુક્તિ અપાવે છે કે તેમનું ઋણ ચૂકવવાના ભાગરૂપે સત્પ્રવૃત્તિઓના સંવર્ધનમાં પોતાની ક્ષમતાઓ, વૈભવોને નિયોજિત કરે છે. કર્મફળ અને પુનર્જન્મ બંને અવિચ્છિન્ન છે. મનુષ્ય જે કરે છે, તેનું ફળ અવશ્ય મેળવે છે, પછી તે વર્તમાન જન્મમાં મેળવે કે પછીના જન્મોમાં. આથી જેઓ સમજદારી અપનાવે છે, તેઓ જીવનને એવી રીતે જીવે છે કે એમાં આત્મકલ્યાણ, લોકકલ્યાણનો સમન્વય બની રહે. ત્યારે તેઓ મુક્ત અવસ્થામાં જ રહે છે. તેઓના નિમિત્તે કોઈ શ્રાદ્ધ કર્મ ન કરે તો પણ કોઈ વાંધો નથી. તેઓને શ્રાદ્ધ કર્મની અપેક્ષા રહેતી નથી, પરંતુ દરેક માટે એવું બની શકતું નથી કે તેઓ સાચેસાચો હિસાબ-કિતાબ લઈને ભગવાન પાસે પહોંચે. એવી સ્થિતિમાં તેની અધૂરપની ભરપાઈ, તેને જેમની પાસે શ્રાદ્ધકર્મની અપેક્ષા હોય તે વંશજ કરે છે. તેઓ ફળ તો ભોગવે છે, પરંતુ તેના નિમિત્તે થનાર સત્કર્મ કોઈ ને કોઈ રૂપમાં લાભ જરૂર અપાવે છે. પરિવાર વ્યવસ્થામાં પણ પૂર્વજો, વંશજો વચ્ચે શ્રદ્ધા, સદ્ભાવનાનું સઘન સૂત્ર છૂપાયેલું હોય છે જે કૃતજ્ઞતા, ઉપકારિતા તરફ પ્રેરિત કરતું રહે છે.

## જન્મદિવસ સંસ્કાર

તમામ સંસ્કારોમાંથી જે શિક્ષણ, પ્રેરણાઓ લેવી જોઈએ તે બધી એકલા જન્મદિવસ સંસ્કારમાંથી પણ લઈ શકાય છે. આપણે જીવનને શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠતર, શ્રેષ્ઠતરમાંથી શ્રેષ્ઠતમ તરફ વિકસિત કરવાનું હોય છે. આ ક્રમથી ઈચ્છનીય તમામ સારી બાબતોને, સદ્ગુણો, સત્સંસ્કારોને ચિંતન, ચરિત્ર તથા વ્યવહારમાં લાવવાં પડે છે તથા અનિચ્છનીય દુર્ગુણો, દોષો, ઊણપો, ભૂલોને છોડવી પડે છે, ત્યારે જ જીવન ઉચિત રૂપે વિકસિત થઈ શકે છે. વ્યક્તિત્વમાં દિવ્યતા પૂરતા પ્રમાણમાં બહાર આવે છે. આથી સાચો માનવ, દેવમાનવ રૂપે ઘડાય છે. તમામ સંસ્કારોનો આ જ એકમાત્ર ઉદ્દેશ્ય છે કે જીવનક્રમને ઉત્કૃષ્ટતાના બીબામાં ઢાળવામાં આવે. આથી પ્રત્યેક સંસ્કાર જે તે સમયે થવા જોઈએ. આ સાથે જ સંસ્કારોની વાતોને અમલમાં મૂકવા માટે જન્મદિવસને યોગ્ય માધ્યમ ગણી દરેક વર્ષે તે પણ વિશેષ રીતે મનાવવો જોઈએ. જન્મદિવસ સંસ્કાર ઊંડા આત્મચિંતનનો સંસ્કાર છે, જેમાં આત્મસમીક્ષાનું પોતાની મેળે અવલોકન નિરીક્ષણ કરવામાં આવે છે. ત્રુટિઓનું નિવારણ અને વિશેષતાઓમાં વધારો કરવા માટેનો સંકલ્પ-સૂત્ર અપનાવવામાં આવે છે.

જીવનને પ્રત્યક્ષ કલ્પવૃક્ષ કહેવામાં આવે છે. જીવનને પરિષ્કૃત કરીને, જેને માનવની વિશેષ ઉપલબ્ધિ કહી શકાય એ બધું જ મેળવી શકાય છે. જીવનને નિકૃષ્ટ રાખીને એવું નરક પણ ભોગવી શકાય છે, જે ઘોર દુઃખો, યાતનાઓ, પીડાઓથી ભરેલું હોય છે. પોતાની દુનિયા સ્વર્ગમયી બનાવવી કે નારકીય તે મનુષ્યના હાથની વાત છે. પોતાના ભાગ્યનો નિર્માતા હોવાના કારણે મનુષ્યએ દુઃખી, પીડિત, અશાંત રહેવામાં કોઈ લાચારી નથી. તે પોતે જ પોતાના સ્વરૂપ અને ગૌરવને ભૂલીને ભ્રમિત જીવન જીવવા માંડે, તો ભગવાન પણ શું કરી શકે? ભગવાને પોતાની પાસે જે કાંઈ વિશેષતાઓ હતી, તે બધી જ મનુષ્યને આપી છે. મનુષ્યનું કર્તવ્ય છે કે પોતાની પ્રસુપ્ત ક્ષમતાઓ જાગૃત કરે, ભાવ સંવેદનાઓને ઊર્ધ્વગામી બનાવે, ચિંતનમાં ઉત્કૃષ્ટતા લાવીને સમજદારીભર્યું શાનદાર જીવન જીવે. જીવવા માટેનો આદર્શ કહી શકાય એવો લાભ પ્રાપ્ત કરે.

જીવવું જોવામાં સરળ લાગે છે, પરંતુ છે ખૂબ સમજદારીનું કામ. સમજદારીથી જીવવાની કળા કેળવવી પડે છે, ત્યારે જ સાચું જીવી શકાય છે. નહીં તો દેહયાત્રા પૂરી કરવી, પેટ-પ્રજનનનું કાર્ય પૂરું કરી લેવું એ જીવન નથી. મનુષ્યની આંતરિક રચના હંમેશાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉત્કૃષ્ટતાની જ માંગણી કરે છે. ઉત્કૃષ્ટ ભાવના, ઉત્કૃષ્ટ ચિંતન, ઉત્કૃષ્ટ કર્મ વગેરેને કેન્દ્ર બનાવીને જીવન પોતાને દિવ્ય અનુભૂતિ મેળવવા માંગે છે, પરંતુ માનવ અજ્ઞાનવશ દુનિયાભરની વિકૃતિઓમાં ફસાયેલો રહીને કુરૂપતા ભરેલા અસ્વસ્થતાયુક્ત જીવનને જ ધારણ કરી રાખે છે. જીવનમાં, પરમાત્માના રાજકુમાર મનુષ્યના જીવનમાં હોવી જોઈએ એવી પ્રખરતા આવી શકતી નથી આથી દરેક માનવનું પરમ કર્તવ્ય છે કે તે પોતાના જીવનને સમજે, તેને ઉન્નત બનાવે, આગળ ધપવાની શ્રેષ્ઠ પ્રક્રિયા અપનાવે. જન્મદિવસ સંસ્કાર વારંવાર આ તથ્યને ઉપસાવે છે, જેને ભૂલીને આપણે ગમે તેવું જીવન જીવીને પોતાની જાત સાથે, ભગવાન સાથે અને સંસાર સાથે અન્યાય, અધર્મ કરતા રહીએ છીએ.

માનવે જીવવાનું છે, ગૌરવથી જીવવાનું છે. ગૌરવનો અર્થ મહાનતા સાથે છે. મહાનતાનું જીવન જીવવાનું છે. તેના માટે જરૂરી સમગ્ર જ્ઞાન, સમગ્ર યોગ્યતા, સમગ્ર પ્રતિભા, સમગ્ર પુરુષાર્થ ઉપયોગમાં લેવાનાં છે. ધર્મ, અધ્યાત્મ, સભ્યતા, સંસ્કૃતિ, દર્શનનો વ્યાપક વિસ્તાર, તેના જ્ઞાન અને ક્રિયા પક્ષ બધાનો આશય એટલો જ કે જીવનમાં નિકૃષ્ટતા ન રહે, ઉત્કૃષ્ટતાનું જીવન જીવવામાં આવે. મનુષ્યને મળેલ દિવ્ય વિવેક માત્ર એટલા માટે છે કે તે શ્રેષ્ઠ જીવન જીવી શકે. પૂજા, પાઠ, સાધના, ઉપાસના, જપ, તપ, યજ્ઞ, સંસ્કાર બધાનું એક જ લક્ષ્ય છે કે મનુષ્ય સાચું જીવન જીવે. ભગવાનની ઈચ્છાવાળું વિશિષ્ટ જીવન જીવે.

સારા-ખરાબની સામાન્ય રીતે બધાને જાણકારી હોય છે. ધર્મ-અધર્મના આશયને પણ બધા સામાન્ય રીતે સમજે જ છે. મોટાભાગના લોકો પોતાને આસ્તિક અને ધાર્મિક માનતા જ હોય છે. શ્રેષ્ઠતાનું જીવન બધાને લાભદાયક તો છે જ, પરંતુ વિશાળ જનસમુદાયમાં ગણ્યાગાઠ્યા લોકો જ એવા છે જેમને આ બધાંના પરિણામ સ્વરૂપ ઉત્કૃષ્ટ જીવન જીવવાનું આવડતું હોય. દરેકને ઉત્કૃષ્ટ જીવન જીવતાં આવડે, દરેકનું પોતાના પ્રત્યે તથા બીજાઓ પ્રત્યે આ પ્રકારનું જ શ્રેષ્ઠતમ કર્તવ્ય છે. આ કર્તવ્યની રૂપરેખા સમજવા, જાણવા, ધારણ કરવા, વ્યવહારમાં લાવવાનો આધાર ઉપસ્થિત કરે છે - જન્મદિવસ સંસ્કાર, જેને માનવીને બધા જ ભાવથી સુસંસ્કારી બનાવવાનો સંસ્કાર કહેવામાં આવેલ છે.

આદર્શ જીવનનો મહાસંગમ ઉપાસના, સાધના, આરાધનાની ત્રણેય ધારાઓના મિલનથી બને છે. જેમને આ ત્રણેયનું સાચું રૂપ અપનાવીને જીવતાં આવડે છે તેઓ બધા જ માટે ઉત્કૃષ્ટ જીવનની અવધારણાં કરી રહ્યાં છે એમ માનવું જોઈએ. મનન, ચિંતન, સ્વાધ્યાય, સત્સંગ વગેરે દ્વારા પ્રાપ્ત નવનીત (સાર)ને હૃદયપૂર્વક ગ્રહણ કરીને તે જીવન જીવવામાં નિયોજિત કરવું જ જોઈએ. શ્રેષ્ઠ જીવન માટેની બધી જ દિવ્યતાઓ, પ્રેરણાઓ દ્વારા માર્ગદર્શન આપીને તથા તેને પૂર્ણરૂપે આચરણમાં લાવવા માટે જ જન્મદિવસ સંસ્કારની વ્યવસ્થા છે, અને તેમાં જ જીવનની પૂર્ણ સફળતા છે.

## લગ્નદિવસ સંસ્કાર

જન્મદિવસ જેવો જ મહત્ત્વપૂર્ણ દિવસ લગ્નદિવસ છે. જન્મદિવસ તો એક વ્યક્તિનો મનાવવામાં આવે છે, પરંતુ લગ્નદિવસ એક દંપતી દ્વારા મનાવવામાં આવે છે. પતિ-પત્નીના રૂપે જેમણે ગૃહસ્થજીવનની મહાન જવાબદારી પોતાના માથે લીધી છે તેમને તે વિશિષ્ટ રૂપે નિભાવતાં આવડવું જ જોઈએ. એક વ્યક્તિ અણઘડ હોય છે, તેનો પણ પરિવાર અને સમાજવ્યવસ્થા પર ખરાબ પ્રભાવ પડે છે, પરંતુ એક દંપતી જો અપરિપક્વ વ્યક્તિત્વવાળું હોય, તો તેઓ વર્તમાનમાં પરિવાર અને સમાજમાં ન પૂરી શકાય તેવું નુકસાન કરે છે. તેમના દ્વારા પેદા થયેલાં સંતાનો ભવિષ્યમાં પરિવાર, સમાજ તથા પોતાના માટે નિંદનીય પરિસ્થિતિઓ પેદા કરે છે. યુગ નિર્માણ યોજનાની સામાન્ય વ્યાખ્યા કરનાર એક સંતે કહ્યું હતું કે યુગનિર્માણ અર્થાત્ યુગલ નિર્માણ - જોડાંનું નિર્માણ, પતિ-પત્નીનું નિર્માણ. જો પતિ-પત્ની બંનેનું નિર્માણ ઉત્કૃષ્ટ રૂપે થાય તો સમગ્ર પરિવાર અને સમાજનું શ્રેષ્ઠ નિર્માણ થઈ જશે.

પતિ-પત્ની પોતપોતાના વ્યક્તિત્વનું નિર્માણ અને વિકાસનો પ્રયત્ન પહેલેથી જ કરી રહ્યાં હોય છે, પરંતુ દામ્પત્યજીવનમાં આ કાર્ય વિશિષ્ટ રૂપ લઈ લે છે. પોતાના સુધી સીમિત આત્મભાવ સહયોગી દ્વારા થઈને બાળકો સુધી જઈ પહોંચે છે. પહેલાં વ્યક્તિ પોતાના સુધી કેન્દ્રિત હતી, હવે તે પોતાને સમગ્ર પરિવાર રૂપે અનુભવે છે. બધાનાં સુખ-શાંતિ માટે પૂરો પુરુષાર્થ કરે છે. લગ્ન પછી ગૃહસ્થજીવનની શરૂઆત થઈ જાય છે. એકલાની જિંદગી ભાગીદારીની બની જાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાગીદારી ઈમાનદારી વડે જ ટકે છે. જેવી રીતે ભાગીદાર દ્વારા જો કોઈપણ પ્રકારે અનુચિત નફો લેવાનો પ્રયત્ન કરવામાં આવે તો વેપાર વ્યવસાયની પ્રગતિ રોકાઈ જાય છે અને નાશ થવાની સ્થિતિમાં આવી જાય છે. એવી જ રીતે ગૃહસ્થજીવનના આદર્શ વ્યવસાયમાં પણ ખોટી નીતિઓ અપનાવીને ઘોર નુકસાન વેઠવું પડે છે. જીવનમાં ભાગીદાર અર્થાત્ સહયોગીનું ઓછું મૂલ્યાંકન કરવામાં આવે, તેને નોકર-નોકરાણી, દાસ-દાસી માનવામાં આવે, પોતાને માલિકના દંભમાં રાખવામાં આવે તો ગૃહસ્થજીવન અનેક રીતે ફક્ત કુંઠિત જ થતું નથી, પરંતુ લંગડા-લૂલા થવાની અને તૂટવાની કરુણ સ્થિતિ સુધી જઈ પહોંચે છે અને ન તૂટે તો ભયાનક સડો અને ગૂંગળામણથી ભરાઈ જાય છે. તેની આસપાસ જે કોઈપણ રહે છે, તે બધા જ વિવિધ પ્રકારનાં દુઃખ સહન કરતા, અણઘડ અવિકસિત બની રહેવા માટે મજબૂર થઈ પડે છે. લગ્નમાં પતિ-પત્ની હાથ મેળવે છે, જે સમાનતાનું દર્શન કરાવે છે. પાણિગ્રહણની ક્રિયા થાય છે, નહિ કે પગ સ્પર્શ કરવાની, પરંતુ પતિની માનસિકતા લગભગ એવી જ હોય છે કે પત્ની તેની ચરણરજ લઈને પોતાને પરમ સૌભાગ્યવતી માનતી રહે. દાંપત્યજીવનમાં પરસ્પર સમજદારી, સન્માન, સદ્ભાવ, સમર્પણ હોવાં જોઈએ. તેના વગર તો ગૃહસ્થજીવન ખીલી પણ નથી શકતું, પરંતુ અનાવશ્યક અહંકારની હાજરીથી ઘણું બધું ગુમાવવું પડે છે, મળતું કશું નથી. પતિ-પત્ની વચ્ચે આદર્શ સમન્વય અનિવાર્ય હોય છે. તેને જ જાગૃત કરવા માટે લગ્નદિવસ મનાવવામાં આવે છે. ગૃહસ્થજીવનની જવાબદારીઓને લગ્ન પહેલાં જ સમજી લેવી જોઈએ અને તેને નિભાવવા માટે લગ્ન દરમિયાન કરવામાં આવેલી પ્રતિજ્ઞાઓ વડે મનઃસ્થિતિ સુદૃઢ બનાવી લેવી જોઈએ. જો આ બાબતમાં ગમે તે કારણોસર અવરોધ નડતો હોય તો લગ્નદિવસ સંસ્કારના દિવસે સમીક્ષા કરીને ઔચિત્યને અપનાવવા તથા અનૌચિત્યને છોડવા માટે સચ્ચાઈભર્યું પગલું ઉપાડવું જોઈએ. લગ્નના માધ્યમથી નર-નારી એક નવા જીવનની શરૂઆત કરે છે. આ નવા જીવનમાં પરસ્પર સ્નેહ, સદ્ભાવ, સન્માન, સદાચાર, સહિષ્ણુતા, સેવા, સમર્પણની અનિવાર્ય જરૂરિયાત હોય છે અને તેને જ ગૃહસ્થજીવન, દાંપત્યજીવન કે લગ્નજીવન કહેવામાં આવે છે. નર-નારી બંનેમાં અપૂર્ણતાઓ હોય છે. લગ્નના માધ્યમથી બંને જ્યાં પ્રત્યક્ષ-પરોક્ષ, સ્થૂળ-સૂક્ષ્મ, આદાન-પ્રદાનો વડે એકબીજાનાં પૂરક બને છે ત્યાં એક અને એક મળીને ૧૧ની ઉક્તિ ચરિતાર્થ કરતા રહીને પરિવાર સમાજ માટે શ્રેષ્ઠ યોગદાન કરી શકવામાં સમર્થ બને છે. એકલાં એકલાં શ્રેષ્ઠતમ રીતે જીવન જીવવું અપવાદરૂપ જ હોય છે. બાકી સહયોગીની પરમ આવશ્યકતા નર-નારી બંનેયને પડે છે. આમ કરવાથી ફક્ત દૈનિક કાર્યોને આટોપવામાં, ઘર-ગૃહસ્થીની સુવ્યવસ્થા બનાવવામાં મદદ જ મળતી નથી, પરંતુ પ્રગતિનાં ઉચ્ચ સોપાનો સુધી પહોંચવા માટે આવશ્યક ભાવનાત્મક સહયોગ પણ પ્રાપ્ત થાય છે.

પતિ-પત્ની પોતાના ગુણ, કર્મ, સ્વભાવમાં સુધારો લાવતાં લાવતાં જ્યાં એક બાજુ આદર્શ પતિ-પત્ની બને છે તેવી જ રીતે બીજી બાજુ સમાજ અને રાષ્ટ્રના આદર્શ નાગરિક પણ સિદ્ધ થાય છે. તેઓ સુયોગ્ય, સુસંસ્કારી બાળકોને જન્મ આપીને તેમનું શ્રેષ્ઠ નિર્માણ કરવામાં પણ સફળ થાય છે, જેને કારણે આદર્શ માતા-પિતા તરીકેનું પણ સમ્માન મેળવે છે.

વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ બંનેય ગૃહસ્થજીવનમાં સારી રીતે સાધી શકાય છે અને આ જ વ્યક્તિ નિર્માણ પરિવાર નિર્માણનો ઉપક્રમ સમાજ નિર્માણનું એક અંગ બની જાય છે. લગ્ન એક પાવન સંસ્કાર છે. સંસ્કાર અર્થાત્ સુસંસ્કૃત વ્યવસ્થિત ઘડતર કરવા માટેનો આધ્યાત્મિક પ્રયત્ન. તેને આધ્યાત્મિક પ્રક્રિયા રૂપે જ જોવો જોઈએ. ઈંદ્રિયભોગ પણ આ જીવનનો એક અતિ નાનો સરખો ભાગ છે. આ નાના સરખા કારણ માત્રથી લગ્નજીવનને વાસનાપ્રધાન ન બનાવતાં સાધનાપ્રધાન બનાવવું જોઈએ. લગ્ન આધ્યાત્મિક સંસ્કાર છે, તે પાશવિક કે રાક્ષસી કુસંસ્કાર ન બને, જેમાં સહયોગીના રૂપમાં સ્વાસ્થ્ય, યૌવન, આનંદ વગેરેનો શોષણથી અંત આવતો હોય.

લગ્ન પવિત્ર જીવનની એક કડી છે. વ્યક્તિ યૌનાચારની બાબતમાં ઉચ્છૃંખલતા ન અપનાવે. પતિ-પત્ની વ્રતની મર્યાદાઓમાં સંયમિત જીવન જીવતાં જીવતાં કામક્રીડામાં નષ્ટ થનારી દિવ્ય પ્રાણઊર્જાને ઊર્ધ્વગામી બનાવીને ગૌરવશાળી જીવન જીવવાલાયક સામર્થ્ય અને સત્પાત્રતા મેળવે, એકબીજાના સ્વભાવને સમજે, બીજાઓની વિશેષતાઓને વિકસવા દે. ઊઠે-ઉઠાવે, વધે-વધારે એ જ સહયોગી જીવન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અર્થાત્ લગ્નજીવનનું લક્ષ્ય હોય છે.

લગ્નદિવસ મનાવતી વખતે પતિ-પત્ની નીચેના વિષયો પર ચિંતન મનન કરે કે અમે એકબીજાને કોઈપણ રીતે શોષણ, પીડા આપવાનું તો નથી કરતા. પતિ-પત્ની વ્રતની શાલીન મર્યાદાઓને હંમેશાં દરેક પ્રકારે અપનાવી રાખે છે કે નહીં.

- વાત વાતમાં બોલાચાલી તો નથી કરતાં ને ?

- કટુવચન, ગાળો, નિંદા વગેરેનો પ્રયોગ તો નથી કરતાં ?

- ભૂલોને સહિષ્ણુતાપૂર્વક સુધારવાને બદલે કર્કશ, કઠોર, અપમાનભર્યો વ્યવહાર તો કરવામાં આવતો નથી ને ?

- પોતાને મોટા અને બીજાઓને નાના સમજવાની મૂર્ખતાભરી માન્યતા તો નથી ધરાવતાં ને ?

- સાથીની કઠણાઈઓ ઓછી કરવાનો પ્રયત્ન કરીએ છીએ કે નહીં ? તેને શિક્ષણ, સદ્‌ગુણ, સંસ્કાર વગેરેના ક્ષેત્રમાં આગળ વધવાની કોશિશ કરીએ છીએ કે નહીં ?

- પ્રેમ, મધુરતાભર્યો વ્યવહાર થાય છે કે નહીં ?

- સહયોગીના કામકાજમાં મદદ કરીએ છીએ કે નહીં ?

- પોતાની ઈજ્જત કરતાં તેની ઈજ્જતને વધારે મહત્ત્વ આપીએ છીએ કે નહીં ?

- તેના શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિકાસ માટે પૂરતો પ્રયત્ન કરીએ છીએ કે નહીં?

- નશો-દુર્વ્યસન, માંસ, દારૂ, અશ્લીલ ફિલ્મો, ગંદું સાહિત્ય, ખરાબ સોબત વગેરેથી પૂરેપૂરા દૂર રહીએ છીએ કે નહીં ? આપણી કોઈપણ આદતને કારણે આપણા સ્વર્ગીય પારિવારિક જીવન પર ખોટો પ્રભાવ તો પડતો નથી ને ?

- સહયોગીને ન જણાવી શકાય તેવું કામ તો કરતા નથી ને ?

- બાળકોના લાલન-પાલન, દેખભાળ, શિક્ષણ-વિદ્યા વગેરે માટે સાથીની મદદમાં આપણે પણ પૂરું ધ્યાન આપીએ છીએ કે નહીં?

- સહયોગી પ્રત્યે પૂર્ણ સાચી આત્મીયતાભર્યો અસીમ પ્રેમ છે કે નહીં ?

ઉપર્યુક્ત તથ્યો પર વિચાર કરીને આપણા દાંપત્યજીવનને વધારે સુખી, સુવિકસિત બનાવવા માટે આવશ્યક પરિવર્તન અને સુધારા અપનાવવાં જોઈએ. લગ્નદિવસ સંસ્કારમાંથી આ જ દિશા, પ્રેરણા મળે છે. જન્મ થયો તે દિવસ પરમ સૌભાગ્યનો દિવસ હતો. તેના કરતાં પણ વધારે મહત્ત્વપૂર્ણ દિવસ ત્યારે આવ્યો જ્યારે આપણા જેવો જ એક અભિન્ન આત્મીય સહયોગી મળ્યો. વ્યક્તિગત ઉત્કૃષ્ટતામાં વધારો કરતા રહીને 'સહયોગીને આપણાં કરતાં પણ વધારે ઉપર ઉઠાવવાનો પ્રયત્ન કરવો, દાંપત્ય જીવનને ગૃહસ્થ જીવનને શ્રેષ્ઠ બનાવવું એ જ લગ્ન સંસ્કારનું લક્ષ્ય છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે વારંવારનો પ્રયત્ન, લગ્નદિવસની પ્રેરણાઓ વડે વધતો રહે છે. તેથી તેને મનાવવો જોઈએ.

લગ્નદિવસમાં ગ્રંથિબંધન (આત્મિક એકતા), પાણિગ્રહણ (હૃદય એકતા), વર-વધૂની પ્રતિજ્ઞાઓ (વિચાર એકતા), સપ્તપદી (કર્મ એકતા), આશ્વાસ્તના (ભાવ એકતા)ના કૃત્ય કરાવવામાં આવે છે. એનો આશય એ જ છે કે પતિ-પત્ની આત્મા, હૃદય, વિચાર, કર્મ અને ભાવ બધી રીતે એક થાય અને યોગ્ય પ્રગતિ કરે. જો આ પ્રકારની એકતામાં કોઈપણ પ્રકારનો અભાવ હોય તો તેને દૂર કરે.

એકીકરણ આ સંસ્કારનો સૌથી મહત્ત્વપૂર્ણ ક્રમ છે, જેમાં પતિ-પત્ની એક એક દીપક પ્રગટાવીને તેની જ્યોતિને બીજાની જ્યોતિ સાથે ભેળવી દે છે. બે દીપક હોવા છતાં જ્યોતિ એક બની જાય છે. બે શરીર હોવા છતાં એકાત્મભાવ પતિ-પત્ની વચ્ચે સઘનતાપૂર્વક હાજર રહે. તેઓ સફળ દંપતી, શ્રેષ્ઠ માતા-પિતા, ઉત્કૃષ્ટ નાગરિક બને. લગ્નદિવસની મંગળમય પ્રેરણાઓ આ જ તથ્ય લઈને રજૂ કરવામાં આવે છે. તેથી તેને આદર્શ ગૃહસ્થોએ સ્વીકારવી જ જોઈએ.

વાંચક બંધુઓને નિવેદન છે કે યુગ નિર્માણ યોજના, મથુરા દ્વારા આપના જન્મદિવસ તથા લગ્નદિવસ પર શુભકામનાઓ અને પ્રેરણાઓ મોકલવામાં આવે છે, તેથી આપ આપના જન્મદિવસ અને લગ્નદિવસની તિથિઓ-તારીખો યુગ નિર્માણ યોજના, મથુરા-૨૮૧૦૦૩ના સરનામે મોકલવાની કૃપા કરશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી) (જીવન નિર્માણ)

# ભગવાનની કૃપા કઈ શરતોએ મળે છે

(૧૩-૪-૧૯૭૯ના રોજ આપેલું ઉદ્બોધન)

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે,

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઇઓ ! કૃપા અને પ્રાર્થનાનો પરસ્પર સંબંધ તો છે અને આ ક્રમ ચાલતો પણ રહે છે. આપણે આને શાશ્વત સિદ્ધાંત તરીકે અનુભવી શકીએ છીએ. પ્રાર્થના, વિનંતી, ખુશામત, આજીજી આ બધું આપ કરો, એની આવશ્યકતા પણ છે. આ ક્રમ પણ આ દુનિયામાં ચાલે તો છે જ. હું એમ નથી કહેતો કે આ ક્રમ ચાલતો નથી, પરંતુ શું કૃપા મળે છે ? હા, કૃપા પણ મળે છે. ઘણા લોકો જીવિત છે, અપંગ અને આંધળા લોકો પણ આના પર જીવે છે, દુર્બળ પણ એના પર જીવે છે અને કૃપા પર જ સિદ્ધાંત પણ જીવિત છે. શું દુનિયામાંથી કૃપા ખતમ થઈ ગઈ ? ના બેટા ! હું ખતમ થવાની વાત કહેતો નથી, પરંતુ એ કહું છું કે સિદ્ધાંત અને એના આધારે કોઈ મોટી યોજના બનાવી શકાતી નથી કે એના આધારે કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી.

મિત્રો ! જો આપ એમ કહો કે કૃપાના આધારે દયા કરો, અમને મદદ કરો, અમને કંઈક આપો તો શું આ ચાલશે ? ચાલી તો શકે, પરંતુ માણસ પોતે સક્ષમ હોય તો એ શોભતું નથી. જેમ કે બાળક, બાળક શું કરે છે ? બાળક પોતે અસમર્થ હોય છે, કશું કમાઈ શકતું નથી. તેથી કશું કમાઈ શકવાની સ્થિતિમાં ન હોવાથી, અસમર્થ હોવાથી મા-બાપ તેને મદદ કરે છે. બાળકને ખાવાનું આપવું જોઈએ, કપડાં આપવાં જોઈએ, મદદ કરવી જોઈએ. બાળકની મનઃસ્થિતિ માગવાની હોય છે, કેમ કે તે વિકસિત નથી.

## બાળક જેવી મનઃસ્થિતિ

કેટલાય પ્રાણી અવિકસિત છે, ખાસ કરીને મનુષ્ય, તેની એક ઓળખ છે. શું ઓળખ છે ? તેની ઓળખાણ એ છે કે તે માગતો રહે છે. જે માગતો હોય તેને આપ શું કહેશો ? તે નાની ઉંમરનો હોય કે મોટી ઉંમરનો હોય તો પણ શું કહેશો ? તો હું તેને બાળક કહીશ. મોટી ઉંમરનું બાળક ? હા, મોટી ઉંમરનાં બાળકો પણ હોય છે. જેઓ પોતાના પુરુષાર્થ પર નિર્ભર નથી અને જેઓ બીજા પાસે માગીને પોતાનું કામ પાર પાડવા ઇચ્છે છે. મનઃસ્થિતિની દૃષ્ટિએ તે બધા લોકો બાળક છે. માગીને જ તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ ભૌતિક દૃષ્ટિએ અને ભાવનાત્મક દૃષ્ટિએ બાળક છે. બાળકોને મળે છે ? હા, બાળકોને મળે છે. જરા બતાવો કે બાળકોને શું મળે છે ? બાળકોને રબરની ઢીંગલી મળે છે અને બીજું શું મળે છે ? પીપરમીંટ મળે છે, ટૉફી મળે છે, રમકડું મળે છે. ના સાહેબ, મોટી વસ્તુ બતાવો. બેટા ! મોટી વસ્તુઓ મળતી નથી. મા-બાપ બાળકોને વહાલ કરે છે ? ખૂબ વહાલ કરે છે, પરંતુ કીમતી વસ્તુઓ ? કીમતી વસ્તુઓ નહિ મળી શકે. કેમ કે આપ બાળક છો.

મિત્રો ! બાળકોને ક્યારેય કીમતી વસ્તુઓ મળતી નથી. તેમના મનોરંજન માટે રમકડાં તથા તેમને મનાવવા માટે, તેમને ખુશ રાખવા માટે તેમને જે ચીજો આપી શકાય છે તે ટકાઉ હોતી નથી. તો શું મોટા માણસોને પણ મળે છે? હા, મોટા માણસોને પણ મળે છે. તેમને ક્યારે મળે છે ? મોટા માણસોને ત્યારે મળે છે જ્યારે તેઓ મુશ્કેલીમાં ફસાયેલા હોય છે. ઉદાહરણ તરીકે માની લો કે તેઓ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા હોય. દુકાળથી પિડાતા હોય, કોઈ બીજી મુસીબત આવી પડી હોય, રેલ અકસ્માત નડ્યો હોય. સાહેબ ! મુશ્કેલીમાં અમને મદદ કરો. અમે આપને મદદ જરૂર કરીશું, પરંતુ ક્યાં સુધી ? સવાલ એ છે કે મદદ ક્યાં સુધી કરીશું, હંમેશને માટે, આખી જિંદગી ? ના બેટા, જિંદગીભર મદદ ન કરી શકીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સારું તો ક્યાં સુધી કરશો ? આપ પોતાના પગ પર ઊભા થઈ ન જાવ ત્યાં સુધી મદદ કરીશું બસ. પછી ? પછી નહિ કરીએ. જો આપ કહેશો કે અમે મુસીબતમાં ફસાઈ ગયા છીએ અને સંપૂર્ણ જીવનભર આપ અમારી જવાબદારી લઈ લો, તો એ મુશ્કેલ છે. સાહેબ ! અમે પાકિસ્તાનથી આવ્યા છીએ, તો આપ અમારો નિર્વાહ કરો. અમે તો શરણાર્થી છીએ. ઠીક છે આપ શરણાર્થી છો તો અમે થોડા દિવસ માટે આપને મદદ કરીશું. માણસે માણસની સહાયતા કરવી જોઈએ, પરંતુ આપ એને સિદ્ધાંત બનાવી નહિ શકો. સિદ્ધાંત બનાવશો નહિ. સિદ્ધાંત બનાવી દેશો તો મુશ્કેલ થઈ જશે.

મિત્રો ! બાળક જ્યારે મોટું થઈ જાય છે ત્યારે મા-બાપનો મિજાજ બદલાતાં જોયું છે ? તેઓ કહેતા હોય છે, શરમ નથી આવતી, પચ્ચીસ વર્ષનો થઈ ગયો છે, મૂછો ફૂટી ગઈ છે, કમાણી કરવા લાયક થઈ ગયો છે. પચ્ચીસ વર્ષમાં બી.એ. પાસ કરાવી દીધો છે, એમ.એ. પાસ કરાવી દીધો છે. હમે કમાઈને લાવ. ના પિતાજી પેન્ટ સિવડાવી આપો, ના પિતાજી સિનેમા જોવા માટે પૈસા આપો. બધાંનાં મા-બાપ આપી દે છે, પરંતુ આપે જોયું નહીં ? આપતી વખતે તેમનો ચહેરો કેવો બદલાઈ જાય છે, મિજાજ કેવો બદલાઈ જાય છે. કેમ બદલાઈ જાય છે ? એ માટે કે તે પોતે કમાણી કરવા લાયક થઈ ગયો છે. એણે તો હવે અમને મદદ કરવી જોઈતી હતી, જ્યારે એ તો ઊલટું અમારી પાસે માગે છે. આ હું કોની સ્થિતિ કહી રહ્યો છું ? આ બાળકોની સ્થિતિ છે. એવા લોકોની સ્થિતિ કહી રહ્યો છું. જેઓ દયા અને વિનંતી ઉપર જીવિત રહેવા માગે છે.

## પ્રાર્થના પર નહિ, પાત્રતાના વિકાસ પર ટકીએ

મિત્રો ! વિનંતી કોને કહેવાય છે ? ખુશામતને કહેવાય છે. ખુશામત પણ એક સિદ્ધાંત છે. માગ્યા વિના કોઈને કેવી રીતે ખબર પડશે કે આપને શેની જરૂર છે ? શું આપ જરૂરિયાત વિશે કહેશો તો વસ્તુઓ મળી જશે ? હા, વસ્તુઓ તો મળી જશે, પરંતુ નુકસાન થઈ જશે. શું નુકસાન થઈ જશે ? જેવી એ વસ્તુ મળશે કે તેનાથી વધુ કીમતી વસ્તુ હાથમાંથી નીકળી જશે. શું નીકળી જશે ? આપનું સ્વાભિમાન જતું રહેશે. આપ કિંમત ચૂકવ્યા વિના કોઈની પાસેથી કોઈ વસ્તુ લો છો તો આપનું માથું નીચે ઝૂકી જાય છે. આપ નીચા થઈ જશો અને આપ બીજા નંબરની વ્યક્તિ થઈ જશો તથા આપને બીજાની સામે આંખો નીચી રાખવી પડશે. જો આપ કૃતજ્ઞ છો તો તુરંત પોતાની કૃતજ્ઞતા બતાવો. 'થેંક્યૂ વેરી મચ' કહો. આપને અમે પાણી પિવડાવ્યું, આપે અમને તે બતાવી દીધું, એ એહસાન છે.

માણસ બીજાની મદદ મેળવીને લાભ તો ઉઠાવી શકે છે, પરંતુ દબાઈ જાય છે. દબાઈ જવું? હા, દબાઈ જવું. મનુષ્યના આધ્યાત્મિક સ્તરનો પ્રશ્ન છે ત્યાં સુધી દબાવું એ માણસ માટે ખરાબ છે. માણસે બીજાના અહેસાન તળે દબાવું નહિ જોઈએ. બીજાની બીજી વસ્તુથી દબાવું જોઈએ જેમ કે આપ સ્નેહથી દબાઈ શકો છો. બીજાને સ્નેહ કરો છો. માતા આપને પ્રેમ કરે છે. માતા અમે આપના ખૂબ અહેસાનમંદ છીએ. પરંતુ આપ પૈસાથી અને ભોજનથી દબાશો નહિ. શું ભગવાને આપને ખાવાનું નથી આપ્યું ? આપ ઈજ્જતદાર છો, સ્વાભિમાની છો. આપને કોઈ કહે કે ખાઈ લો, આપના ઘરમાં આજકાલ ભોજન નહિ મળતું હોય તો પણ આપે કહેવું જોઈએ કે ના સાહેબ ! મુશ્કેલીની કોઈ વાત નથી. ભગવાનની કૃપા છે. ભોજન તો અત્યારે નહિ તો પછી મળી જ જશે, પછી આપને ત્યાં કેમ ખાઈશું? આપની બહુ કૃપા છે, આપે પૂછી લીધું એ જ મોટી વાત છે. ના, આપ ખાઈ જ લો. આપે ભોજન નહિ લેવું જોઈએ. હા, આપનો કોઈ નિકટનો મિત્ર હોય જે આપને ત્યાં ખાઈ લે છે અને આપ એને ત્યાં ખાઈ લો છો. હું એની વાત કહેતો નથી, પરંતુ એવા સામાન્ય નિયમની વાત કહું છું કે આપે બીજાની સહાયતા પર જીવવું ન જોઈએ.

કોની વાત કહી રહ્યા છીએ ? બેટા, હું લૌકિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનની વાત કહી રહ્યો છું. સિદ્ધાંત તો એ જ છે. આજે આપ આને લૌકિક જીવનમાં વ્યવસ્થિત કરી લો અથવા પારલૌકિક જીવનમાં વ્યવસ્થિત કરી લો. ના સાહેબ ! આધ્યાત્મિકતામાં તો માગવાનું જ છે. બેટા, માગવાનું નથી આધ્યાત્મિકતામાં, આપને કોણે કહ્યું છે ? ના સાહેબ, આધ્યાત્મિકતામાં તો બધી પ્રાર્થનાઓ જ પ્રાર્થનાઓ છે. પ્રાર્થનાનો મતલબ જેવો આપ સમજો છો તેવો નથી કે આપ માગશો અને મળી જશે. ''માગો અને મળી જશે''નો સિદ્ધાંત, કદાચ આધ્યાત્મિકતાની વ્યાખ્યા કરવામાં ઘણી મોટી ભૂલ થઈ ગઈ છે. આ જ કારણે આજે માણસ ઓછા સ્વાભિમાની અને સ્વાવલંબી થતા જાય છે. વર્તમાનમાં આધ્યાત્મિકતાએ કેટલો ફાયદો કર્યો છે તે હું જાણતો નથી, પરંતુ આત્મિક દષ્ટિએ આજની આધ્યાત્મિકતાએ મનુષ્યને નુકસાન કર્યું છે. કયું નુકસાન કર્યું છે ? માણસને પરાવલંબી બનાવી દીધો છે. પરાવલંબન એટલે બીજાના મોઢા સામે તાકી રહેનાર, બીજા પાસે અપેક્ષાઓ રાખનાર, બીજા પાસે આશાઓ રાખનાર. શા માટે ? પોતાના જીવનની નૈયા ચલાવવા માટે. આનાથી આપને બીજા પર આધારિત રહેવું પડે છે. આનાથી આપને શું મળ્યું ? શું મળ્યું તે હું જાણતો નથી; પરંતુ સૌથી મોટી વસ્તુ જે આપની 'શરમ' હતી તે આપે ગુમાવી દીધી.

આના અનુસંધાનમાં મને એક ઘટના યાદ આવી. કઈ ઘટના યાદ આવી ? એક વાર સંત ઈમર્સન પાસે એક માણસ આવ્યો. તે હૃષ્ટપુષ્ટ અને યુવાન હતો. માગવા લાગ્યો તો તેઓ કશું બોલી ન શક્યા, પરંતુ એમણે પોતાનું મોં ઢાંકી દીધું. બીજાઓએ કહ્યું કે આપને આપવું હોય તો આપી દો અને આપવું ન હોય તો મનાઈ કરી દો. કપડાંથી મોઢું ઢાંકીને આ શું કરો છો? એમણે કહ્યું, ''મને આપવામાં કોઈ વાંધો નથી, પરંતુ આ માણસે પોતાની ઈજ્જત ગુમાવી દીધી. હૃષ્ટપુષ્ટ હોવા છતાં, યુવાન હોવા છતાં, પોતાના હાથપગથી, પોતાના પુરુષાર્થથી પોતાનો નિર્વાહ કરવામાં સક્ષમ હોવા છતાં તે અહીં હાથ ફેલાવવા આવ્યો છે. એણે ઈન્સાનિયતને કલંકિત કરી દીધી. તેથી મેં મોં ઢાંકી દીધું.''

મિત્રો ! કોણ જાણે શા માટે, કેમ અને કેવી રીતે આજે આધ્યાત્મિકતાનું એવું સ્વરૂપ બનાવી દેવામાં આવ્યું છે કે એમની પાસે માગવું જોઈએ. કોની પાસે માગવું જોઈએ ? દેવતા પાસે માગવું જોઈએ. દેવતાએ આપવું જોઈએ. ''દાનાત્ વા સા દેવતા ।'' દેવતાઓએ મદદ કરવી જોઈએ. ના સાહેબ, દેવતા પાસે તો માગવું જોઈએ. સારું બેટા, બીજા કોની પાસે માગવું જોઈએ ? સંત પુરુષો પાસે માગવું જોઈએ, દિવ્ય પુરુષો પાસે માગવું જોઈએ, અમુક પાસે માગવું જોઈએ. ના બેટા ! સંત પુરુષોની સેવા કરવી જોઈએ. આપને ખબર હશે કે મંદિરમાં જવાનો એક નિયમ છે. આપ મંદિરમાં જાવ ત્યારે ફળ-ફૂલ લઈને જાવ. ના ગુરુજી ! અમે તો એમ જ દર્શન કરીશું. ના બેટા! આવી રીતે દર્શન કરશો નહીં, દેવતા નારાજ થઈ જશે. આ પ્રાચીનકાળની પરંપરા છે, આજની તો હું નથી કહી શકતો. આપ ક્યાંય અને કોઈ પણ દેવમંદિરે જાવ તો પત્ર-પુષ્પ લઈને જાવ કંઈ ને કંઈ લઈને જાવ અને ચઢાવો ત્યારે નમસ્કાર કરજો. આનો અર્થ શું છે ? આનો અર્થ એ છે કે આપ કંઈક આપીને આવો. આપ લઈને આવશો? બેટા, લઈને નહીં આપીને આવજો. આ પરંપરા આધ્યાત્મિકતાની પરંપરા છે.

## આપણને આપતાં આવડવું જોઈએ

આપણે જે દેવપરિવારમાં સામેલ થઈએ છીએ, તે દેવપરિવારમાં સામેલ થવાનો અર્થ એ છે કે આપણી અંદર દેવત્વનો વિકાસ થવો જોઈએ. દેવત્વનો વિકાસ કઈ રીતે થાય છે ? દેવત્વનો વિકાસ એ અર્થમાં થાય છે કે માણસ મનથી ઉદાર બની જાય છે. માણસ ઉદાર બનીને એ શીખે છે કે આપણને આપતા આવડવું જોઈએ. કોને આપવું જોઈએ ? બધાને આપવું જોઈએ, આપણા શરીરને આપવું જોઈએ કે જેથી તે ધન્ય બની જાય અને મગજને આપવું જોઈએ કે જેથી તે શાંત થઈ જાય. આપણું મગજ ઘણું અશાંત રહે છે, ખૂબ પરેશાન રહે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. મગજને કંઈક એવી વસ્તુ આપવી જોઈએ, જેથી તે શાંત રહી શકે, ખુશ રહી શકે. બીજું શું કરવું જોઈએ ? આપે આપના શરીરને આપવું જોઈએ. શરીરને શું આપવું જોઈએ ? શરીર બિચારું મુસીબતમાં ફસાયેલું છે, રોજ રોજ બીમાર પડી જાય છે, રોજ રોજ કમજોર થઈ જાય છે, એને કંઈક આપવું જોઈએ. આપ આ શરીરના દેવતા છો ને ? હા, દેવતા છો તો એને કંઈક આપો. ના સાહેબ, અમે શું કરી શકીએ ? આપ બધું જ કરી શકો છો. આપ મુશ્કેલીમાં ફસાયેલા આપના દેહને ચોક્કસપણે બીમારીઓથી મુક્તિ અપાવી શકો છો. છુટકારો અપાવી શકો છો.

બીમારીઓથી શરીરને બચાવવા માટે તેને કેવી રીતે મદદ કરી શકશો ? ચંદગીરામ પહેલવાનને ટી.બી.ની તકલીફ હતી. બાવીસ વર્ષની ઉંમરે તેમને એવી ટી.બી.ની બીમારી થઈ હતી કે ફેફસામાંથી લોહી આવવા લાગતું હતું. અને મરવાના દિવસો નજીક હતા. કોઈએ તેમને એવી સલાહ આપી કે દાક્તરી ઈલાજની સાથે આપ પોતાનો ઈલાજ પોતે કરો. પહેલો ઈલાજ શું છે ? પોતાની જીભ, ઈન્દ્રિયો અને ટેવો પર કન્ટ્રોલ કરો. તેમણે પોતાની ટેવો પર કન્ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. કસરત કરી અને બીમારીથી છુટકારો મેળવી લીધો.

સાથીઓ ! જીભ આકાશથી પાતાળ સુધી જાય છે અને આપની પિટાઈ કરે છે. આપની પિટાઈ કોણે કરાવી છે. બતાવો તો ? આપની પિટાઈ જીભે કરાવી છે. એ તો ઊંધુ-સીધું કહીને તરત મોઢામાં ઘૂસી જાય છે અને આપના માથે જૂતાં પડે છે. જ્યાં જાવ છો ત્યાં જ જૂતાં પડે છે. કોનાં કોનાં જૂતાં પડ્યાં ? પત્નીએ જૂતાં તો નથી માર્યાં, પરંતુ આપની સાથે એવો વ્યવહાર કર્યો જે જૂતાં કરતાં પણ વધારે હતો. જીભ પર આપનો કાબૂ નથી. મન ફાવે તેમ બકવાસ કરતા રહો છો. આપને પ્રેમ કરવાનું આવડતું નથી, માણસ સાથે કેવી રીતે વાત કરવી તેની આવડત નથી. માણસની ઈજ્જત જાળવી રાખીને તેની સહાનુભૂતિ કયા આધારે માગવી જોઈએ, તેની આપને ખબર નથી. વર્ચસ્વ જમાવો છો. આપને જૂતાં ખાવાં પડશે, હજી વધારે ખાવાં પડશે.

મિત્રો ! જીભે શું કર્યું ? જીભે આપની તંદુરસ્તી બગાડી નાખી. જેણે આપની સારી એવી તંદુરસ્તીનો સત્યાનાશ વાળ્યો તે કોણ છે? એનું નામ છે જીભ. હકીમ લુકમાન સાચું જ કહેતા હતા કે માણસ પોતાના મૃત્યુ માટે અને દફન થવા માટે જે કબર ખોદે છે તે પોતાની જીભના ટેરવાથી ખોદે છે. શું એ સાચું છે ? હા, એ તદ્દન સાચું છે કે માણસ પોતાની જીભથી પોતાની કબર ખોદે છે. આપે જે ખાધું છે, જરા તેનું લીસ્ટ બતાવો. શું ખાધું છે ? આપે ઝેર ખાધું છે અને એવી વસ્તુઓ ખાધી છે, જે આપે ખાવી ન જોઈએ. આપે જે રીતે વસ્તુઓ ખાધી છે, તે રીતે ખાવી જોઈતી નહોતી. આપે વસ્તુઓ ખાધી નથી, પરંતુ વસ્તુઓએ આપને ખાઈ લીધા છે. હવે આપ કઈ ફરિયાદ કરો છો ? આપે બદતમીજી અને બેહૂદી રીતે વસ્તુઓ ખાધી છે. હવે બેહૂદી રીતે ખાવાના કારણે આ બેહૂદી વસ્તુઓ આપનો સફાયો કરે છે. આ કોણ કરે છે ? જીભ આવું કરે છે.

મિત્રો ! હવે આપ શું કરશો ? આપ તંદુરસ્તીને મદદ કરી શકો છો. દેવપરિવારમાં આવીને, આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કર્યા બાદ આપના માટે અમે એક નીતિ નક્કી કરી દઈશું. કોના માટે ? જેઓ અમારી નજીક છે તેમના માટે કોને આપશો ? આપ શરીરને આપો. આપનું નિકટનું ઘર, આપનો સેવક, આપનો સ્વામીભક્ત કૂતરો છે - આપનું શરીર,જે ચોવીસે કલાક આપની સાથે રહે છે. આપને તેના પર દયા નથી આવતી, આપને કરુણા નથી આવતી? આપ એને આપી શકો છો. જો આપી શકો તો ચંદગીરામ પહેલવાનની જેમ આપ ટી.બી.ની બીમારીથી છુટકારો મેળવી શકો છો. હું આપને ખાતરી આપું છું કે આપ તંદુરસ્તી પ્રાપ્ત કરી શકો છો અને ઈન્દ્રિયો પર કાબૂ મેળવી શકો છો. અને ચંદગીરામ પહેલવાનની જેમ આપ પોતાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તંદુરસ્તી ફરીથી નિશ્ચિતપણે મેળવી શકો છો.

તંદુરસ્તી ડોક્ટર અને હકીમ આપી શકતા નથી

મિત્રો ! તંદુરસ્તી કોણ આપી શકે છે ? દેવતા? ના, દેવતા નહિ આપી શકે. હકીમ ? હકીમ પણ આપી નહિ શકે. કેમ સાહેબ ! હકીમજી પાસે તો ઘણી સારી સારી દવાઓ છે. બેટા, ફાલતૂ દવાઓ છે. એક દિવસ અમે હકીમજીને પૂછયું હતું કે કેમ સાહેબ ! આપની પાસે તો ઘણી સારી દવાઓ છે. કઈ-કઈ દવાઓ વેચો છો ? અમે તો ટૉનિક વેચીએ છીએ. વાહ, બીજું શું વેચો છો ? બધી બીમારીઓની દવા વેચીએ છીએ. સારું, તો આપ પહેલાં આપના પરિવારજનોને ખવડાવીને બતાવો. આપની પત્નીને શું તકલીફ થઈ રહી છે ? પત્નીને શ્વાસની બીમારી છે. કેમ સાહેબ ! એમને આપે પહેલવાનીની દવા ન આપી. તંદુરસ્તીની દવા શું હોય છે ? તંદુરસ્તી માટે પ્રોટીનૉલ, પ્રોટિનેક્સ, હૉર્લિક્સ અને વિટામિન બી કૉમ્પલેક્સ, વિટામિન બી-૧૨ વગેરે પચ્ચીસ જાતની દવાઓ છે. એ ખાઈને આપ પહેલવાન બની જશો. બાળકોને આપે આ દવાઓ નથી ખવડાવી ? અરે સાહેબ, બધાને ખવડાવીએ છીએ, પરંતુ અમે જાણીએ છીએ કે આ તદ્દન બેકાર વસ્તુઓ છે.

આપ તો કહેતા હતા કે એમાં તાકાત છે, એમાં એટલાં પ્રોટીન અને વિટામિન છે. એમાં એટલી બધી વસ્તુઓ છે તો પછી આપ બાળકોને કેમ ખવડાવતા નથી ? આપ ગરીબ તો નથી જ. ગરીબ તો નથી ગુરુજી ! એમાં કંઈક તો છે જ. આ તો પ્રોટીનયુક્ત પ્રોટિન્યૂલ છે. દૂધમાં મેળવીને ખવાય છે અને પ્રોટીન મળી જાય છે. આ શેકેલો સોયાબીનનો લોટ છે. વિટામિન બી કૉમ્પલેક્સ શું છે ? એ બીજું કાંઈ નથી પણ ઘઉંનું ભૂસું છે. ભૂસાને પાણીમાં પલાળીને જે મસાલો નીકળી આવે છે, એમાંથી જ બનાવાય છે. ઘઉંનું થૂલું જે ગાય માટે ફેંકી દઈએ છીએ અને ભેંસને આપીએ છીએ એ જ આ વસ્તુ છે. હા સાહેબ, એ જ છે. તો શું આ બધી ઠગાઈ છે? આ બધી દવા બનાવનારાઓની ઠગાઈ છે, જે લોકોને ખોટાં સપનાં બતાવીને આ વસ્તુઓ વેચતા રહે છે અને કહે છે કે અમે આપને તંદુરસ્ત બનાવી દઈશું. જો તંદુરસ્ત બનાવી દેત તો એક પણ દાક્તરની પત્ની કમજોર જોવા ન મળત.

સારું તો હકીમજી, આપ આપની પત્નીને અમારી સમક્ષ લઈ આવો. તો આ છે આપની ધર્મપત્ની. એમની તબિયત સારી હોવી જોઈતી હતી, પરંતુ એમની તો હાલત ખરાબ થઈ રહી છે. દવાઓ પણ ખવડાવો છો. શું દવા ખવડાવશો ? આ તો બહેકાવનારી વસ્તુઓ છે. હા બેટા ! આપનું કહેવું બરાબર છે. દવા બનાવનારાઓ તેમનો ગુજારો કરી રહ્યા છે, કેમિસ્ટો તેમનો ગુજારો કરી રહ્યા છે અને કમ્પાઉન્ડર તેમનો ગુજારો કરી રહ્યા છે. પરંતુ સારી તંદુરસ્તી પ્રાપ્ત કરવી હોય તો કોણ આપી શકે છે ? આપ આપી શકો છો, આપના સિવાય કોઈ આપી નહિ શકે. આપના સિવાય કોઈ બીમાર નથી અને આપના સિવાય દુનિયાભરમાં આપના માટે કોઈ હકીમ નથી. બીજા માટે તો હોઈ પણ શકો, પરંતુ આપના માટે તો આપ જ હકીમ છો. કેવી રીતે હોઈ શકીએ ? જો આપ નિશ્ચય કરી લો કે આપણે આ શરીરને આપવાનું છે. શું આપવાનું છે ? આ શરીરને ખ્યાતિ આપવાની છે, યશ આપવાનો છે, અજર-અમર બનાવવાનું છે. લોકોની નજરોમાં ઈજ્જતદાર બનવાનું છે. જેથી આપનો ફોટો જોઈને લોકો આંખો નમાવી લે. આ બધું આપ આપી શકો છો, પરંતુ ક્યારે ? જો આપ આપવાની આદત શીખી લો ત્યારે.

મિત્રો ! જો આપ આપવાની આદત પાડશો તો શું થશે ? ત્યારે આપ આપના મગજને એવી વસ્તુઓ આપી શકશો કે આપનું મગજ એમ કહેશે કે તેને આપે લાંબી જિંદગી જીવવાનો મોકો આપ્યો છે. કોને આપ્યો છે ? મગજને. મગજ શું છે ? બેટા, મગજ એ છે જે આપણી અંદરની અને બહારની જિંદગી પર સંપૂર્ણ કન્ટ્રોલ કરે છે. આપે મગજને ગરમ કરી નાંખ્યું છે. મગજ બેધડક બળતું રહે છે. કેવી રીતે બળે છે ? જેમ સ્મશાનમાં ભૂત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને પિશાચ બળતા રહે છે તેમ બળતું રહે છે. આ રીતે આપણું ઉમદા કોમ્પ્યુટર ચિંતાઓને કારણે, ફિકરના કારણે, દ્વેષના કારણે ઈર્ષ્યાના કારણે અને બીજાં કારણોથી બળતું રહે છે. કેમ સાહેબ ! શું આ વાત સાચી છે, જરૂરી છે? ના બેટા ! એ જરૂરી નથી કે આ બધાં કારણોથી આપનું મગજ બળતું રહે, એની જરાય જરૂર નથી.

કેમ સાહેબ ! આ પરિસ્થિતિઓમાં દરેક જણ બળશે ? ના, આ પરિસ્થિતિઓમાં પણ અમે આપને અસંખ્ય લોકો બતાવીશું, કે જેઓ આપના કરતાં પણ ખરાબ પરિસ્થિતિમાં હતા, છતાં પ્રસન્ન હતા, હસી શકતા હતા. કેવી રીતે ? તેઓ મગજને કન્ટ્રોલમાં રાખતા હતા. જે મશીનથી આખી જિંદગી દરેક કામ લેવાનું છે, તેને જ આપ અસંતુલિત કરી નાંખો છો. પછી બતાવો કેવી રીતે કામ ચલાવશો ? સમસ્યાઓ કેવી રીતે ઉકેલશો ? જે આપના કામની વસ્તુ મગજ હતી, તેને તો આપે ગરમ કરી નાખી, બાળી નાખી. આપ ઈચ્છો તો મગજ પર રહેમ કરી શકો છો. આપ ઈચ્છો તો તેને બળતું બચાવી શકો છો, જે ચોવીસે કલાક બળતું રહે છે. જો રહેમ હોય તો આપ પોતાના ઘરમાં બળતા પશુઓને બહાર કાઢી.શકો છો. જો આપ રહેમ નહિ કરો તો કહીશું કે મરવા દો. રહેમ હોય તો બીજા પર પણ દયા કરી શકો છો. જો આપની અંદર રહેમ હોય, તો પછી આપની અંદર એવી તાકાત છે, શક્તિ છે, જેથી ચોક્કસપણે આપ પોતાના મગજને રાહત આપી શકો છો. આ મૂલ્યવાન કોમ્પ્યુટર છે અને તે કરોડો રૂપિયાની કિંમતનું કોમ્પ્યૂટર છે.

### પોતાનું કોમ્પ્યુટર પોતે જ ઠીક કરો

મિત્રો ! આપે તેને ગરમ કરી નાખ્યું. મશીનને વધારે ગરમ કરવાથી તો દરેક વસ્તુ બળી જાય છે. પાણીની મોટર બળી જાય છે, ગાડીની મોટર બળી જાય છે. વધારે ગરમ કરી નાખશો, ટેમ્પરેચર વધારી દેશો તો તે બળી જશે. આપે પોતાના મગજને બાળી નાખ્યું અને બળતી મોટર જે રીતે ખડખડ કરતી ઘુમાડો કાઢે છે, તેવી જ રીતે આપનું મગજ પણ દરેક વખતે ઘુમાડો કાઢતું રહે છે. આપે ઈચ્છયું હોત તો આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરીને દેવત્વ ગ્રહણ કર્યું હોત અને પોતાના મગજ પર રહેમ કરી શક્યા હોત. આપની ઈચ્છા હોત તો પોતાના શરીર પર રહેમ કરી શક્યા હોત. તેનું ફળ જરૂર મળ્યું હોત. સેકંડોમાં જ મળ્યું હોત. ફળ ? હા બેટા ફળ, અધ્યાત્મ નગદ ધર્મ છે. આપ યોગ્ય રીતે તેનો ઉપયોગ તો કરો. આપ સાચી રીત જાણતાં જ નથી તો હું શું કરી શકું. આપે એક જ વસ્તુ શીખી રાખી છે, વિનંતી અને દયા. આની સામે નાક રગડશો, તેની સામે વિનવણીઓ કરશો, બધો ગોરખધંધો છે. આપને આવી જ આધ્યાત્મિકતા શીખવાડવામાં આવી છે ને, નાક રગડવું, વિનવણીઓ કરવી, વિનંતીઓ કરવી અને દયા પામવી.

મિત્રો ! આપનું ભગવત્ ભજન શું છે, આપની સંતોષી માની પૂજા શું છે, આપના હનુમાન ચાલીસા શું છે, બતાવો તો જરા ? અમે આ બધી વાતોનું પોસ્ટમાર્ટમ કરીએ છીએ, વિશ્લેષણ કરીએ છીએ તો આજનું અધ્યાત્મ-પુરાતન નહીં-સંપૂર્ણ રીતે આવી જ જંજાળમાં ફસાયેલું દેખાય છે. એમાં બે જ વસ્તુઓ જોવા મળે છે, એક વિનંતીઓ દેખાય છે અને વિનવણીઓ દેખાય છે તથા બીજી આ વિનંતીઓ અને વિનવણીઓના બદલામાં કૃપા પ્રાપ્ત કરવાની ઈચ્છા દેખાય છે. બેટા, આ ક્યાં સુધી સાચું છે તેની ખબર નથી, પરંતુ હું જાણું છું કે આ કોઈ રીતે શોભનીય નથી. આપ આ આધારે કોઈ મોટી વસ્તુ પ્રાપ્ત નહિ કરી શકો.

મોટી વસ્તુ કેવી રીતે પ્રાપ્ત કરી શકીશું ? એક શેઠજી હતા. એમના ત્યાં એક પચ્ચીસ-છવ્વીસ વરસનો એક છોકરો આવ્યો. એણે કહ્યું, કોઈ કામધંધો નથી અને આજે ભોજન પણ મળ્યું નથી, શેઠજી મને મદદ કરો. શેઠજીએ મુનીમજીને તેને મદદ કરવા માટે કહ્યું. મુનીમજીએ એક રૂપિયો આપ્યો અને કહ્યું કે લો ભાઈ બજારમાંથી લઈને ખાઈ લેજો. સાહેબ, એક રૂપિયામાં તો ભોજન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યાંથી મળે ? આપ તો જાણો જ છો કે આજકાલ ત્રણ રૂપિયામાં થાળી મળે છે. એક રૂપિયામાં પેટ નહિ ભરાય. સારું, મુનીમજી આને બે રૂપિયા આપી દો. આ લે બે રૂપિયા. ભગવાન આપનું ભલું કરે. શેઠજી ઘણા ઉદાર છે, મુનીમજી ઘણા ઉદાર છે એમ કહેતો તે જતો રહ્યો. શું લઈ ગયો ? બે રૂપિયા. કેટલીવાર કહ્યું, કેટલો દીન બન્યો, આભાર વ્યક્ત કર્યો ત્યારે શેઠજીની કૃપાથી અને મુનીમજીના કહેવાથી બે રૂપિયા લઈને ગયો અને પોતાનું પેટ ભરી લીધું.

મિત્રો ! થોડીવાર પછી બીજો એક છોકરો આવ્યો. તેની ઉંમર પણ પચ્ચીસ-છવ્વીસ વરસની હતી. તેનો ચહેરો પણ પહેલા છોકરાને મળતો હતો. જ્યારે તે આવ્યો તો મુનીમજી ઊઠીને ઊભા થઈ ગયા, શેઠજી પણ ઊઠીને ઊભા થઈ ગયા. શેઠજીએ કહ્યું, આવો બધું કુશળ છે ને ? ઘણા દિવસ બાદ આવવાનું થયું. આવો ભાઈ, બેસો. શેઠજીએ પોતાનું કામ બંધ કરી દીધું અને નોકરને કહ્યું, તું છાપું લઈ આવ, જલદી ચા લઈ આવ, પંખો લાવ, મીઠાઈ લાવ. બે-ત્રણ દિવસ સુધી એવી સરભરા કરી, એવી ઈજ્જત કરી કે શું કહીએ ? જ્યારે વિદાય થયો ત્યારે જાતજાતની ભેટો આપી, પેન્ટ-સૂટ આપ્યાં, ટિકિટ માટે સો રૂપિયા આપ્યા. ટિકિટ લાવીને આપી. ઘરથી સ્ટેશન સુધી ગાડીમાં પહોંચાડવા માટે ગયા.તે વારંવાર કહેતો રહ્યો કે આપ કેમ તકલીફ ઉઠાવો છો ? અમને આની શું જરૂર છે, રહેવા દો. ના સાહેબ ! આ બધું તો આપને લઈ જવું પડશે. એ જ શેઠ અને એ જ મુનીમ આગ્રહ કરી રહ્યા હતા, દબાણ કરી રહ્યા હતા કે લઈને જ જવું પડશે.

બેટા ! બન્ને છોકરા હતા, એક વિનણીઓ કરી રહ્યો હતો, ખુશામત કરી રહ્યો હતો ત્યારે બન્નેની મરજીથી બે રૂપિયા લઈને ગયો અને જતાં આશીર્વાદ આપીને ગયો હતો, પરંતુ બીજાને કેટલી બધી વસ્તુઓ મળી. સાહેબ, આ ફરક કેમ છે ? શેઠજી એ જ છે, છોકરા એ જ છે. બન્ને બહારના છે, પરંતુ બન્નેમાં ફરક હતો. ક્યો ફરક હતો ? જે છોકરો પાછળથી આવ્યો હતો તે શેઠજીનો જમાઈ હતો. જમાઈ શું હોય છે ? જમાઈ એને કહેવાય છે જેની સાથે દીકરી પરણાવી દેવામાં આવે છે. તો એને જ કેમ બધું આપ્યું ? એ માટે આપ્યું કે જેથી એ આપણી દીકરીને સહાયતા કરે. તેની કમાણી ઉપર આપણી દીકરીની જિંદગી આધારિત છે. એનાથી પ્રેમ મળે છે, તેની સંપત્તિનો ફાયદો દીકરી ઉઠાવશે. સારું, તો આપે દીકરીના પક્ષમાં એને મદદ કરી છે. આપ તદ્દન સાચું કહો છો. આ તો એક લોકાચાર છે, પરંતુ સાચી વાત એ છે કે સહાયતા પ્રાપ્ત કરવા માટે આપણે તેને આપ્યું છે.

આપ ભિખારી અને જમાઈની કઈ વાત કહી રહ્યા હતા ? હા બેટા, હું આપને એ માટે કહી રહ્યો છું કે આપ શરૂઆતથી જુઓ કે આપ જેમને વિનવણીઓ કરો છો, જેમની પાસેથી આપ કંઈક પ્રાપ્ત કરવા ઈચ્છો છો, તેમના દરવાજે આપ ભિખારી થઈને જાવ છો કે જમાઈ બનીને જાવ છો. જામાતા માટે જમાઈ શબ્દ ઘણો ખરાબ છે, પરંતુ આપ મને કહેવા દો. જ્યારે બીજો કોઈ સારો શબ્દ મળી જશે ત્યારે હું તેનો ઉપયોગ કરીશ, પરંતુ અત્યારે તો મારી પાસે બીજો કોઈ શબ્દ નથી. હા, તો આપ શું ચાહો છો ? મૂલ્યવાન વસ્તુઓ પામવા માટે, સારી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે, ઈજ્જત પ્રાપ્ત કરવા માટે આપે શું કરવું જોઈએ ? આપે જમાઈ બનવું જોઈએ. કોના જમાઈ બનવું જોઈએ ? સાંઈબાબાના અને આચાર્યજીના જમાઈ બનવું જોઈએ. ચલ બદમાશ, દરિદ્ર, ભિખારી, પહેલાં પોતાની હેસિયત ઊંચે ઉઠાવ. પોતાની યોગ્યતાને ઉચ્ચ બનાવ્યા વિના, ઉચ્ચ વસ્તુઓ-કીમતી વસ્તુઓ ક્યારેય મળી નથી કે મળવાની પણ નથી. (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# સ્વર્ણ જયંતી વર્ષમાં સાચા-ખોટાની ઓળખ

**( ગાયત્રી તપોભૂમિના સ્વર્ણ જયંતી વર્ષની પૂર્વ વેળામાં પૂજ્યવરના નિર્દેશોનું સ્મરણ )**

નવ નિર્માણનો રચનાત્મક ઢાંચો સંગઠન બળના આધારે જ ઉભો કરી શકાય છે. એકલો વ્યક્તિ ગમે તેટલો સક્ષમ કે ત્યાગી-તપસ્વી કેમ ન હોય, સંગઠન વિના જનમાનસને પરિવર્તિત કરવામાં સફળ થઈ ન શકે. રામ, કૃષ્ણ, બુધ્ધ, ગુરુગોવિંદસિંહ, ગાંધીજી. જેવા મહાન પુરુષ પણ સંગઠન વગર કામ ચલાવી શકયા ન હોતા. જે મહાન સંકલ્પ લઈને આપણે આગળ વધી રહ્યા છીએ, તેનું ભવિષ્ય કેવું હશે તેનું અનુમાન આપણે સંગઠનના આધારે લગાવી શકીએ છીએ. રચનાત્મક કાર્યક્રમોનો વિસ્તાર સામૂહિક પ્રયત્નો વગર સંભવી ન શકે. સંગઠન જ આ યુગની સર્વોચ્ચ શક્તિ છે. યુગ નિર્માણ માટે જે ક્ષમતા તથા સામર્થ્યની જરૂર છે, તે સંગઠન વગર બીજી કોઈ રીતે ન થઈ શકે. તેથી અમે પરિવારના પ્રત્યેક સદસ્યને સંગઠન બનાવવા અને તેને પરિપુષ્ટ કરવા તથા ગતિશીલ બનાવવા માટે નિરંતર જોર આપતા રહ્યા છીએ.

સજ્જનોનું સંગઠન યુગ નિર્માણ યોજનાનું લક્ષ્ય છે. તેથી સંગઠન પૂર્વે આપણે સજ્જનતાના લક્ષણો ભરેલ મનુષ્યોને શોધવા પડશે. વિચિત્ર સ્વભાવના અવાંછનીય ગુણ, કર્મ, સ્વભાવના વ્યક્તિઓના સંગઠનનું કંઈ મહત્ત્વ રહેતું નથી, પરંતુ વિકૃતિ જ ઉત્પન્ન કરે છે. માટે સંગઠન કાર્ય આરંભ કરતા પહેલાં આપણે એનું પૂરું ધ્યાન રાખવું પડશે કે સજ્જનતા પ્રધાન ગુણ, કર્મ, સ્વભાવના લોકો જ આપણા દેવ સમાજમાં ભળી શકે. આસુરી વૃત્તિવાળા લોકોને પહેલા સુધારવા જોઈએ અને જ્યાર તે કામના બની જાય ત્યારે તેને સંગઠનમાં ભેળવવા જોઈએ.

માન, પ્રતિષ્ઠા, યશ અને નામના મેળવવાની લાલસામાં સાર્વજનિક આંદોલનો અને કાર્યક્રમોને નષ્ટ કરવામાં સૌથી ઘાતક વિષનું કામ કરે છે. શરૂઆતમાં થોડી પ્રશંસાની લાલચમાં લોકો કંઈ કામ કરતા જોવા મળે છે પણ જ્યારે તેમને નશો નથી મળતો તો શાંત થઈ જાય છે. કેટલીકવાર તો દુર્ભાગ્યવશ તે મિશનને હાનિ પણ પહોંચાડે છે, જેમણે તેને આરંભમાં પ્રશંસા પ્રદાન કરી હતી આવા કટુ અનુભવના કારણે યુગ નિર્માણ આંદોલનને માન, બડાઈ, નામના તથા નેતાગીરી આ બધાથી મુક્ત રાખેલ છે. પ્રશંસાની લાલચથી કોઈ વ્યક્તિ એમાં આવી ન શકે. આદર્શ પ્રત્યે આસ્થા રાખી મૂક સેવકની જેમ લોકો આ ધર્મ પ્રવૃત્તિમાં ભાગ લે.

વિચારક્રાંતિનું મહાન કાર્ય હજી સુધી બિલ્કુલ અધૂરું છે. સામાજિક ક્રાંતિ થવાની બાકી છે. આ બે ક્રાંતિઓ જ્યાં સુધી પૂર્ણ ન થાય, ત્યાં સુધી રાજનૈતિક ક્રાંતિનો ઉદ્દેશ્ય પૂરો ના થઈ શકે. આપણે થોડા લોકો યુગ બદલવા માટે પૂરતા નથી. ધીરે-ધીરે સમસ્ત માનવ સમાજને સદ્ભાવના સંપન્ન તથા સન્માર્ગી બનાવવો પડશે અને એ ત્યારે સંભવી શકે જ્યારે યુગ નિર્માણની વિચારધારા જનમાનસના અંતઃકરણમાં પ્રવેશી શકે. તેથી પોતાની આસપાસના ક્ષેત્રમાં આ પ્રકાશને વ્યાપક બનાવી રાખવાનું કાર્ય તો પરિવારના પ્રત્યેક વ્યક્તિએ કરતા રહેવું પડશે. બીજો કોઈ કાર્યક્રમ ચાલે કે ન ચાલે પણ આ કાર્ય તો જરૂરી છે કે આ વિચારધારાથી વધુને વધુ લોકોને પ્રભાવિત કરવા માટે નિરંતર સમય, શ્રમ, તન અને મન લગાવતા રહેવું. જે એવું કરી શકે, જેમનામાં એવું કરવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થઈ ગઈ છે, તેમને અમે અમારા ઉત્તરાધિકારી કહી શકીએ છીએ, ધન નહીં લક્ષ્ય અમારા હાથમાં છે. તેને પૂરું કરવાની જવાબદારી જ અમારા ઉત્તરાધિકારમાં કોઈને મળી શકે છે. તેને લેનારા પણ કોઈ વિરલા જ હશે.

અમારું શરીર દિવસે-દિવસે અશક્ત થતું જાય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. આ દશામાં હવે તે સમય આવી પહોંચ્યો છે, કે અમારી જવાબદારી એવા હાથમાં સોંપવા માંગીએ છીએ જે સામર્થ્યવાન લાગે છે. અમે અમારી આંખોથી એ જોઈ સંતુષ્ટ તથા આશ્વાસન મેળવીએ કે જે મશાલ પ્રગટાવી હતી, તેને આગળ ચલાવવાનો ક્રમ બરોબર ચાલી રહ્યો છે. સ્વર્ણ જયંતી વર્ષ આ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં લગાવવાનો નિશ્ચય કર્યો છે. એને સત્તા હસ્તાંતરણ કાર્યક્રમ કહી શકાય. બીજા શબ્દોમાં એને ઉત્તરાધિકાર ઘોષણા પણ કહી શકાય.

અમારી પરંપરા પૂજા-ઉપાસનાની અવશ્ય છે પણ વ્યક્તિવાદની નથી. અધ્યાત્મને અમે સદા ઉદારતા, સેવા અને પરમાર્થની કસોટી પર કસેલ છે અને સ્વાર્થીને ખોટો અને પરમાર્થીને ખરો કહ્યો છે. યુગ નિર્માણ પરિવારમાં ખરા-ખોટા બંને પ્રકારના લોકો મોજૂદ છે. હવે એમાંથી ખરા લોકોને શોધવામાં આવી રહ્યા છીએ, જે અમારા હાથમાં રહેલી મશાલને પ્રજ્જ્વલિત રાખવામાં પોતાના હાથ લગાવી શકે. અમારા ખભા પર લદાયેલ બોજને હલકો કરવામાં પોતાનો ખભો લગાવી શકે. એવા જ લોકો અમારા પ્રતિનિધિ કે ઉત્તરાધિકારી હશે. આ કાર્યક્રમમાં જે આવશે તેનાથી અમે આશા લગાવીશું કે મિશનનો પ્રકાશ તથા પ્રવાહ આગળ વધારવામાં તેમનો શ્રમ તથા સ્નેહ અવિરત રૂપે મળતો રહેશે. અમારી આશાનું કેન્દ્ર તે લોકો જ હોઈ શકે અને તેમને જ અમારો સાચો સ્નેહ પણ મળશે. વાતોથી નહીં કામથી જ કોઈની નિષ્ઠા પારખી શકાય છે અને જો નિષ્ઠાવાન છે, તેમને બીજાના હૃદય જીતવામાં સફળતા મળે છે. અમારા માટે પણ અમારા નિષ્ઠાવાન પરિજન જ પ્રાણપ્રિય હોઈ શકે. યુગ નિર્માણ પરિવારના પ્રત્યેક સદસ્યને અમારા પ્રતિનિધિ અથવા ઉત્તરાધિકારી બનવા માટે ખુલ્લુ આમંત્રણ પ્રસ્તુત કર્યું છે. પ્રશ્ન સાહસનો છે. જેનામાં હિંમત હોય તે આ નિમંત્રણનો સ્વીકાર કરી શકશે. ભૌતિક પદાર્થ વહેંચવાના હોત તો અગણિત વાચક આવતા, પણ અહીંયા તો લેવાનો નહીં આપવાનો પ્રશ્ન છે. તેથી સ્વાભાવિક છે કોઈ વિરલા જ આગળ વધવાનું સાહસ કરશે. તો પણ એ નિશ્ચિત છે કે આ ધરતી કદીયે વીર વિહીન નહીં હોય. એમાં ઉચ્ચ આદર્શો અપનાવનારા ઊંચા સ્તરના મોટા દિલવાળા લોકો પણ રહેતા જ હોય છે અને તેમના પરિવારમાં અભાવ પણ નથી હોતો. થોડા પણ છે અવશ્ય. જે છે તેનાથી જ અમારૂં કામ ચાલી શકે છે. અમારા હાથમાં જે મશાલ સોંપવામાં આવી હતી. તેને અમે દસ હજાર હાથોમાં પણ પ્રજ્જ્વલિત જોઈ શકીએ તો સંતોષની વાત કહેવાશે.

મહામાનવોમાં એક વિશેષ ગુણ હોય છે અને તે છે પરમાર્થ. બીજાને દુ:ખી કે અધ:પતિત જોઈને કરૂણા વિચલિત થઈ જાય છે, જેને બીજાની પીડા પોતાની પીડાની જેમ કષ્ટદાયક લાગે છે, જેને બીજાના સુખમાં પોતાના સુખની આનંદ ભરી અનુભૂતિ થાય છે, લગભગ તે મહામાનવ, દેવતા, ઋષિ, સંત, બ્રાહ્મણ અથવા ઈશ્વર ભક્ત છે. નિષ્ઠુર વ્યક્તિ જેને પોતાના સ્વાર્થ સિવાય બીજી વાત સૂઝતી જ નથી, તે પોતાના સુખ-સુવિધાથી આગળની વાત વિચારતા જ નથી એવા અભાગા વ્યક્તિ નીચ કોટીના જીવ-જંતુઓની મનોવૃત્તિના હોવાના કારણે તાત્ત્વિક દ્દષ્ટિએ નર-પશુ જ ગણાશે. એવા નર-પશુ કેટલાય ભજન કરે, કેટલુંય બ્રહ્મચર્ય પાળે, તેનું કોઈ વિશેષ મહત્ત્વ રહેતું નથી. ભાવનાઓથી દરિદ્ર વ્યક્તિ ઈશ્વરના દરબારમાં એક કોઢી-કંગાળનું રૂપ બનાવીને જ પહોંચશે. તેને શું કોઈ માન મળશે ? ભક્તિના ભૂખ્યા, ભાવનાના લોભી, ભગવાન, ભક્તની ઉદાત્ત ભાવનાને જ પારખે છે અને તેનાથી જ રીઝે છે. અમારે આપણા પરિવારમાંથી એક એવા વ્યક્તિને શોધવાનો છે, જેણે અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ સમજી લીધું હોય અને જીવનની સાર્થકતા માટે ચૂકવાતા મૂલ્ય વિશે જેણે પોતાની અંદર આવશ્યક સાહસ એકત્રિત કરવાનું શરૂ કરી દીધું હોય. અમે અમારો ઉત્તરાધિકાર તેમને જ સોંપીશું. ધન-દોલતની દ્દષ્ટિએ કશું જ મળશે નહીં અમારા અંત:કરણમાં સળગતી આગની એક ચિનગારી જ તેમના હિસ્સામાં આવશે, પણ તે એટલી વધુ મૂલ્યવાન છે કે તેને મેળવીને કોઈ પણ વ્યક્તિ ધન્ય થઈ શકે છે. પરમાર્થને ઈશ્વરની વાસ્તવિક પૂજા સમજી થોડો સમય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમને નિયમિત રૂપે આ કાર્યોમાં લગાવતા રહેવું જોઈએ. બધો સમય પોતે અને પોતાનાં પરિવાર માટે ખર્ચ કરતા ન રહેવું જોઈએ. પરંતુ તેમાંથી થોડો નિયમિત રૂપે બચાવવો જોઈએ અને તેને જન-જાગરણ અને નવ નિર્માણના કાર્યોમાં લગાવવો જોઈએ. નિયમિત સમયદાન જ પ્રતિનિધિત્વનું મૂલ્ય છે. સ્થાનીય પરિજનોનું સંગઠન અને તે સંગઠન દ્વારા જન-જાગરણના આયોજનની વ્યવસ્થા ચલાવતા રહેવું પ્રતિનિધિઓનું કર્ત્તવ્ય છે. આટલું જો તે કરવા લાગે તો માનવું પડે કે જે જવાબદારી તેમને સોંપવામાં આવી હતી તેને તે ઈમાનદારીથી નિભાવવા લાગ્યા છે. થોડી પૂજા-ઉપાસના પણ તેમણે કરવી જ જોઈએ. ગાયત્રીમાં જેમની રૂચિ ન હોય તો બીજા કોઈ પણ ભગવાનનું સ્મરણ કરતા રહે અને તેમનાથી આત્મબળ પ્રદાન કરવાની પ્રાર્થના કરતા રહે.

યુગ પરિવર્તનના આપણા મહાન અભિયાનની સફળતા આ એક વાત પર નિર્ભર છે કે જન-સાધારણની વર્તમાન વિચારધારા બદલવામાં-ફેરવવામાં આપણે કેટલી હદે સફળ થઈએ છીએ. વિચારોમાં યોગ્ય પરિવર્તન થયા વગર પણ બહારી આડંબરથી સારા કાર્યોનું પ્રચલન શરૂ કરી શકાય છે, પણ તેનું પરિણામ ક્ષણિક તથા પ્રદર્શન જ હોય છે. શ્રમદાનથી સામૂહિક સુખ-સુવિધાઓની વૃધ્ધિનો પ્રયાસ જેમ-તેમ થતો જોઈ શકાય છે, પણ તે માત્ર પ્રદર્શન જ છે. યશ, પ્રશંસા કે દબાવથી લોકો થોડું કામ કરી બતાવે છે. ફોટો ખેંચાવાથી શ્રમદાન પણ પૂરું થઈ ગયું સમજી લે છે. આ રીતે અન્ય સત્કર્મ કયારેક કયારેક લોકો કરે જ છે, પણ તેની આડમાં પોતાના પાપ છૂપાવવા કે સસ્તી વાહવાહી લૂટી જનતાથી બીજા કોઈ લાભ લેવાની મનોવૃત્તિ કામ કરતી હોય છે. કેટલીયે સંસ્થાઓમાં કામ કરનારા ઘણા લોકો ઓછા શ્રમે વધુ પ્રતિષ્ઠા અને વધુ આજીવિકા કમાવવા માટે આવે છે. તેના માટે તે લાભદાયક પદોને પોતાના માટે સુરક્ષિત રાખવા માંગે છે. બીજા માટે જગ્યા ખાલી નથી કરતા. આના લીધે સંગઠન બનાવે છે અને સંસ્થાઓ નષ્ટ થતી જાય છે. ધર્મ અને પરમાર્થનું આવરણ ઓઢી અગણિત વ્યક્તિ પોતાનો સ્વાર્થ સીધો કરે છે અને ભોળી જનતાને લૂટતા-ખાતા રહે છે. એ લોકસેવા જેવું લાગે છે, પણ વાસ્તવિકતા જાણ્યા પછી પોલ સ્પષ્ટ થઈ જાય છે.

છૂટા છવાયા કર્મકાંડોથી જ આત્મતત્ત્વની પ્રાપ્તિ થઈ જાય તો કષ્ટસાધ્ય તપસ્વી જીવનમાં પ્રવેશ કરવાની જરૂર જ કયાં રહી ? આપણે પૂરા વિશ્વાસ સાથે માનવું જોઈએ કે કિંમતી ચીજો યોગ્ય મૂલ્ય ચૂકવવાથી જ મળે છે. સ્વાસ્થ્ય, શિક્ષા, યશ, ધન આદિ સાંસારિક વિભૂતિઓ અર્જિત કરવામાં લોકોને કેટલા પ્રયત્ન અને કેટલું સાહસ કરવું પડે છે, તો પછી માનવ જીવનની સર્વોપરિ સાર્થકતા વધ્યો ચઢ્યો લાભ મેળવવા માટે થોડી પણ મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે એવું કોઈ પણ રીતે શકય નથી. જે સસ્તા કર્મકાંડોના સહારે સ્વર્ગ, મુક્તિ તથા આત્મિક પ્રગતિની આશા લગાવે છે. ઈશ્વરની વિધિ વ્યવસ્થામાં દરેક કાર્ય વૈજ્ઞાનિક નિયમોના આધારે ચાલી રહ્યા છે. આત્મ કલ્યાણ પથના પથિક તૃષ્ણા અને વાસનાના કીચડમાં જ ફસાયેલ રહે. જીવન શોધન અને પરમાર્થની કષ્ટસાધ્ય પ્રક્રિયાથી દૂર રહે, એ ન તો કદી ભૂતકાળમાં બન્યું છે અને ન આગળ થશે. આપણે ભ્રમમાં પડેલ છીએ, પડયા રહ્યા છીએ, પણ સૃષ્ટિનો નિયમ ઈશ્વરનું વિધાન તો પોતાની જગ્યા પર કાયમ રહેશે. પ્રિયજનો માટે તેમની આત્મિક પ્રગતિ માટે આ રાજમાર્ગ પર ચાલવા સિવાય બીજો કોઈ માર્ગ નથી. ગાંધીજી જેમને પ્યાર કરતા હતા તેમને જેલ મોકલતા હતા, ભગવાન બુધ્ધ જેમને પ્યાર કરતા હતા તેમને દીક્ષા આપતા હતા. અમે પણ પરિજનોને અસુવિધાઓ જ આપી શકીએ છીએ. ઊંચા ઉઠવા માટે કોઈ સરળ માર્ગ જો અમારા હાથમાં હોત તો તેને બતાવતા પ્રસન્નતાનો અનુભવ કરતા, પણ સસ્તા મૂલ્યે ઊંચી સિધ્ધિઓ મેળવવા જ્યારે કોઈ વિધાન ઈશ્વરે રાખ્યું જ નથી ત્યારે અમારે વિવશતા જ વ્યક્ત કરવી પડે છે. કંઈ પણ ત્યાગ ન કરવાથી પણ આત્મલાભ પ્રાપ્ત થવાનું જૂઠું આશ્વાસન આપવું પણ અમારાથી શક્ય નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિચારક્રાંતિ માટે પરિજનોએ પોતાનો જ્ઞાનયજ્ઞ નિરંતર ચાલુ રાખવાનો છે. પરિજનોને એ પ્રેરણા આપતા રહ્યા છીએ કે બદલાતી જતી સંભાવનાઓને વિવેક દૃષ્ટિએ જુએ અને નિર્ણય કરે કે આ સમયમાં તેમનું વિશેષ કર્ત્તવ્ય છે કે નહીં. મૂઢની એક જ ઓળખ છે કે તે જે ઢાંચામાં ઢળાય તેમાં જ ફરતા રહે છે. તે ન પોતાની કોઈ ભૂલ સુધારે છે અને ન કોઈ શ્રેષ્ઠ સંભાવના માટે તૈયાર થાય છે. આવા સ્તરના લોકોને કંઈ કહેવું-સાંભળવું વ્યર્થ છે. તેમને તો પ્રકૃતિનો પરચો જ સાચા રસ્તે લાવે છે. સમજવું-સમજાવવું વિવેકશીલ લોકો માટે જ શકય છે.

અસંખ્ય સમસ્યાઓ અમારી સામે છે. તે પોતાનો ઉકેલ માંગે છે, જો તેને એવી પડી રહેવા દેવામાં આવે તો આગળના દિવસોમાં સર્વનાશી સંકટ માનવ સમાજ સામે ઊભુ થશે. આનાથી બચવા માટે આપણે પ્રત્યેક ક્ષેત્રમાં રચનાત્મક આયોજનને કાર્યશીલ કરવું પડશે. વાત ફરી-ફરીને પાછી ત્યાં જ આવે છે કે આ બધું કરશે કોણ ? દેશમાં ન તો પૈસાની કમી છે કે ન તો યોગ્યતાની, ન સાધનોની કે ન સુવિધાઓની માનવ નીચલા સ્તરના થઈ ગયા છે. આવા લોકો પોતે જ ધરતી માટે ભારરૂપ છે. જીવિત રહીને પોતે જ પરેશાન ન થતા બીજાને પણ અપાર કષ્ટ આપે છે. આવા સ્તરના લોકો દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિના પુનરુત્થાનમાં વિશ્વ ભાગ્યના નવ નિર્માણમાં શું યોગદાન આપી શકે.

આપણે અભિનવ વિચારોનું સૃજન કરીએ, પરિજન તેમને જનમાનસમાં પ્રવેશ કરાવવાનો પ્રયાસ કરે. ભણેલાને ભણવવામાં આવે વગર ભણેલાને સંભળાવવામાં આવે તો આ વિચાર ક્રાંતિ પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં એક ચિનગારી બની શકે છે અને જોત-જોતામાં પ્રચંડ જવાળાના રૂપમાં ફેરવાઈ જાય છે. અમે કેટલુંય પ્રેરક સાહિત્ય વિનિર્મિત કરીએ, પરિજનોના પ્રબળ પ્રયાસ વગર તે જનમાનસમાં વ્યાપક રૂપે પ્રવેશ ન કરી શકે. આ સમસ્યાને ઉકેલવા માટે પરિજનોનું જે પણ યોગદાન હશે, તે જ્ઞાનયજ્ઞનો મહાન પુણ્ય પરમાર્થ જ માનવામાં આવશે. આ યુગના આ મહાન કાર્ય માટે, જ્ઞાનયજ્ઞ માટે જો આપણો થોડો સમય, થોડા પૈસા ન લાગી શકે તો સમજવું જોઈએ કે આપણી અધ્યાત્મની વાતો અધૂરી જ છે. હવે આપણે બાળ કલ્પનાઓ જેવી આધ્યાત્મિક ઉડાણોને છોડી કર્મઠતાના ક્ષેત્રમાં ઉતરવું પડશે અને પોતાની કંજૂસી સંકોચશીલતા અને શંકાની પરિધિની બહાર નીકળીને તે કરવું પડશે, વીતેલા સમયમાં પણ જે દરેક પ્રબુધ્ધ અને વિવેકશીલને કરવું પડયું છે. આપણા પરિવારના પ્રબુધ્ધ પરિજન શું આટલો નાનો ત્યાગ તથા પુરુષાર્થ પણ નહીં કરી શકે ? જ્ઞાનયજ્ઞની પુણ્ય વેદી આપણને આ જ પૂછે છે. હવે યોગ્ય ઉત્તર આપવાનો વારો આવ્યો છે. અમારો અને તમારો સંબંધ આગળ શું હશે, એનો નિર્ણય એ આધાર પર આ સ્વર્ણ જયંતી વર્ષમાં થઈ જશે.

યુગની સૌથી મોટી જરૂર માનવતાની સૌથી મોટી સેવા પરમેશ્વરની સર્વોત્તમ ઉપાસના યુગ નિર્માણ યોજનામાં યોગદાન કરવા માટે પરિજનોનું જે અમે આહ્વાન કર્યું છે, તે નિરર્થક નહીં જાય. જેનામાં વાસ્તવિકતા હશે તે ટકી રહેશે અને અમારી સાથે સાથે ચાલતા રહેશે. આ સજીવતાને પારખવા માટે દરરોજનો એક કલાક અને એક રૂપિયો જ્ઞાનયજ્ઞ માટે લગાવવાની અપીલ કરીએ છીએ. અત્યાર સુધી આ બધું અનિયંત્રિત અને અવ્યવસ્થિત ચાલી રહ્યું હતું. હવે કર્મઠ પરિવાર માટે તે એક અનિવાર્ય શરત રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જેનામાં જીવન છે, તેમણે જાણવું જોઈએ કે આ સામાન્ય સમય નથી. એમાં પ્રબુધ્ધ આત્માઓએ સામાન્ય સ્તરનું જીવન નથી જીવવાનું, કંઈક વિશેષ કર્ત્તવ્ય અને જવાબદારી તેમના પર છે. કોઈની જો ઉપેક્ષા કરાઈ તો આત્મગ્લાનિની વેદના શારીરિક વેદનાથી વધુ ભારે પડશે. આપણા પરિવારમાં કોઈને આ વેદના સહન ન કરવી પડે એ જ ઉત્તમ છે. આપણે જાગ્રત સંસ્કારો અને વિશેષ લક્ષ્ય માટે મોકલેલ, અવતરિત થયેલ નવા યુગના અગ્રદૂત છીએ. આપણે પોતાનું સ્વરૂપ સમજવું જોઈએ અને સમયના સાથે તે કરવું જોઈએ, જે કરવું યોગ્ય જ નહીં જરૂરી પણ છે. ●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં ગ્રંથની સ્થાપના માટે અનેરો ઉત્સાહ..........

શોભાબેન દલાલ મુંબઈ, ગોરધનભાઈ પટેલ અમદાવાદ, ઈલાબેન પંચાલ સેટેલાઈટ અમદાવાદ, મુકેશભાઈ પંચાલ અમદાવાદ, બીનાબેન પંચાલ અમદાવાદ, હીરાબેન-દેસાઈભાઈ પટેલ અમદાવાદ, ગાયત્રી શક્તિપીઠ વણાકબોરી, મુકુંદભાઈ બ્રહ્મભટ્ટ અમદાવાદ, ગાયત્રી પરિવાર સોલા રોડ અમદાવાદ, કનુભાઈ ગોસ્વામી ચાંદખેડા અમદાવાદ, રમેશભાઈ સી. શર્મા નડીયાદ, ગાયત્રી પરિવાર મેમનગર અમદાવાદ, અંબાલાલ ફોગટલાલ પંચાલ વણાદરા, ડાહ્યાભાઈ મોતીભાઈ પંચાલ અમદાવાદ, ગાયત્રી શક્તિપીઠ વિજાપુર, બાબુભાઈ આઈ. પટેલ ઘાટલોડીયા અમદાવાદ, ભૂપેન્દ્રભાઈ શ્રીરામ ભરૂચ, ગાયત્રી શક્તિપીઠ મહેસાણા, બાબુભાઈ ડી. પટેલ ધોડાસર અમદાવાદ, ગાયત્રી જ્ઞાન મંદિર સચીન સુરત, ગાયત્રી પ્રજ્ઞા પરિવાર સંગઠન વલસાડ, ડૉ. જે. વી. જીવરાજાની જેતપુર રાજકોટ,

**બ્રહ્મભોજ**

**અમદાવાદ :** સેટેલાઈટ શાખા દ્વારા અત્યાર સુધી કુલ ૫૫૦ **"ઋષિ ચિંતનના સાનિધ્યમાં"** ચોપડીઓનું બ્રહ્મભોજ કરાવવામાં આવ્યું. ૧૦૦ ચોપડીઓ (યુ. કે) માટે જ્ઞાનપીઠ દ્વારા મોકલાવવામાં આવી. સેટેલાઈટ રોડ સાથે સંકળાયેલા શ્રીમતી સત્યભામાબેન વાસુદેવભાઈ ભટ્ટ, બીનાબેન જયેન્દ્રભાઈ આશરા, શ્રી દિનેશભાઈ દવે તથા શ્રી કંચનભાઈ પંચાલ તરફથી ઘેર-ઘેર આ ચોપડીઓનું બ્રહ્મભોજ સ્થાપન કરવામાં આવ્યું.

ગાયત્રી શક્તિપીઠ જામજોધપુર, વિઠ્ઠલભાઈ દત્તાણી જામખંભાલીયા, રાજુભાઈ આઈ. પટેલ સોલારોડ અમદાવાદ, યુગ નિર્માણ સાહિત્ય વિતરણ કેન્દ્ર માંજલપુર વડોદરા, ગાયત્રી જ્ઞાન મંદિર આણંદ, પ્રમોદભાઈ જે. રાવલ કારેલીબાગ વડોદરા, ભગીરથભાઈ એલ. ભટ્ટ હીલ ડ્રાઈવ ભાવનગર, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીધામ, યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર રાજપીપલા, ગાયત્રી શક્તિપીઠ કલોલ, ગાયત્રી પરિવાર શાખા બનાદાસફાર્મા ડિસ્ટ્રીબ્યુટર્સ અમરેલી, પરસોત્તમભાઈ દેવજીભાઈ પો-બોડી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ભાણવડ, ગાયત્રી શક્તિપીઠ મુક્તિનગર ભરૂચ, ચંચલબેન પટેલ ધાનેરા, દલપતભાઈ આચાર્ય ધાનેરા, ઉર્મિલાબેન વી. પટેલ આણંદ, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ બોરસદ, જગજીવન ગાંગજી ઠક્કર આડેસર, ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ સુરત, ગાયત્રી શક્તિપીઠ શામળાજી, બી. બી. રામ શીલાનગર વિશાખાપટ્ટનમ, ગાયત્રી પરિવાર શક્તિકુંજ નરોડા, ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર, ગાયત્રી પરિવાર શાખા ટાંડી જી. દાહોદ, અલકાબેન કેતનભાઈ ભટ્ટ નડિયાદ, બાબુભાઈ મગનભાઈ પટેલ કરલી જી. મહેસાણા, ગાયત્રી પરિવાર શાખા ઊંઝા, ગાયત્રી સ્વાધ્યાય કેન્દ્ર ઢસાજંકશન, રેખાબેન ગાંધી ચીખલી, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ.

-ક્રમશઃ

નોંધ-પાંચ કે તેથી વધુ ગ્રંથ એક સાથે મેળવનાર પ્રચારકોની યાદી આ ક્રમમાં પ્રકાશિત થાય છે.

**૨૦૦થી વધુ ગ્રંથ સ્થાપના**

સુભાષ ચતવાણી સેટેલાઈટ, અમદાવાદ
હરિશંકર પંડયા ભાવનગર
ગાયત્રી ચેતના કેન્દ્ર કતારગામ સુરત
ગાયત્રી પ્રજ્ઞાપીઠ રાંદેર સુરત
ગાયત્રી પરિવાર ક્રાંતિકુંજ, અમદાવાદ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અભિલાષા

હે માં, હૃદયનાં નિજ મંદિરે, ધ્યાનમાં દર્શન કરું,
ઊઠીને બ્રહ્મ મહૂર્તે, ગાયત્રીનાં જાપ કરું.........(૧)
અર્પુ પ્રેમ તણા પુષ્પો, ને સત્કર્મો ચરણે ધરું,
ક્ષમા માગું હું કુકર્મોની, ને સદ્મતિની આશા કરુ.....(૨)
રહીને મન, વચનથી નિર્મળ, કર્મે પણ નિષ્કામ રહું,
રાખી નવ સિધ્ધાંતો લક્ષમાં, દુઃખીઓની સેવા કરું......(૩)
પ્રગટાવી પ્રેમની અંતરે જ્યોતી, સદ્ભાવનાનો ધૂપ કરું,
રાખી કળી લાડુ પ્રસાદે, આરોગવા પ્રાર્થના કરું...........(૪)
ત્યજીને દુર્ગુણો સઘળાં, સત્કર્મોની ખેવનાં કરું,
ચઢે જીવનનાવ અવળે તો, ઉગારવા પ્રાર્થના કરું..........(૫)
અર્પ્યું માં તેં મુજને બધુ, લાયકાત કરતાં વધુ,
હવે શું માંગુ હું માંડી આપની કૃપા કરતાં વધુ ?.......(૬)
સ્મરણ તારું રહે હંમેશા, મન ઊરે એવી આશ છે,
જીવન નાવ તને સોંપી છે, સુકાન તારે હાથ છે...........(૭)
વિજય શત્રુ પર, પામવો સહેલો નથી,
હશે જો અમીદૃષ્ટિ આપની તો, કોઈ કામ મુશ્કેલ નથી.......(૮)
હે માં, અમે રહ્યા સૌ શિશુબાળ તમારા, હરજો સઘળા કષ્ટ અમારા,
રહેજો અમ પર અમીદૃષ્ટિ તમારી, તમે ગુરૂજી જન્મોજન્મ અમારા......(૯)
આપજો શક્તિ માંડી, જન્મોજન્મ ભક્તિ કરવાને,
રાખી યાદમાં ગુરૂ શીખને ભવ સાગર પાર કરવાને...........(૧૦)

–શ્રી મહેશ કુમાર આર. ભટ્ટ
વડોદરા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.